लवण—ખારૂં; ગરમ; તિક્ષ્ણ ને હલકું છે. વળી તેમાં પાચક, દિપ્ય ને રેચક, એ મુખ્ય ગુણો રહેલા છે. તે હાડકાંને પુષ્ટી આપનાર, કૃમી, દોષને મટાડનાર, ને જ્વર કુષ્ટ, અરૂચી, હેડકી, વગેરે રોગ નાબુદ કરનાર છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**લાદું**—ટાઢું ભારે; તુરૂં, મધુર, રૂક્ષ, નેત્રહીતક, ને પૌષ્ટિક છે. તે દસ્ત સાફ ઉતારી, પાંડું, ઝાડાની કબજીઆત. મળરોધ, નામર્દતા, કટી કળતર, પગના ચુસાવો, ને માથાના ભારેપણાને મટાડનાર છે.

## ॥ व ॥

**वछनाग**—વિષરૂપ, કડવો, હલકો, રૂક્ષ, વિર્યવર્ધક, ને પૌષ્ટિક છે. તે કુષ્ટ, દુષ્ટવર્ણ, અજીર્ણ, આર્શ, વિષદોષ, મસ્તકશુળ સાંધવા, દમ, વગેરે રોગને મટાડનાર છે,

## ॥ श ॥

શિલાજીત....( સોનું, રૂપું, ત્રાંબુ તથા લોઢાનો ગુંદર જેવો રસ ઝરે છે તેનું નામ શિલાજીત છે. ) ભારે, રસાયનિક, જરા કડવાસ વાળો, સ્નિગ્ધ તથા પૌષ્ટિક છે. તે મધુપ્રમેહ; પથરી; મુત્રકચ્છ, શ્વાસ, વાતાર્સ, વાઈ ઉન્માદ, ધાતુક્ષય, સોજા, ઉદર રોગ વગેરે મટાડી મૈથુન શકતીને સચોટ જાગૃત કરેછે.

## ॥ स ॥

सिंदूर....તિખો ઉષ્ણવિર્ય, ને પૌષ્ટિક છે, તે વિસ્ફોટિક, વ્રણ મુખપાક ચકરી, અજીર્ણ; રાહુદોષ વગેરે મટાડનાર છે;

सीसू—ભારે પૌષ્ટિક, તુરૂં ને મુત્રઘ્ન છે; તે કૃમીદોષ, ધાતુક્ષય મૈથુન શક્તાનું નાશ પામવું વગેરે રોગને મટાડનાર છે;

सुरोखार—તુરો, હલકો, દિપ્ય ને ડાયફોરેટીક ( ઇંદ્રિએ જુલાબ કરનાર ) છે; તે તનખ પ્રમેહ, તૃષા, વિસ્ફોટિક, ને બી-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જા મુત્ર માર્ગના રોગો મટાડનાર છે;

સોનું…રસાયનિક, સ્નિગ્ધ કોમળ, ભારે ટાઢું; વિર્યવર્ધક, મધૂર, કડવું. તથા પૌષ્ટિક છે; તે આયુષ, મૈથુન શક્તી, સ્મરણ શક્તી ને કાંન્તીને વધારી પુનઃતેજસ્વી કરનાર છે; તથા ક્ષય ઉન્માદ, વગેરે રોગ મટાડેછે;

સોમલ—વિષરૂપ, કડવો ભારે, રસાયનીક, ને પૌષ્ટિક છે; તે વાતરક્ત; કરોળીઆ, માંકડી, કુષ્ટ; તંતુઓનો દુઃખાવો, ફેફરે જ્વર, ને વિર્યસ્ત્રાવ ને મટાડનાર છે,

## ॥ હ ॥

હરતાળ—રસાયનિક; પોષ્ટિક અને ભારે છે તે ઝેર; વાયુ; પ્રમેહ; પત; લોહિનો બિગાડો, પિત્ત' કંદ્રપની કમતાકાતી; આયુષનું અલ્પ સુખ, જળોદર વગેરે રોગને મટાડનાર છે,

હિંગળોક—ઉશ્ણવિર્ય, પાચક, ભેદક ને તિવ્રછે, તે નેત્રરોગ કમળો, જ્વર વગેરે દોષને મટાડનાર છે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# परिशिष्ट

पानां—શિતળ, મધુર સારક, ને પૌષ્ટિક, છે. તેઆમ્લપિત્ત વમન શ્વાસ, અગ્નિમાંદ્ય, હર્ષજ્વર; આર્શ, સોજા વગેરે રોગને મટાડનાર છે.

पुखराज—સ્નિગ્ધ, નિર્મળ, પૌષ્ટિક, લઘુ, દિપન ને પાચક છે. તે વમન, કુષ્ટ, દાહ, વાયુ, આર્શ વગેરે દરદોને મટાડનાર છે.

माणेक—મધુર, રસાયનિક, સ્નિગ્ધ, તેજસ્વી, રમણ્ય ને પૌષ્ટિક. છે. તે પુખરાજમાં બતાવેલા રોગને મટાડેછે.

मोती—ટાઢું, પૌષ્ટિક, રસાયનિક, મધુર, ને સુંદર છે. તે નેત્રરોગ, પિત્ત કાસ. શ્વાસ; જઠરાગ્નિની મંદતા, ધાતુની કંતાકાત ને આર્શ રોગને મટાડનાર છે.

लसणिओ—ઉષ્ણ વિર્ય સ્વચ્છ, પૌષ્ટિક, મધૂર, રસાયનિક, ને ટાઢો છે. તે વાયુ ગુલ્મ, કફ. વગેરે રોગને મટાડનાર છે.

हीरो— રસાયનિક, દેદિપ્ય, પૌષ્ટિક, તેજસ્વી, આયુષ વર્ધક મનહર, વિર્યવર્ધક, ને ઉષ્ણવિર્ય છે. તે સંઢદોષ, શોષ, ક્ષય, પાંડું, સોજા, ઉદરરોગ, ભગંદર, વગેરે દરદને જડામુળથી નાશ કરનાર છે.

## મોટા નાના વૈદ વિચાર પ્રથક્કરણ.

(દોહરો.)

મોટા નાના વૈદના, ધરે લોક જે વ્હેમ;
તે વીષે વીચારતાં, મને ભાસતું એમ 1
કે નાના વૈદો જથા, મંદ બુદ્ધિ ના હોય,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને વૈદ્દો જે વૃદ્ધ તે; દિર્ઘ બુદ્ધિથી જોય. ૨
પણ એ વીષે સાર એ, દિર્ઘ જ્ઞાનિ જે બાળ,
વૃદ્ધ વૈદથી તે ભલો, જ્ઞાન તુરંગ વિશાળ. ૩
મતીમંત, કાં બાળને, વૃદ્ધ વેદ જે હોય,
કહે ભઈશંકર ત્યાં થકી, દવા ખાવ માં કોય. ૪

## દવા દેવા વિષે વિચ્ચાર નિર્ણય.

( દોહરો. )

શ્રદ્ધા વિણ દીધી દવા, ફળી ભૂતના થાય,
મ્હેનત પૈસો વખ્ત સૌ ફોગટ ફક્ત પલાય. ૧
શ્રદ્ધા વિણ' શ્રી કૃષણજી' ધરે ન તેપર હાથ
માટે શ્રધ્ધા સેવજો; રિઝે જગ્તનો નાથ ૨
પુર્ણ ભરૂંસે જે દવા' અપાય કે લેવાય
શ્રધ્ધા વિણથી સત ગણો' સ્પષ્ટ ફાયદો થાય ૩
અયોગ્ય પરહેજી કદી' નહીં રોગિને આપ
પળાવવા પ્રેમી બનો' ખાઇ ભૂલથી થાપ ૪
સુજ્ઞ વૈદ સૌ ચેતજો' તજો કુઢંગી રીત
સ્થિર ચિતે પ્રવૃત્તજો' ધરી અંગમાં પ્રીત ૫
કલેશી' ક્રોધી માં થશો, ભિષગ્વર સુખ શાળ
ભઈશંકર નિરણય સદા, ધરજો -હદય વિશાળ

# वैद शिक्षा श्रुती

( ગરબી )

દુત આવે ત્યાંથિ વૈદે' પરઠવી પાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરિ રીતે પ્રેમે પેખી' સમજવો સાર
સમજવો સાર, પછી થવું રે તૈયાર—વૈદ કરોરે વિચાર
રૂતુ જ્ઞાન' સુભા સુભ શુકન ઉદ્દેશ
લખ્યું શાસ્ત્ર મહિ જેહ' જુઠું નહિ લેશ
જુઠું નહિ લેશ' એમ ગણી મંન બેશ—વૈદ૦
સ્પર્શ,'ત્રણ,'પરિક્ષાથી; કળો પછી દુઃખ
નાડિ નેહે નિરખતાં' કરો તેને સુખ
કરો તેને સુખ, જેમ ભાગે ભવ ભૂખ—વૈદ૦
પછી ગુટી' ચુર્ણ કવાથ, જેને જેમ જોય
પુરાતનિ રૂષીઓની. રચેલી જે સોઇ
રચેલી જે સોઇ, કહો જેવી વિધી હોય—વૈદ૦
દવા જેહ દેવી તેહ' પુર્ણ શ્રધ્ધા પૂર
અનઘડી નહિ દેવી' થવું નહી ક્રુર
થવું નહિં ક્રુર, રહેવું પાપીયોથી દૂર—વૈદ૦
રોગીઓના મન તણું; કરે સમાધાન
પુરાં શાસ્ત્ર પઢયો તેહ, પુરૂ તેનું જ્ઞાન
પુરૂ તેનું જ્ઞાન, પાંમે જ્યાં ત્યાં સન્માન—વૈદ૦
ફોગટનો ફેરો નહીં' ખાવો કોને ઘેર
દવા મુલ પહેલું લિજે; પછી બીજી પેર
પછી બીજી પેર' પૂઠયે માગ્યે થશે વેર—વૈદ૦
વૈદ વેશ્યા વાળંદ એ, પ્હેલું લેતો ઠીક
પછી પ્રભૂ પાસે માગે; મટે જો તે શીક
મટે જો તે શીક પછી ધરે શેની બીક—વૈદ૦
નિદાનાદિ પાઠ ભણી. નિત્ય ધરો નેહ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોધો સુખકારી દવા, સુધરવા દેહ
સુધરવા દેહ, કવિ ભઈલાલ કેહ—વૈદ૦

## * વ્યભિચાર નિષેધ.

( દોહરો )

ક્રોધ લોભ મદ અલ્પ છે, તુચ્છ મોહ હુંકાર
પણ સૌથી તેમાં ભૂંડો, વ્યભીચાર કરનાર ૧
પરનારી પાળી સમી, પ્રીતિ કરો માં કોઈ
પ્હેલાં લાગે સોહ્યલું; અંતે રે'શો રોઈ ૨
પરનારી પ્રીતિ કર્યે, જાય માન સન્માન
વીષ રૂપ, વ્યભિચાર તે; કો દિન લેવે જાંન ૩
પરનારીની પ્રીત્ય તે; ડગલે ડગલે પાપ
ઘોર નર્કમાં તે ધરે, બુદ્ધિ વિચારો આપ ૪
જાર કર્મ, ઝાકળ સમું; પાપ પુર્ણ અંકોર
વ્યભીચારિ આ વિશ્વમાં; વેઠે દુઃખ અઘોર ૫
પરનારી પ્રીતી થકો, જાય જગ્તમાં ભાર
અકાળ મૃત્યૂ ઉપજે, છટ છટ એ વ્યહવાર ૬
પરનારીની પ્રીત્યમાં; રહેલ આઠે જામ
કૂળ કલંકીત તે કરે; કરે આપ બદનામ ૭
નાક પતિષ્ઠા તે હરે, હરે હામને વિત્ત
વીષ પાનથી દોહિલી; પરનારીની પ્રીત્ય ૮
જાર કર્મ કરનારનું; શ્યામ મૂખ જગમાંહ્ય

* હાલમાં ઘણોજ વ્યભિચાર વધીપડેલો છે તેથી તેવા લોકોને બોધમળે હેતૂથી આ વિષય લખેલછે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્વાન સમૂ સુખ તેહને; ચેન પડે ના કયાંચ ૯
જાર કર્મ કરનાર જો, પેટ ભરી પસ્તાય
પણ તેની પુર્વે પડી, જાર છાપ ના જાય ૧૦
તિવ્ર રૂપ તે વેદના; જાર ઝેરની ઝાળ
નહીં સ્વાદ તેમાં કશો; અંત સમે વિકાળ ૧૧
પરનારી વશ પ્રાણિઆ; કિહાં રંકકે રાય
વ્યભીચારિ આ વિશ્વમાં; તર્ણા તુલ્ય ગણાય ૧૨
પ્રથમ ચિત્ત ચેતે નહીં, થાય પછીથી શોક
ગર્થ ગુમાવે ગાંડનો, વ્યભિચારી કે'* લોક ૧૩
મલીન બુધ્ધી ઉપજે, કોપ કરે કિરતાર
સદગુણ તેના ધુળ મળે; જો મંનમાં વ્યભિચાર ૧૪
સ્ત્રી રોખે ક્ષય અંગમાં નહીં સુખવત સાર
ક્રૂર કર્મ વીરા તજો, દુઃખકર તે વ્યભિચાર ૧૫
ચોરિ લંડતા સમ ગણો, લ્હાવા કમ દુઃખ ત્હોણ
પરનારી પ્રીતી સદા, દારૂણ દુખ પ્રમાણ ૧૬
પર સ્ત્રી કાળી નાગણી, હાડ માંસને ખાય
પરનારીના પરભવ્યા; ઘોર નર્કમાં જાય ૧૭
દિવે દર્પે શાણા તદા, વ્યભિચાર ચિત ચાહ્ય
તો બુદ્ધિમદ પંણ્ડિતો; મુખા તુલ્ય ગણાય ૧૮
જાર કર્મ કરનારને, સુખ્ખ નહીં લવલેશ
બળ તન મનને ધન હરે, વ્યભિચાર નો વેશ ૧૯
માટે એ કૂરીતથી. રહો પંણ્ડિતો દૂર
ઝાંપ કદામાં ઝાંખવો ભઇશંકર યશ પૂર ૨૦

* રંડીબાજ છે એમ લોકો કહે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# * મદીરા નિશેધ.

( માલિની છંદ )

ધન તન સુખ તારૂં; તેહથી ત્રાસ પામે
યશ કુળ મરિઆદા, કુસ્થળે જૈ વિરામેં
મધુર રશ ભરીઉ, સત્ય તે તોય વારી
મત પિ જન મદીરા, દુઃખકારી નિહાળી ૧
વિષ રૂપ મધુ જાતે, માનવી માં પિશોએ
નહિ મહિ જગદીશે, સ્વાદ ધર્યો કશોએ
તજ તું જગ મહીંએ. શત્રુ રૂપે વિચારી
મત પિ જન મદીરા, દુઃખકારી નિહાળી ૨
મદ કર મદિરા એ, મૂખનું તેજ =ત્રાડી
મથિ મર કુળ મેળે, પુણે ફુલેલ વાડી
લખિ વિધિ સહુ પાઠે, આગના શું વિસારી
મત પિ જન મદીરા, દુઃખકારી નિહાળી ૩
નહિ ગુણ રસ એમાં, ચિત્તને ફેરવે છે.
કદિ નકિ વણ ગુન્હે; જોખમે તે ધરે છે.
મરચુજ લહુ તેથી, પેટમાં ધારિ પાળી
મત પિ જન મદીરા, દુઃખકારી નિહાળી ૪

( દોહરો )

મદિરા કાળી નાગણી. કરો કોઇમાં પ્રીત્ય
ભઇશંકર જો પંણ્ડિતો; ચહો આપનું હીત ૧

---

* આ વિષયનો હેતુ મદિરાપાન ન કરવું તેજ છે, = મુખના તેજને નાશ પમાડે ( તેજ હીણુ કરે. )

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# कृष्ण स्तवन,

( દોહરો )

અરિદળ, હર, જળઝળ, પ્રભુ, પાળક, નંદ કુમાર
પ્રથમ પ્રકાશે, અંતમાં, મંગળ નામ, મુરાર ૧
ગરૂડારૂઢ, ગુણ મહંતા, બંસીધર; બળનાથ
પ્રથમ પ્રકાશે, અંતમાં, સ્તવુ કૃષ્ણ બે હાથ. ૨

इतिश्रि कृष्णपूर निवाशी विद्याराम तनुजनुपा कवि. भइशंकर पंण्डित विराचिते **आयुर्वेदादित्य** ग्रंथे, रुतुज्ञान, स्पर्शपरिक्षा, वर्ण परिक्षा, दुतज्ञान; नाडि परिक्षा, शब्द परिक्षा, नामा परिक्षा, रशपरिक्षा, जिव्हापरिक्षा, नेत्रपरिक्षा; मळ परिक्षा. मूत्रपरिक्षा, तिथी ज्ञान. सुकन परिक्षा, सामोकाळ, दाणा जोवा विषे, स्वप्न परिक्षा, सरोदाज्ञान, छायाज्ञान. दिशा चंद्रज्ञान नक्षत्र शूळ योग ज्ञान, सुभासुभ चंद्रज्ञान, दिषा शुळज्ञान, योगणी घरज्ञान; शारिरिज्ञान; योग्या योग्य चिकित्सा करवा लायक पुरूष कथन; पथ्य विचार; चिकित्साना प्रकार, साधन प्रकार; औषध अर्पण काळ निर्णय, कुवैदनी निंद्या, काळज्ञान; वनस्पती शास्त्र. धातूना गुण दोष, वैद शिक्षा श्रुती, व्याभिचार निषेध, मदिरा निषेध, ने कृष्ण स्तवन, आदी वर्णोनाम प्रथम प्रकाश संपुर्ण ॥ तथास्तू ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રથમ પ્રકાશ સમાપ્ત.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આયુર્વેદાદિત્ય

## ( દ્વિતિય પ્રકાશ )

દ્વિતીય પ્રકાશને પ્રારંભે નિઃવિઘ્ન થવા માટે

* વાગેશ્વરીની સ્તુતી.

( મંદાક્રાંતા છંદ. )

પાપી છૂ હું પિંડ દળ દળો; શર્ણુ ચાહૂ સદાય;
ત્હારા તો ગુણ નહિ મુજથી; છાય રૂપે વદાય;
ચાહો જો ચિન્ત ગુણિ ઝટતો; જ્ઞાનિ મોટો કરેરે;
નામું મા વાગિશ ચરણમાં, લ્હાવ તેથી સરેરે. ૧
ઘેલો છું જ્ઞાનહિણ, તદપી, ભક્ત તારો ગણાઉં,
એકાંન્તે નામ તુજ સમરૂં, પાસ પ્રેમે વણાઉં;
શાંન્તી દે આજ જગ જનુની, દૂર કયાં તું ફરેરે;
નામું મા વાગિશ ચરણમાં; લ્હાવ તેથી સરેરે, ૨
સ્તુતિ તારી મુખ નિત કરૂં, અલ્પ જ્ઞાને તથાપી;
ઝોંકૂ વાકયો ધિર નિરજનાં; આજ્ઞ તારી ઉથાપી;

---

* વાગેસ્વરી એ સર્વ કવિજનોની માતા છે ને સર્વને કવિત્વ શક્તિ તેની કૃપાથી જ પ્રાપ્ત થાયછે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુર્ખો છું તોય ઝટ ગણુના, જ્ઞાન સિંધુ ભરેરે;
નામું મા વાગિશ ચરણમાં; લ્હાવ તેથી સરેરે.
દેવી તારો નિત જપ કરૂં; દિર્ઘ તારી કળાશું?
આયુર્વેદાદિત્ય ગુણનિધી, પાગ હારે તળાંશું.
ચિત્તે ચંડી અરજ ધરજે; ભાઈલાલજ કહેરે;
નામું મા વાગિશ ચરણમાં, લ્હાવ તેથી સરેરે.

## ज्वर चिकित्सा

॥ श्लोक ॥

यतःसकळ रोगेषु; प्रायशो बलवान ज्वरः ॥
तस्मात्तद्रोग नाशार्थं =चिकित्सौशधं प्रोच्यते ॥ १ ॥

અથ—સર્વ રોગમાં બહુધા પ્રકારે કરીને બળવાન જ્વર છે. માટે તે રોગનો નાશ કરવા સારૂં ચિકિત્સા લખું છું.

### જ્વર સંપ્રાપ્તિ.

( દોહરો )

મિથ્યા હાર વિહારથી, વાયુ વિકારે જેહ;
જઠરાગ્નિ રસ હોલવી; ભળે રક્તમાં તેહ. ૧
શારીરિક જ્વર આ ક્રિયા; આગંતુક જ્વર અન્ય;
જ્વર સંપ્રાપ્તી આ સદા, માધવચાર્ય વચન. ૨

### જ્વરનાં પુર્વરૂપ.

( * લ્હેર. )

ધીર વીર સાંભળજો,

= ચિકિત્સા ને ઓષધ તે ભિન્ન રૂપથી વર્ણવેલ છે * ઉભરો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્વરો વાયુથી કદા પિડેતો, તદા બગાશાં આવે,
પિત્તદોષથી ચક્ષુ બળે બહુ; કફે અન્ન અભાવે. ધીર-૧
મ્હેનત વીના શ્રમે પિડાએ; અચેન થાયે અંગે;
શીથળ અંગ વધારે થાએ, મોંઢું ફીકા રંગે. ધીર-૨
નેત્ર અશ્રુથી ભરાઇ આવે; ટાઢ વાયુ પર પ્રીતી.
અંગ અવયવ તે જાણે તૂટે; લચી રૂવાંટી વ્હેતી. ધીર-૩
બાળશબ્દ પેં થાય અરૂચી, વલૂર અંગે થાયેં,
ભાઇશંકર આ જ્વર પુર્વમાં રૂપ સદા દેખાયે. ધીર-૪

## ज्वरना भेदनी अनुक्रमणिका

( દોહરો )

આગંતુજ્વર[1] ભૂતજ્વર[2], શ્રમ[3], પિત્ત[4], કફ[5]; ટેક
ખેદ[6]; વાંતને[7] ક્રોધજ્વર[8], દ્રષ્ટીજ્વર[9], વિશેક ૧
અભીશાપ[10] ને કામજ્વર[11], વીષમજ્વર[12] તે આપ;
મોહ[13] અને સંતતજ્વર[14], કરે અંગમાં તાપ. ૨
વેળા[15] ને એકાન્તજ્વર[16], ત્રીતિયજ્વર[17] જરૂર,
ચતૂર્થક[18], મલ[19], આમજ્વર[20], હીણધાતુજ્વર[21] પૂર. ૩
જીર્ણ[22], અજીર્ણ[23], કૃમીજ્વરો[24], મેદાંગત્ત[25], એ પેખ;
મજ્જાગત[26], અસ્થીગતા[27], રક્તસ્થજ્વર[28], દેખ. ૪
સુતિકાજ્વર[29], ને શીતજ્વર[30], અતીસાર જ્વર[31] સાર,
કાળ[32], બાળ[33] ને, રક્તજ્વર[34], સનેપાત[35] એ કાળ, ૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુર્વ[૩૬] ઉષ્ણ, [૩૭]ત્રીદોષ ને વૈકૃત[૩૮] જ્વર, વિચાર,
એ રીતે અષ્ટત્રિશા, જ્વરો ચિત્તમાં ધાર. ૬
ખરી વાત છે ખલકમાં, અતી તાપનું જોર,
તેહ સમાવણ કારણે, સજ્યા દિર્ઘ અંકોર. ૭
સદભાગી આ સારથી, ધરે અંગમાં વ્હાલ
મુર્ખમતી હીણ શું લહે, વદે વિપ્ર ભાઇલાલ

વાતજ્વરે પાચન ક્વાથ.

( દોહરો )

હિપ્પ્યા[૧], વજ[૨], સુંઠી[૩] તથા, ધાણા[૪] તેહ * સમાન,
સમ ઔષધ સૌ તે લહી ક્વાથ કરો ૧ અવસાન ૧
ઉષ્ણ ક્વાથ ૨નીશા સમે, વાતજ્વર પર પાય
તો તે જ્વર પાચન થઈ સપ્ત પ્રહરમાં જાય ૨

પિત્તજ્વરે પાચન ક્વાથ

( દોહરો )

નિબંત્વચા[૧], નીશા[૨]' ગળો[૩]' ધાન્ય[૪] સુંઠ[૫] એ ૩ બાણ
પ્રાતઃકાળે, ક્વાથ એ' પિત્ત જ્વરે' પ્રમાણ ૧

કફ જ્વરે પાચન ક્વાથ.

( દોહરો )

વચા[૧], ગવાની[૨], ત્રીફળા[૫], સુંઠ[૬] વીર સમધાર

---

* બરોબર ૧ જરૂર ૨ સાંજે ૩ પાંચ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે થકિ ત્રમણા નીરમાં કવાથ કરોએ સાર ૧
તે પિતાં કફજ્વર મટે, હરે શૂળ કટિ દોષ
કહે ભઇશંકર આ દવા, કરે પિન્સનો શોષ ૨

## સન્નિપાત જ્વરે પાચન કવાથ.

( દોહરો )

સઠી, સુંઠ વજ; કાયફળ; ગળો, ધમાસો એહ
કવાથ કરી ત્રીદોષપર, પિતાં હીત કર તેહ ૧
પાચન એ ત્રિદોષનું, શાસ્ત્ર શાક્ષિએ પેર
સન્નિપાત પર સેવતાં, ભઇશંકર, સુખ સેર ૨

## વાતજ્વરે કવાથ—સત પુષ્પાદી

( દોહરો )

સતપુષ્પા[૧], રાસ્ના[૨] ગળો[૩], પુર્નવા[૪],; ત્રાયમાણ[૫]
કવાથ ગોળ મેળી પિતાં, કરે વાતજ્વર હાણ ૧

## વાતજ્વરે કવાથ—અમ્રતાદિ

( દોહરો )

ગળો[૧]; ધમાસો[૨],' મોથ[૩]ને, નિશા[૪], સુંઠ[૫] સમ તુલ્ય
કવાથ વાત જ્વર તે હરે, પિંપર સાથ ન ભુલ્ય,

## પિત્ત જ્વરે કવાથ—કુટજાદિ

( દોહરો )

શ્વેત[૧] શ્યામ[૨] અરવિંદને; ગળો[૩] સારિવા[૪] રોધ્ર[૫]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



* ક્વાથ સર્કરાથી પિતાં, થાય પિત્ત જ્વર, રોધ ૧

### પિત્ત જ્વરે ક્વાથ....શકાદ્યાદિ

( દોહરો )

તણ્ડુલ પયમાં ઇંદ્રજવ; જેઠીમધ, અરવિંદ
ક્વાથ પિતાં, ભઇલાલ તે, હરે પિત્ત જ્વર બિંદ ૧

### કફ જ્વરે ક્વાથ—ગ્રંથિકાદિ

( દોહરો )

ગ્રંથિક[1]' વાસા[2] મોથને[3], કડુ[4]: ધમાસો[5], ધાન્ય[6]
ક્વાથ; સુંઠ સાથે પિતાં, થાય કફજ્વર માન્ય ૧

### કફ જ્વરે ક્વાથ વ્યાઘ્રાદિ

( દોહરો )

તદ્દ્યાઘ્રી[1], ને મૂતાં[2]; રોધ્રં[3], કુષ્ટ[4]; પટોળ[5]
કહે ભઇશંકર ક્વાથ એ, કરે કફજ્વર રોળ ૧

### વેળા જ્વરે ક્વાથ—ભ્રંગરાજ્યાદિ

( દોહરો )

ધન્વ[1], સુંઠ[2] મુસ્તા[3] મૃતા[4], હ્રિરિંગણિ[5], ભ્રંગરાજ[6]
નિંમ્બત્વચા, સમ ભાગમાં, તેહ ધરો સુખસાજ ૧
મધ મેળી તે ક્વાથજો, નર નારી જો પાય
વેળા જ્વર હન્તી કૃત્તા, એહ કૃષાય, ગણાય ૨

---

* જે સ્થળે તોલ ન બતાવ્યુ હોય ત્યાં સર્વ ઔષધી સમ—બરોબર લેવી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### દાહજ્વરે પ્રથમ પ્રયોગ—ક્રિડાદિ

( ભુજંગી છંદ )

વધૂ ભારિ કૂચો થકી જે લચેલી
ક્રિડા કેલિના ગુહ્ય ભેદે મચેલી
શશી દિવ્ય તેજે ભરી અંબુધીતે
સદાકાળ દાહજ્વરે ઔષધી તે ૧

### દાહ જ્વરે પ્રયોગ બીજો,—વૈભવાદિ

( ભુજંગી છંદ )

ભલાં તેલ ફુલેલ અંગે ધર્યાથી
રૂડા મિત્ર સાથે સુરા સેવવાથી
જુઓ નાટયરંગો, ભલા જ્યાં ભર્યા છે
ભઈલાલ દાહ જ્વરે તે દવા છે. ૨

### ચાતુર્થક જ્વરે—વાસાદિ કવાથ

( દોહરો )

[૧] વાસા; [૨] ધાત્રી, [૫] ત્રીફળા, તેમાં સુંઠ સમાન
કવાથ ચતુર્થક તે હરે, કર મધ ધરિ તે પાંન ૧

### જીર્ણ જ્વરે—પટોળાદિ કવાથ

શ્લોક

[१] पटोळ, [२] पाठा, [३] कटु [४] रोहणीते; [५] धनी; [६] त्वचानिंम्ब तुल्ये धरीते
[७] द्राक्षा, [८] मृता, [९] चंन्दन, [१०] नागराणी, ले क्वाथते, जीर्णवरे प्रमाणी

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### હિંગુ આદિ ઘૃત—ચાતુર્થક જ્વરે નશ્ય

( કદ છંદ )

ગઉ દૂધ હિંગૂ, જૂનું ઘૃત્ત ધારેલ
પછી અગ્નિ પેં, ધારિ નેતે પકાવેલ
હરે ચોથિયા તાવને તેહ નશ્યજ
બાઇલાલ, બાધુ. રહે વિશ્વ વશ્યજ ૧

### શોક જ્વરે—જમ્બુ રસ પ્રયોગ

( દોહરો )

જાંમ્બૂ ફળનો રસ કદા, એક અધોળ પિવાય
તો ભઇશંકર શું કવે, શોક જ્વર' જંપાય ૧

### ત્રિતિય જ્વરે—ત્રીફળાદિ કલ્પ

( સોરઠા છંદ )

ત્ર્યુષણ, ત્રિફળા' તેહ, કલ્ક મધમાં મેળિને
ભઇશંકર, ઝટ એહ. ત્રિતિય જ્વર તે જાય છે ૧

### જ્વરમાં થતા શોષનો ઉપાય

( દોહરો )

ગર્ભ બિજોરાનો સદા, મધ, સિંધવની સાથ
લેપ કરે તાળુ સ્થળે, થાય પિત્તજ્વર પાત

---

### વાત પિત્ત જ્વરે—ત્રિફળાદિ ક્વાથ

દો હરો

[૧] કટ ફટ, [૨] આદુ, [૩] પિંપરી, [૪] કડાછાલ [૫] વજ, એહ
ક્વાથ કરી મધમાં પિતાં હન્તિ કફજ્વર તેહ ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વાત પિત્ત જ્વરે ત્રિફળાદિ કવાથ

( દોહરો )

[1]શાલ્મલિ છાલી, [4]ત્રીફળા' [5]કિરાત [6]રાસ્ના ધાર
તેહ કૃષાય પિતાં મટે; વાત પિત્તર્જ્વર, સાર ૧

## વાત પિત્ત જ્વરે—દ્વિપંચ મુળાદિ કલ્ક

( દોહરો )

પંચ મુળિદ્વિને સુંઠી, મોથ કિરાત, સમાન
કલ્પ કરી તે ગોળમાં; કરે રોગિ જો પાન ૧
વાત પિત્તર્જ્વર તો મટે; બુઝે દુઃખના આર
ભઇશંકર આ કલ્ક છે, સર્વ વ્યાધિપર સાર ૨

## પિત્ત કફજ્વરે—પટોળાદિ કવાથ

( દોહરો )

[1]મુર્વા [2]પાઠા, [3]અમૃતા [4]કડુ [5]ચંદન સમ તોલ
તાજી ચીજો સૌ લહી, ભેળો માંહી [6]પટોળ ૧
તે ઔષધનો કવાથ તે, ચળ ઉલટીને દાહ
પિત્ત કફજ્વર તે પિતાં જુએ જવાની રાહ ૨

## પિત્ત કફજ્વરે—ગડૂચ્યાદિ કવાથ

( દોહરો )

[1]નિમ્બત્વચા, [2]વાસા, [3]ગળો; [4]માગધિનેજ [5]કિરાત
[6]દ્વિરિંગણિ, [7]દાર્વી. [8]નિશા' [9]સૂંઠી [10]પટોળી' સાથ ૧
કવાથ કરી તે સેવતાં; મટે કાસને શ્વાસ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભઈશંકર નિશ્ચે કરે, પિત્ત કફજ્વર નાશ ૨

### વાત કફ જવરે—મુસ્તાદિ કવાથ

( દોહરો )

વાસા[1] વાળો[2] હરડને[3]; પિત્તપાપડો[4] મોથ[5]
તેમાં ક્ષુદ્રા[6], ને ગળો[7]' સુંઠ[8] ધમાસો[9] નાંખ્ય ૧
એ ઔષધનો કવાથ તે; ભઈશંકર છે સાર
વાત કફજ્વર રોગપર; શ્રેષ્ઠ સદા હિતકાર ૨

### વાત કફજ્વરે—ક્ષુદ્રાદિ કવાથ

( દોહરો )

ક્ષુદ્રા[1], પુષ્કળમુળ[2]' સુંઠ[3], ગળો કવાથ કરી આપ્ય
વાત કફજ્વર રોગપર, મૂકે આડો કાપ ૧

### સન્નિપાત જ્વર ( ત્રિદોષ ) નાં લક્ષણ

( ભુજંગીછંદ )

બને તંદ્રતાલસ્ય ને થુંક વાધે
મચે મૂખને ઉંઘને સોચ લાધે
વળી શોષ કંઠે વધે શ્વાસ વારૂં
પિઠે, શીશને જીભમાં જડત્વ ધારૂં ૧
બળે અંતરે દાહ મુછી વધે છે
વધી ફેરફરૂં અંગ રોગી લચે છે
ભઈલાલ તે રોગિ ત્રીદોષિ કહાવે
વિના વૈદ તેને નહીંકો બચાવે ૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ત્રિદોષજ્વરે—ભુનિંમ્બાદી કવાથ.

( દોહરો )

દારૂ[૧], દશમુળ[૨], સુંઠ[૩], કડુ[૪], ગજપિંપર[૫], ધનિ[૬], એહ,
કરિઆતું[૭], ને ઇંદ્રજવ[૮], કરો કવાથ સમ તેહ. ૧
તેથિ અરૂચી, દાહને, મોહ શ્વાસ સૌ જાય,
ઘેન, લવારી, ખાંસિનો, કટો વેરવી થાય. ૨
એ રીતે ઉપદ્રવો, ખણે કૃષાયક આપ,
ભઈશંકર ત્રીદોષ પર, ખરી ગુણવંત ખાપ. ૩

## જ્વર આયુષ પ્રમાણ.

( દોહરો )

આગંતુજ્વર આડદિન, ભૂત વિષમજ્વર વીશ,
અસ્થિગત, એકાંન્તજ્વર, અભિસાપ જ્વર ત્રીશ. ૧
શ્રમ, મોહ, ને ક્રોધજ્વર, તેહ ઘટીકા તેર;
વેળાજ્વર, ને આમજ્વર, રહે દીન સિત્તેર. ૨
ત્રિતીજ્વર, ચતુર્થજ્વર, મેદગત જ્વર બાર,
કૃમી, સુતિકા, શિતજ્વર સાત પક્ષ એ સાર. ૩
ગત ધાતૂને રક્તજ્વર, રહે માસ બે તેહ,
સન્નિપાત ત્રીદોષ ને, બાળકજ્વર ન છેહ. ૪
અતિસાર જ્વર, ત્રણ દિન, મર્જ્જાગત દિન સાત,
ખેદ, જીર્ણ ને કામજ્વર, દોઢ દીન ભલિ ભાત. ૫
અભિષેક જ્વર, સવેદા; કાળ, દ્રષ્ટિ, અગીઆર,
અજીર્ણ. ને રક્ત સ્થજ્વર, મલ, સંતતર્જ્વર, ચાર. ૬
વૈકૃતર્જ્વર, કફ, પિત્ત એ, સત્તર, દીન સુરેશ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુર્વ ઉષ્ણ શશિ[૧] ભૂજ[૨] દિન, ધારે અંગ પ્રવેશ ૭
આયુષ ભોગવિ એ રિતે; જવરો સર્વ જંપાય
માનવિ તો મથિને મરે, ધાર્યું ધણીનું થાય- ૮
કરતા હરતા શ્રી પ્રભૂ, આદ્ય અંત આધાર
ભઈશંકર, સ્વભાગ્યનો; કરો સર્વ વિચાર. ૯

### ત્રિદોષ મર્યાદાના સામાન્ય નિયમ.

( દોહરો )

વાયુ પ્રકોપે સાતદિન, પિત્ત પ્રબળ દિન પાંઠ[૧૦]
કફ પ્રાધાન્યે બાર દિન, કરે ધર્યો ચિત્ત ઠાઠ ૧

## सन्नपात ज्वरनां लक्षण.

( દોહરો )

ત્રિદોષ સમ સનિપાતમાં; ચિન્હો સર્વ જણાય.
અલ્પ બતાવું આ નિચે, જેહ વિશેષ ભણાય; ૧

( ભુજંગી છંદ )

મળે થુંકમાં રક્ત, ને શુષ્ક દેહી.
મળા મુત્ર શ્રોતો બને બંધ તેહી;
ઘરેરે ઘરીતે ગળામાં ઘરેછે;
કફાચાદ્ર મોંઢું પસીનો વળેછે. ૧
બને વર્ણ તે શ્યામ; ને ભ્રમ્મ વાધે;
શરીરે ચકામાં પડે, શોષ લાધે,
નહીં ઉંઘ નામે સનેપાત એછે;
ભઇલાલ શીવ શિહંતાથી વદેછે. ૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સન્નેપાતના રોગની અનુક્રમાણીકા.

( ચોપાઇ )

સંચિક[૧], અંતક[૨], ને રૂગ્દાહ[૩] જીહ્ક[૪], પ્રલાપક[૫], અભિન્યાસ[૬] ૧
ભૂગ્નનેત્રને[૭] કર્ણક[૮] જાણ; કંઠકુબ્જ[૯], તંદ્રીક[૧૦] પ્રમાણ. ૨
ચિત્તવિભ્રમ[૧૧], શિતાંગક[૧૨] સાથ, હારિદ્ર રક્તષ્ઠિવિ, અસાધ્ય ૩
સનેપાત, ચતુરાદશ, જાત, સત્ય કહે ભાઈશંકર વાત. ૪

## વિશેષ સન્નેપાત વિષે.

( ચોપાઇ )

સન્નિપાતનો છે નહિ છેહ, સંક્ષેપે સમજાવું તેહ.
અમથાં બેઠા ધ્રૂજે પાય, સન્નેપાતમાં તેહ ગણાય. ૧
વગર કામના બોલે બોલ, સનૈપાતમાં તેનો તોલ,
ભોંય ખોતરે કે કંઈ કરે, સનેપાત દોષી તે ઠરે. ૨
તોડે અંગ તણું જે માંસ, સનેપાતનો તેમાં અંશ.
વળે પસીનો છોંડે શીત, સ્વલ્પ સન્નિની એવી રીત ૩
પણ તે સઘળા સાધ્ય વિચાર, લિખ્યા ગ્રંથ તણો આધાર,
તેમાં મુખ્ય બતાવું હાલ, વાંચો વિપ્ર વદે ભઈલાલ, ૪

## સન્નેપાત ઉપર—સઠચાદિ ચતુર્દશક પાચન ક્વાથ;

( દોહરો )

પુષ્કળમુળ[૧], ગળો[૨], સઠી[૩]; કટૂ[૪]. વિશાલા[૫], સુંઠ[૬],
ગજચપળા[૭], રાસ્ના[૮], તથા, દ્વિવ્યાકયા[૧૦], અટરૂષ[૧૧], ૧
ધન્વયાસ[૧૨], કરિઆતુને[૧૩]; કાકડ શિંગી વિચાર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોળ ઘણા નિરમાં ધરી. કવાથ કરો સુખ સાર ૨
તે પિતાં સન્નિપાતના; હરે ઉપદ્રવ તર્ત
શ્વાસ; શૂળ, જ્વરને ખણે, ખળે આવતુ મર્ત્ત ૩
એમ કૃષાય વિષે લખ્યું' ભેડ સંહિતા માંહ્ય
ભઇશંકર આ પદ્યમાં, અર્થ તેહનો આંહ્ય ૪

## સન્નૈપાત ઉપર—લઘુરાસ્નાદિ કવાથ

[ દોહરો )

ધના[1] ધાન્ય[2], સુંઠ[3] ગોખરૂ[4], ભારંગ[5] પુષ્કળ[6] મુળ
સુરદારૂ[7], રાસ્ના[8]' વચા[9]' કવાથ તેહ અનુકુળ ૧
સન્નિપાતના વાયુને, હરે લખે હારીત
ભઇશંકર શેવો સદા, ચહો અંગનું હીત ૨

## સન્નૈપાતની આયુષ મર્યાદા

( દોહરો )

સંધિક; સાત દિવસ રહે, રૂગ્દાહક દિન વીશ
પચીશ, દિન તંદ્રિક રહે, ચિત વિભ્રમ ચોવીશ ૧
અંતક' રકતષ્ટિવિ દસ. અભિન્યાસ, જીહ્વ, સોળ
આયુષ હારિદ્રિ તણું' દીધા લેખ કપોળ ૨
પંદર દીન' સિતાંગ રહે' ચૌદ, પ્રલાપક પેખ
અષ્ટ દિન; ભુગ્નેત્રને' કર્ણક, નેવું ઉવેખ ૩
કંઠ કુબ્જ રહે તેર દિન' એ આયુષ પ્રમાણ
કરતા હરતા શ્રી પ્રભૂ; ભઇશંકર, અવજ્ઞાન ૪

## ज्वर सन्नैपात चिकित्सा समाप्तः

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आतिसारनी चिकित्सा,

## અતિસારની સંપ્રાપ્તિ.

( દોહરો )

સપ્ત ધાતુમાંની કદા' કોઇ વિકારે એક
મળ મિશ્રીતે તે મળે, અગ્નિમંદ થઇ છેક ૧
પછી વાયુ લઇ સાથમાં' ગુદા પ્રવર્ત્તે જેહ
ભઇશંકર' નિદાનમાં; અતીસાર કહે તેહ ૨

## અતિસારના નામનિ અનુક્રમાણિકા

( દોહરો )

વાત; પિત્ત, ને શોક, કફ, વળી પાંચમો આમ
કહે ભઇશંકર પંચ છે, અતિસારનાં નામ ૧

## આમાતિસારે—અતિવિષ હિંગુ પથ્યાદિ કવાથ

( દોહરો )

સુવર્ચલ[1]' અતિવીષ[2], સુંઠ[3], પથ્યા[4], હિંગ[5] કલિંગ[6]
કવાથ કરી પીતાં હરે, અતિસાર' આસોંદ ૧
શૂળ, શોષ, સ્હેજે દમે, મળ બાંધે તતકાળ
ભઇશંકર, દુઃખ જાય સૌ' એ ખાવે જે વાર ૨

## આમાતિસારે—દારૂવચાદિ કવાથ

( દોહરો )

પથ્યા[1], દારૂ[2], ને વચા[3], મોથ[4], સુંઠ[5]' અતિવિષ[6]
કવાથ' આમાતિસારની, ખણો ખાંતથી દીશ ૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### જ્વરાતિસારે....સુંઠયાદિ પાચન ક્વાથ

( દોહરો )

બાળક[૧], મુસ્તા[૨]. બિલ્વને[૩], પાઠા[૪], સુંઠ[૫], અતિવિષ[૬]
ધાણા સમ ભાગે ધરી, ચુર્ણ ખલેથી પીષ ૧
ક્વાથ કરી તેનો પિતાં, મળ પાચન તે થાય
જ્વરાતિસાર, ને ઉલટી જોતામાં જંપાય ૨

### વાતાતિસારે—ઉદિચ્યાદિ પાચન કલ્ક.

( દોહરો )

વાળો, ધાણા કલ્ક તે, ડોવિ પાણીમાં પાય;
તો વાતાતીસારનો, રોગ્ર જલદિથી થાય. ૧

### પિત્તાતિસારે—ધાન્ય પંચકાદિ ક્વાથ.

( દોહરો )

ધાન્યપંચ, દશમૂળનો. ક્વાથ સ્પષ્ટ આધાર;
ભઈશંકર નિશ્ચે કહે; હરે પિત્તાતિસાર. ૧

### કફાતિસારે—વ્યુષણાદિ પાચન ચુર્ણ.

( લલીત છંદ )

પિંપર[૧], ને, મરી[૨], હિંગ[૩], સાથ એ
રૂચક[૪], ને, વચા[૫], સુંઠ[૬], સર્વ તે,
હરડ, વિષનું, ચુર્ણ તે કરી;
વિર વિચારિલે, મધ્યમાં ધરી. ૧
કફાતિસાર નો, ગ્રાસ તે કરે
નિમિષમાં લખ્યું, દેખતાં ફરે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખિત આ બધું, શીવ સંહિતા,
સુખ સમેતની; અન્ય પ્રાપ્તતા. ૨

### ઋષણાદિ પાચન ચુર્ણની મુખ્યતા.

( દોહરો )

મહા નદિ જળ આ ચુર્ણથી, અટકે થતો પ્રવાહ,
તો તે કફ અતિસારમાં, કેમ કરે ના વાહ. ૧
શીવ સંહિતા ઇમ વદે, જો ચૂરણ સેવાય;
તો ભઇશંકર, તે થકી, કફ અતિસાર સમાય. ૨

### રક્તાતિસારે—વસ્તકાદિ કવાથ.

( દોહરો )

વસ્તકાતિ[1], વિષ[2]; બિલ્વને[3]; ધનિ[4], વાળો[5]; જળધાર,
કવાથ કરી પિવતાં હરે રક્ત જવરાતીસાર. ૧
શૂળ સહિત શાંન્તિજ કરે, જવર ટાળે જમ ભાર;
ભઇશંકર ગુણિજન પિતાં; બને શાનિ દાતાર. ૨

### જવરાતિસારે—કનક વિચાદિ ગુટીકા.

## ॥ श्लोक ॥

करण खगस्वर्णच बृहति कुशमानिच ॥
हंश पाक बला श्रष्टं नागकर्पुर केशरैः ॥ १ ॥
लवंगा फल्लकांमि श्राहिफेनोषण मस्ताकि ॥
जातिफल जातिपत्री सर्व तुल्यानि मर्दयेत ॥ २ ॥
क्षैाद्रेणत्रा पत्र रसेन कार्या ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ज्वरातिसार मपनाशनि गुटि ॥
रूपाग्नि वुद्धि बलविर्य वृद्धिानि ॥
मुरादि साहेनविनिर्मिता स्वयं ॥ ३ ॥

અર્થ—કરણનું મૂળ, ધંતુરાનાં બીજ, શિંગણીનું પુષ્પ, હિંગળોક, બાલબિલી' વછનાગ; કપુર, કેસર; લવિંગ, અક્કલગરો, અફીણ; મસ્તકી. જાયફળ, જાવંત્રી, સમાન ભાગે લઇ મધ તથા નાગરવેલના પાનના રસ સાથે ગોળી કરી તે ગોળીનું સેવન કરવામાં આવેતો જ્વર સાથે અતિસારનો ઝાડો મટેછે, વાયુને મટાડેછે, રૂપ તથા બુધ્ધીને વધારેછે, બળને વિર્યની વૃધ્ધિ કરેછે. અને વિર્યનું સ્તંભન કરેછે. આ ગુટિકા મુરાદીશાહ નામના વૈદ કહેલી છે.

## અતિસાર મટયાનાં લક્ષણ.

( મનહર છંદ )

પેસાબની સાથ જેનો, મળ જરા સરે નહીં
અપાન વાયુની છૂટય, અતિશેજ થાય છે
પેટ હલકું ને પોચૂ. ખાધેલું પચે જો ઠીક
અતિસાર મટયો એમ, હરખ બુઝાયછે
મળ જો પ્રવાહી પેડ, વહે નહીં ગુદા વિષે
દવા તણું મુલ્ય ત્યારે. વૈદથી મગાયછે
કહે ભઇલાલ એમ; રોગીને જો ભાસે ત્યારે
સારૂં થયું કહી વૈદ, ભણી તેઓ ધાયછે. १

## अतिसारनी चिकित्सा समाप्त.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રહણી રોગની ચિકિત્સા,

## ગ્રહણીનું લક્ષણ.

( દોહરો )

નિત્ત અલ્પ મળ આવતો, રહે ગુદાને દ્વાર;
કરિ જઠરાગ્નીની મંદને, ઉત્પન્ન કરે વિકાર; ૧
ગ્રહણી નામ ગણાય તે' કરે દેહની હાણ;
ભઇશંકર સહુ સીલવે, શાસ્ત્ર નિદાન પ્રમાણ ૨

## ગ્રહણી રોગનાં પુર્વે ચિન્હો

( દોહરો )

જઠરાગ્નીની મંદતા, કરે પેટને કબ્જ
આમાશયને આંતરે, ગુંધ ગુંત એ શબ્દ ૧
તૃષણા આળસ બળતરા, અશકતતા ને જડત્વ
અન્ન પચેના એ ભ૦વી૦, સંધરણીનાં તત્વ ૨

## ગ્રહણી રોગના ભેદની અનુક્રમાણિકા,

( ચોપાઇ છંદ )

કફ[1] પિત[2] વાયુ[3] ગ્રહણી જાંણ, ચોથી સનેપાત પ્રમાંણ ૧
ભઇશંકર સમજાવે સાર, વાંચો સુજ્ઞો કરી વિચાર ૨

## વાત ગ્રહણી રોગે—વૈદ માતાદિ કવાથ પાચન.

( દોહરો )

દ્વીદારૂં,[2] નિશા,[3] ગળો,[4] વૈદમાત[5] સઠિં,[6] મોથ[7]
ભાર્ગિ,[8] રાસ્નના[9] સુંઠને,[10] પુષ્કળ[11] મુળ સમ તોલ ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ઐાષધનો કવાથતે, હરે સંગ્રહણી વાત
કાચા મળ સુધારિને, પકવ કરે શાક્ષાત ૨

### પિત ગ્રહણી રોગે—દર્ભમુળાદિ પાચન કવાથ

( દોહરો )

દાભ,[૧] કાસ,[૨] ને શેરડી,[૩] વાંસ;[૪] દેવનળ[૫] મૂળ
કવાથ કરી પીતાં હરે, પિત્ત ગ્રહિણી સ્થુળ ૧

### કફ ગ્રહણી રોગે—સુરસાદિ પાચન કવાથ

( દોહરો )

રિંગણિ,[૧] ગ્રંથી[૨]' ચવકને[૩]' તુળશી[૪]' સુંઠ,[૫] દાડિમ[૬]
નિશા,[૭] મોથ,[૮] ચિત્રો;[૯] ધરી, કવાથ કરે જો એમ ૧
પ્રાતઃકાળે પ્રેમથી, એહ કવાથ સેવાય
ભદ્રશંકર, તો તેહથી, કફ ગ્રહણી દુર થાય ૨

### સુંઠયાદિ અમૃત પ્રાશન

॥ श्लोक ॥

शुण्ठी कणा द्विरजनी, घनचित्रकंच ॥
एषां चतुर्गण मिता, त्रिफला समांशा ॥
कल्कं घनं न शिथिलं परिवाप्य तस्मात्
भल्लातका शतकं परियोज्य तस्मात् ॥
योज्यः पुनः प्रातिविषं त्रिफला विडङ्ग
सिन्धूत्थवह्नि त्रिकटु त्रिसुग्निाधि युक्त ।
चूर्णं पुनर्गुडयुतं घृत मिश्रितंच

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कृत्वा विडाल पदमात्र कमोद कांश्च
भक्षेद्यथा बलमपि ग्रहणी गदेच्च
अर्शो भगन्दर मरोचक गुल्म मेहान
शूलाश्मरी कृमिजरोग हरंच पाण्डो
श्रेष्ठं रसायनमिदं वलिनाशनं स्यात ॥
वृष्यं बलं विदधतेऽप्यति कृच्छ दोषम्
वर्णेन्द्रिय प्रबल दीप्तिकरं रुजोघ्नं
कुष्ट भ्रमाप हरणं कुरूते सदैव
युक्तोप मुक्त मिति सर्व गुणानु वृद्धि

અર્થ—શુંઠ. પિંપર' હળદર' આંબાહળદર' મોથ, ચિત્રો એ સર્વે ઔષધોથી ચોગણી ત્રિફળા લેવી. ત્રિફળાના ત્રણે ભાગ સમ લેવા, એ સર્વેનું ધાટ્ઠું કલ્ક કરવું. એ કલ્ક માં સો ભીલામા નાંખવાં અને પછી તેમાં કાળું અતિવીષ ત્રિફળા' વાવડીંગ, સિંધવ, ચિત્રો' સુંઠ, પિંપર તજ, તમા લપત્ર, એલચી, એ સર્વ મેળવી તેનું ચુર્ણ કરવું એ ચુર્ણ માં ઘી અને ગોળ મેળવીને એક એક તોલાની તેની ગોળી ઓ કરવી; પછી ગ્રહણી રોગ વાળાએ પોતાની શકિતના પ્રમાણમાં તે ગોળીઓ ખાવી, તે ગોળિઓ, આર્શ' ભગંદર અરૂચિ, ગુલ્મ, પ્રમેહ, શુળ રોગ; પથરીનો રોગ, ને કૃમી રોગ એ સર્વને મટાડનારી છે. વળી તે પાંડુ રોગમાં ઉત્ત મ રસાયન રૂપ છે. એના શેવનથી' શરીરપર પડેલી કરચ લીઓ, નાશ પામેછે તે વિર્યને વધારે છે. બળ આપેછે. મુત્રકચ્છને કે બીજા કષ્ટતર વ્યાધિને મટાડે છે, શરીરના વર્ણને અને ઇંદ્રીઓને સુધારે છે તથા શોભાયમાન કરેછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીરની પિડાઓને હરે છે. કુષ્ટ અને ભ્રંમ રોગનો સદૈવ નાશ કરે છે. અને એવી રીતે યુક્તિ પુર્વક તેનું સેવન કર્યું હોયતો સર્વ પ્રકારના ગુણની વૃદ્ધિ થાય છે.

## અભયાદિ અવલેહ.

( હૃદય દુઃખ, દાહ, મુર્છા, ગ્રહણી, વગેરે રોગ પર )

( દોહરો )

હરડે[1], પિંપર[2], દ્રાક્ષ[3] ને, કડૂ[4], ધમાસો[5] જ્યાંય;
સમભાગે મહિ શર્કરા, વિરા ભેળવો ત્યાંય. ૧
મધ સાથે તે મેળવી, પ્રાતઃકાળે ખાય;
હૃદય દુઃખ મુર્છા તથા, ગૃહણી, દાહ, સમાય. ૨
નર નારી ને સમ રિતે, દવા આવિ ના કોઇ,
જો માનો જૂઠું તદા, આયુર્વેદ લે જોઈ. ૩
અભયાદિ અવલેહ આ; તેજ પુંજ અંબાર;
ભઇશંકર તેને ગણે, નીજ કંઠનો હાર.

## વિદારી કંદાદિ ચુર્ણ.

( દોહરો )

અતિવિષ[1], હરડે[2], શર્કરા[3], પિત્તપાપડો[4] પાઠ
વળિ વીદારીકંદ, તે, કુટી ભેજ્ય તે સાથ ૧
પછી ચુર્ણ તે નીરમાં, ધરી નિત્ત પીવાય
કહે ભઇશંકર, તે થકી, ગ્રહણી ઝટપટ જાય. ૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહણી રોગમાં અપથ્ય વિવેચન

( દોહરો )

મરિ, મરચાંને, મઠ, મધુ; મગને; માંસ મરાળ
શુભ ઈચ્છે, જો અંગનુ, તો સઘળૂં તે ટાળ્ય ૧

## ગૃહણી રોગની ચિકિત્સા સમાપ્ત,

## ગુલ્મ ( ગાંઠ ) રોગની ચિકિત્સા

ગુલ્મ રોગના હેતુ

॥ શ્લોક ॥

श्वयथूत्थैर पचारैं स्तैश्च संकुप्यतेऽनिलः ।
मन्दाग्निना विपमेण गुल्मं जठरे जायते ॥ १ ॥

અર્થ—સોજાના રોગમાં થએલા અપચારથી વાયુ કોપ પામે છે તેથી, તથા જઠરાગ્નિ મંદ પડવાથી, અથવા જઠરાગ્ની વિષમ થઇ જવાથી જઠરમાં ગુલ્મ રોગ ઉત્પન્ન થાય છે.

ગુલ્મ રોગનાં સ્થાનક વર્ણન

( દોહરો )

મિથ્યા હાર વિહારથી, બને વિકારી વાત
ગાંઠ પડીને પેટમાં, શોક કરે શાક્ષાત ૧
પાંચ સ્થાનછે તેમનાં; બે પાંસળને પેટ
નાભી, બસ્તીમાં મળી, પાંચ સ્થાન છે નેટ ૨

ગુલ્મનું સામાન્ય રૂપ

( દોહરો )

હૃદય, નાભિ, બસ્તી વિષે, અચળ ગાંઠ્ય' દેખાય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઇશંકર, નિદાન' મહિ, ગુલ્મ તેહ કહેવાય

## ગુલ્મનાં પુર્વ રૂપ

( પ્રાકૃત્ય શ્લોક રાગ )

ઉર્દ્ગાર વ્યાપે, દસ્ત કબ્જ થાએ ॥
અન્નપેં અરૂચી, બળ સર્વ જાએ ॥
પેઢૂ ચઢે, તંતુ કળે. કુદેહમ ॥
રાસન્ન ગુલ્મસ્ય; વદંતિ ચિન્હમ ॥ ૧ ॥

## અસાધ્યત્વ ગુલ્મ લક્ષણ

( દોહરો )

શ્વાસ; તૃષા; ઉલટી અને; મોહ; શોફ જે હાથ
અરૂચી, અતિસારે ગ્રહયો, મરે રોગી શાક્ષાત ૧

## હૃદય ગુલ્મે—વિશ્વાદિ કવાથ.

( દોહરો )

ત્રિકટુ[3], સઠી[4]. યવાનિકા[5], ચિત્ર[6], હરીતકિ[7] નામ;
ચુર્ણ કરી પાણી મહીં, કવાથ કરો સુખ ધામ. ૧
હૃદય ગુલ્મ તેના થકી, તીન પ્રહરમાં જાય;
પેટ ઉપદ્રવ વિષુચિકા. તેહ પિવાથી સમાય. ૨

## કૂખ ગુલ્મે—પથ્યાદિ પાચન કવાથ.

( દોહરો )

પથ્યા[1]; દારૂ[2], મજીઠને[3], રાસ્ના[4] એ સમતુલ્ય,
સુંઠ[5], કળશિ[6], વિષ[7]; તે ધરી, કવાથ કરો વિણ ભુલ્ય ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુક્ષ ગુલ્મ તેના થકી; જરૂર પચન તે થાય,
પુર્ણ મટે જો ત્યાં સુધી; કવાથ તેહ સેવાય. ૨

### નાભિ ગુલ્મે—પલાસાદિ ક્ષાર ચુર્ણ.

( દોહરો )

ખાખર; સાદડ; સુરણ ને, બાળિ ક્ષાર ખિંચાય,
નીર ધરી પીવા થકી, નાભિશૂળ એ જાય. ૧

### બસ્તિ ગુલ્મે—નિંબાદિક્ષાર.

( જેકરી છંદ. )

ચિત્રો, સિંધવ, સંચળ, મરી. ત્રિફળા, કાચલવણ, તે ધરી. ૧
ભસ્મ લિંબુમાં ઘાલી કરે, ઉદ્ભિદ ક્ષાર પછી મહિ ધરે. ૨
બસ્તિ ગુલ્મ વ્યાપે જ્યાહરે, ચાટે ઘૃત્ત ધરી ત્યાહરે. ૩
પાંચ વખત જે પાવે ફરી, બસ્તિ ગુલ્મ સ્હેજે લે હરી. ૪

### રક્ત ગુલ્મે રોધ્રાદિ કવાથ.

॥ શ્લોક ॥

रोध्रार्जुनः खादिर मागधि कासमर्दा ।
काथोऽम्लवेतस मधु घृत संप्रयुक्तः ।
गुल्मं सरक्तमपि चाथ नहान्ति चाशु
हृत्क्लेदनंच विनिहन्ति यकृत्स रक्तम्
क्षारपानं प्रदातव्यं घृत सौ वर्चलान्वितम्
रक्तगुल्म विनाशाय यकृति क्षतजेऽपिवा ॥

અર્થ—લોધર, સાદડ. ખેર; પિંપર; મજીઠ; આમ્લવેતસ, એ ઔષધોનો કવાથ કરીને તેમાં મધ તથા ઘી નાંખીને પિવો.

For Private and Personal Use Only

એ કવાથ રક્તગુલ્મને થોડા વખતમાં મટાડેછે. તેમજ છાતી માં થતી પીડાને, અને રક્તના દોષ સહીત યકૃતને પણ મટાડેછે.

વાત ગુલ્મે—દશ મુળાદિ પાચન કવાથ.

( દોહરો )

યવાન[૧], દશમુળ[૧૧], સુંઠ[૧૨], વજ[૧૩]; પિંપર[૧૪], ધરિ કર કવાથ,
ઉષ્ણ રૂપ નિત્ત સેવતાં, વાત ગુલ્મ રહે હાથ;. ૧

વાત ગુલ્મે—સુવર્ચલાદિ પાચન કવાથ.

( દોહરો )

સુંઠ, સઠી સંચળ ધરી કવાથ કરીને પાય,
વાત ગુલ્મ તો તે થકી; ઝટ પાચન તે થાય. ૧

પિત્ત ગુલ્મે—નિંમ્બદલાદિ પાચન કવાથ.

( દોહરો )

દ્રાક્ષ, કૂટકી, નિંમ્બદલ, કવાથ ગોળ સહ સેવ,
પિત્ત ગુલ્મ પાચન કરે, પુર્ણ સૌર્યમય એવ. ૧

પિત્ત ગુલ્મે—સર્કરાદિ ચુર્ણ.

( દોહરો )

આમલકી[૧], ને નિમ્બદલ[૨], સિતા[૩], જેઠિમધ[૪]; સાર,
ચુર્ણ મધૂ સહ ચાટતાં; પિત્ત ગુલ્મ લે હાર, ૧

કફ ગુલ્મે—વચાદિ પાચન કવાથ.

( દોહરો )

યવાન, વજ ને ત્રીકટૂ, ચુર્ણ પાણિમાં લેહ,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાચન કફ ગુલ્મે વડી, ગણું ઔષધી તેહ.

કફ ગુલ્મે—યવક્ષારાદિ ચુર્ણ.

( દોહરો )

વજ, મરિ, ને જવખારનું, ચુર્ણ મુત્ર ગૌ માંહ્ય,
ભેળિ પિતાં ભઈલાલ કહે, ગુલ્મ કફાદિક જાય. ૧

ગુલ્મ રોગમાં પથ્યાપથ્ય.

॥ श्लोक ॥

धातापित्त कफ गुल्मे न विदाहीनिच भोजने ॥
वरूणा एलाकणा धान्यं, गुल्मरोगो हराःसदा ॥ १ ॥

અર્થ—વાત, પિત્ત, અને કફગુલ્મમાં દાહકારક ભોજન ખાવા આપવું નહીં તેમજ વાયવરણો, એલચી, પિંપર ને ધાણા તે પણ નિત્ત ગુલ્મ રોગને હરનાર છે.

## ગુલ્મ રોગની ચિકિત્સા સમાપ્ત.

## અજીર્ણ રોગની ચિકિત્સા.

અજીર્ણ થવાનાં કારણ

( ભુજંગી છંદ )

ઘણું નીર પીધે જમ્યાથી વિશેષે
વધુ ઉંઘતાં કે જતાંમાં બિદેશે
મળા મુત્રના વેગને રોકવાથી
વધૂ દુઃખ પામે અજીર્ણો થવાથી ૧
વળી ક્રોધને શોક બીકે ભરેલો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધુતારો છકેલો અને શુન્ય ઘેલો
સદા તે અજીર્ણે રહેછે વિકારી
ભઇલાલ ભાખે નિદાને વિચારી ૨

## અજીર્ણના ભેદની અનુક્રમાણીકા

( દોહરો )

[૧]વીદગ્ધા, [૨]વિષ્ટબ્ધને' [૩]રસશેષા, ને [૪]આમ
વળી વિષૂચિ એ મળી, પ્રથકવાર છે નામ
એ ત્રિણુ વિષૂચિનાં વધૂ, નામવાર છે ભેદ
કહે ભઇશંકર' હુંકમાં, સર્વ બતાવું તેહ ૨

## વિષૂચિ અજીર્ણનાં લક્ષણ.

( મનહર છંદ )

મુરછાને મુંગળીની, વાટયે ઝાડા વધે વધૂ
વમન ને પાણી શોષ, વિશેષજ થાય છે
શુળ ચકરીને દાહ, બગાસાં વિકારે વળી
ધ્રુજારીને, હદે દુઃખ' પ્રથમ જણાય છે.
વળી રંગ શરીરનો, ફેર રૂપે તદ ફરે
પગમાંહી બાઝે પાટય, નહીં રહેવાય છે
ભઇલાલ નહીં વ્હેમ' નિદાને લખેલું એમ
વિષૂચિકે કોલેરા એ' રોગ કહેવાય છે ૧

## વિષૂચિ અજીર્ણના ભેદની અનુક્રમાણિકા

( દોહરો )

[૧]અલંબીકા, ને [૨]અલસક, વિષૂચિનાં છે નામ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઈશંકર, એ ભેદનું, શાસ્ત્ર નિદાને આમ ૧

## આમાજીર્ણે—ધાન્યાદિ પાચન કલ્ક

( દોહરો )

ધાણા, સુંઠનું કલ્ક તે' પાણિ સાથમાં પાચ
આમાજીર્ણે તે થકી, જરૂર ફાયદો થાય ૧

## વિષૂચિ અને અન્નરસ શેષે—સુંઠયાદિ પાચન ચુર્ણ

( દોહરો )

સંઠિ, વજ, સુંઠી, કુષ્ટને, સંચળ સાથ ચવાન
ઉષ્ણ નીર મહિ ચુર્ણતે, કરે રોગિ જો પાન ૧
વિષૂચિકા તો તેહથી, હિણ પુર્ષાર્થિજ થાય
ભાઈશંકર કહે તે થકી, અન્નરસ શેષ ખણાય ૨

## રસશેષને અજીર્ણ વિષે—સુંઠયાદિ ક્વાથ.

( ઇંદ્રવિજે છંદ )

સુંઠ, ગળો' સંઠિ ધાન્યજ, મોદક
સંચળ સાથ સદા. સુખકારી
પિંપર, દારૂ' પ્રમાણ કરી પછિ,
લે સમ ભાગ નિરે સહુ ધારી
શેષ રસો તદ જીર્ણ વિષે
ગુણિ ક્વાથ કરી પિવતાંજ વિચારી
કહે ભઇલાલ કવી ઈનથા દિન
રોગ રહે દુર ક્વાથ નિહાળી ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અજીર્ણ રોગે—હરીતકયાદિ ચુર્ણ

॥ શ્લોક ॥

हरीतकी पिप्पलि दीप्यकं सठी
सनागरं तुंबुरु हिंगु सैंधवम् ।
सौ वर्चलेनापि युतं तु चूर्णकं
सजीर्णकं हन्ति सदैव सेवितम् ॥ १ ॥

અર્થ—હરડે, પિંપર, અજમોદ, ષડ કચુરો, સુંઠ, ધાણા હિંગ, સિંધવ, સંચળ એ સર્વે ઔષધોનું ચુર્ણ સદવ સેવવા માં આવેતો તે અજીર્ણને મટાડે છે.

## શૂળ અને વિષૂચિ રોગે—ધવાદિ કવાથ

( દોહરો )

ધવા; સરસ, બદરી તથા, સાદડત્વચા; સમાન
કવાથ કરીજ પિતાં હરે; વિષૂચિ શૂળ, મહાન ૧

## શૂળ; અજીર્ણ; ને વિષૂચી રોગે—ક્ષાર પાન

( દોહરો )

કેળ; સંખના ક્ષારનું, પાણિ કરી તૈયાર
સંચળ' હિંગ, સમાન તે; ચુર્ણ કરી મહિ ધાર ૧
મિશ્ર કરી તે સર્વને, ત્રણ વખત તે પાય
શૂળ મટે, વિષૂચિ મટે, અજીર્ણ પાચન થાય

## વિષૂચિકા રોગે—માતુ લુંગાદિ પાન

( સવઇયા છંદ )

બીજોરાનો રસ લે તેથી' બમણી કાંજી તે મહીં ધાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને ભૂખને તર્ષ ખોરાક એવો
મળ મુત્રનો વેગ તદાપિ તેવો ૧
અજીર્ણે ભૂકી સુધ્ધ અંગ થાએ
તદ ચિન્હ આ ઉતરાર્ધ્ધી જણાએ
આ જ્ઞાન ભાઇલાલનું સ્વરૂપમાં છે
ભ્રમા ગમ્યું ચિત્ત સદા કરે છે ૨

## अजीर्ण रोगनी चिकित्सा समाप्त.

## क्रमि रोगनी चिकित्सा.

### ક્રમિ થવાનાં કારણ

( દોહરો )

અજીર્ણ પર ભોજન કરે; મધુર, આમ્લ; સેવાય
કઢી, સાર એવા બિજા; પ્રવાહિદ્રવો; ખાય ૧
[1]પિષ્ટ ગુડ [2]ભોક્તા તથા; [3]વ્યાયામે [4]વરજીત
[5]દિવાસયાનો જન જથા, થાય ક્રમીનો હીત ૨
વળિ [6]અગરૂ ને દૂધનો; કરે જનો જે હાર
ભાઇશંકર તેને પિડે; ક્રમીરોગ તે સાર ૩

### ક્રમીરોગ થવાનાં પાપ રૂપ કારણો.

( ભુજંગી છંદ )

કરી નાત્યમાં કલેશ ને વૈર સાંધે
કટા વૈરિઓ જુદ્ધ જાવા પ્રબોધે

૧ લોટ ૨ સેવવું ૩ કસરત ૪ ત્યાગ કરેલ ૫ દીવસે સુચન કરનાર ૬ ગાળેલાં મરેલાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંચળ; હિંગ સમાન ગ્રહી, કરિ ચુર્ણ પછી તેમાં અનુસાર ૧
તે પિવા થકી મ્હાન વિષૂચી. ત્રાડે તર્ત તપાસી તાળ
ભઈશંકર; આ પાન કરંતાં; કૃતાંન્ત સરખા કંપે કાળ ૨

## વિષૂચિકા રોગે—અંજનવર્તિ

॥ श्लोक ॥

फलत्रयं व्योष करञ्जबीजं रसं तथा दाडिममातुलङ्ग्याः ।
निशायुतं पेष्यकृताच्च वर्तिस्तदञ्जने हन्ति विषूचिकांच ॥ १ ॥

અર્થ—હરડાં, બેહેડાં, આમળાં; સુંઠ; પિપર; મરી' કરંજનાં બીજ; દાડિમનોને બિજોરાનો રસ; હળદર એ સઘળાં ને વાટિને તેની વાટ બનાવી તે આંખમાં આંજવાથી વિષૂચિકા નામનો રોગ મટે છે.

## હાથ પગની ચઢેલી ખાલીને વિષૂચિ રોગે રાસ્નાદિ, મર્દન

( દોહરો )

ઈંદ્રિવારૂણી, દારૂ; વજ; સુંઠ; સવા ઉપલેટ
રાસ્ના; સિંધૂ; સમ ધરી. વાટય કાંજીમાં નેટ ૧
તે ઔષધ મર્દન થકી, મટે ખાલિ પગ હાથ
ભઈશંકર; એ સેવતાં; જાય વિષૂચી સાથ ૨

## જીણહાર ( અજીર્ણ મટયા ) નાં લક્ષણ

( શ્લોક રાગ )

ઉર્દ્ગાર સુધ્ધીથિ ઉત્સાહ વાધે
સુ પુષ્પ સુ અંગ પ્રફુલ્ય લાધે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂડાં કલ્પ જે વૃક્ષ તે દેખિ કાપે
ક્રમીરોગ તો અંગમાં સદદ વ્યાપે ૧

## ક્રમિ ઉત્પન્ન થવાનાં સ્થાન ને તેના ભેદ

( દોહરો )

કફ, પસિનો, લોહી તથા, વિષ્ટાથી એ ચાર
વીસ નામછે તેમનાં, સર્વ ક્રમી ઉચ્ચાર ૧
મુખ્ય ભેદ તેના તદા, બાહ્ય અંતરે બેજ
કહે ભઇશંકર સજ્જનો, સહુ સમજાવું સેજ ૨

## બહારના મળ તથા મેલથી થતા ક્રમી વિષે વિચાર

( દોહરો )

વાળ વસ્ત્ર વાસી ક્રમી' તલ જેવા તે થાય
મોટી જુ નાની લિખો' પ્રથક નામ કહેવાય ૧
ત્વચા રોગ તેથી બને, ગડગૂમડ' ખજુઆળ
વળી, * પિટીકા, ઉંદરી' થાય કહે ભઈલાલ ૨

## પેટમાં પડેલા ક્રમીનાં લક્ષણ

( ચોપાઈ છંદ )

શારિર રૂપ તેજી પલટાય
તાવ શૂળ ચુંક અંગે થાય
હ્રદે દુઃખ વ્યાપેજ વિશેષ
સુસ્તિ, ભ્રમણા પીડે કેશ ૧
અન્ન અભાવે છોડે છેડ
અતીસાર લે તેની કેડ

---

* ફોલ્લા તથા ફોલ્લીઓ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો ક્રમી પેટ પડયાતે જાણ્ય
દે ભઇલાલ નિદાન પ્રમાણ ૨

### ક્રમિ પાડવા સારૂ....ક્રિમિજીતાદિ ચુર્ણ

( દોહરો )

વાવડિંગ[1], અજમોદ[2]' વજ[3], પલાસબિજ[4], સંડિ[5] હિંગ[6]
ત્રિ વિશ્વા' ધરી તેહમાં, ચુર્ણ કરોજ અભંગ ૧
ઉષ્ણનિરે તે પાવતાં, ક્રમી પડે તતકાળ
ભઇશંકર ગુણિ આ દવા, હરે ક્રમી વિષ જાળ ૨

### શિગ્રુ આદિ પાનક

( દોહરો )

મરિ[1], ગંઠોડા[2]' વાવડિંગ[3]' ત્રિવૃત[4], શિગ્રુ[5]. યવાન[6]
ગૌ મુત્રે, અલિ તે પિતાં, મરે કૃમી અવસાન ૧

### ક્રમી રોગપર....કટુ વૃંદાવનાદિ કલ્ક

( દોહરો )

મોથ[1], વારૂણી[2], ત્રીફળા[5], ઉંદરકનિ[6] એ સાર
શિગ્રુ ધરી તે સાથમાં, તેલિ દારૂ, સમધાર ૧
નિર ધારી તે ખલ કર્યે, કલ્ક થાય તૈયાર
ક્રમિ[9] શત્રૂ, પિંપર[10] તણું, ચુર્ણ ધરો તે વાર ૨
તે પીતાં ક્રમિ પિડસૌ તર્ત તજે ઉલ્લાસ
ભઇશંકર આ શેવતાં, કરવો *દીનપવાસ ૩

* તે દિવસ અપવાસ કરવો દિનપવાસ આશબ્દમાં **ન** શબ્દમાંજ **અ** નો સમાવેશ થાયછે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ક્રમી રોગપર—કંમ્પિલ્લાદિ કલ્ક

( દોહરો )

બિડ[1]; કંમ્પિલો[2], વાવડિંગ[3] દન્તિ[4]' નસોત્તર[5] એહ
લસણ[6], સુરસા[7], ત્રિફળા[10], દારૂ[11], પિંપરી[12], તેહ ૧
કલ્ક કરી નિરમાં પિતાં, ક્રમી પિડયા સૌ જાય
સ્વર્ગ વિષે ક્રમિ રોગપર આજ દવા વપરાય ૨

## અસાધ્ય ક્રમી થવાનાં કારણ

( છંદ ઇંદ્રવિજે )

આજીરણે જન બોધ ભર્યો
અબળા તણિ પાસ જતાં અકળાએ
કામ બન્યા વિણ વિર્ય છૂટે તદ,
વિર્ય મટી ક્રમી રૂપ જણાએ
તે વિચરે વદને વકરી, વધ
તંતુનિ સાથ સદાય વણાએ
કહે ભઇલાલ દવા વિણ દાધ,
પડે ન પડે કદિ ક્રોડ ઉપાએ ૩

## અસાધ્ય ક્રમિપર ઔષધોપચાર

( ભુજંગી છંદ )

ક્રમી રોગ અસાધ્યરે થાય જેને
દિવેલાદિ રેચો દિઓ ઝટ તેને
કરો બસ્તિને દાહ ક્રીયા કરાળી
ક્રમી રોગમાં તે વડી દિવ્ય ભાળી ૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### અસાધ્ય ક્રમી રોગપર....પ્રયોગ–૨–જો

( નારાચ છંદ )

ક્રમી વિષે દવા વડી, પ્રભૂજી નામ જાપવું
ન જુઠ્ઠું વેણ બોલવું જ, સત્ય વાકય થાપવું
ન ક્રોધ, ક્ષોભ, લોભ, મોહથી તમે જરા ડરો
પ્રભૂ સ્તુતી પુકારતાં, સુ કર્મ હાથથી કરો ૧

### ક્રમિ રોગે—કૃષ્ણ નામ જાપની મુખ્યતા

( દોહરો )

ક્રમિ રોગે કરૂણા નિધી, જપશ્રી કૃષ્ણ *વિશેષ
તેહ નામ આશ્રય થકી, વ્યાધિ પિડે નહિ લેશ ૧
આધ, અંત રક્ષા કરે, એમ એહનું શૌર્ય
ભઇશંકર, શું ગુણ ગણે, દિર્ઘ = પ્રશંશિત વિર્ય ૨

## क्रमि रोगनी चिकित्सा. समाप्त

## मंदाग्निनी चिकित्सा,

### મંદ જઠરાગ્નિ થવાનાં કારણ

( દોહરો )

કફ પિત્ત, વાયુ; તેમની, અધીકતાથી એમ
કે સમતાથી મંદ સમ, તિવ્ર વિષમ તે તેમ ૧
એ રીતે વેદોકિતથી, જે જઠરાગ્ની થાય
ભઇશંકર નીદાનમાં, સમ રીતે કહેવાય ૨

* વિરએવો = કોઇ દેવાંશીના વિર્યથી ઉતપન્ન થએલ હશે!

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## તિક્ષણાગ્નિ ( ભસ્મક ) નાં લક્ષણ

( દોહરો )

અન્ન પચે પછિ રક્તને, જરૂર પચાવે જેહ
અંગ સંધિ નિરબળ કરે, કુજઠરાગ્ની તેહ ૧
અન ખાતાં સુખ ઉપજે, પછી તૃષાને શ્વાસ
મુર્છા સાથે બળતરા, તણો થાય જો દાસ ૨
તો જાણો વૈદો તમે, મંદ અગ્નિની મ્હેર
ભઇશંકર પાસે જતાં, કરે સુખાબ્ધી લ્હેર ૩

## મંદાગ્નિ રોગે...લઘુ વડવાનળ ચુર્ણ

( દોહરો )

સિંધવ[1] પિંપરીમૂળને[2] ચવક[3], પિંપરી[4] સુંઠ[5],
ચિત્રો[6] હીમજ[7] સર્વ એ, ચઢત ચઢત લૈ ધુંટ. * ૧
વસ્ત્રગાળ એ ચુર્ણથી, મટે વાયુ બહુ ભાત,
ભઈશંકર મંદાગ્નિમાં, વડવાનળ વિક્ષાત = ૨

## મંદાગ્નિ રોગે—શ્રેષ્ટ વડવાનળ ચુર્ણ.

( મનહર છંદ )

ચીતરા[1] કિરાજીમૂળ[2], બીલિ[3] બળવાહી[4] સ્થુળ,
સુંઠ[5], સોમ[6]; હરડેને[7], કાચ્ચકાં[8], વિહારિએ,
પિંપર[9] પાનોળ[10], નખ[11]; તજ[12], વજ[13], ને ચવક[14],
પંદરમું જાયફળ. સમભાગ ધારીએ;
કડુ મરી, દેવદાર, તેહ[1] ત્રીજે ભાગ ધાર

* ધુટિએ = પ્રસિદ્ધ ૧ ત્રિજા ભાગમાં તે નાંખવુ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાંખી નિમ્બૂરસ મહીં સારૂ અનુસારિએ,
ભઈલાલ હરી દુઃખ, પળમાં પમાડે સુખ્ખ;
વડવાનળ ચુર્ણ વિધી; એમ એ વિચારિએ. ૧

* અગ્નિ મુખ ચુર્ણ.

॥ श्लोक ॥

हिंगु पिप्पलि सनागरा वचा दीप्यकाग्नि सहरीतकी गदः
भाग वृद्धि विनियोज्य चूर्णीतं क्षार योग लवणत्रयैर्युतं ॥ १ ॥
पीत मात्र सुरयाच काञ्जीकैर्म सलिलेनवा पुनः ।
प्लीहशूल गुदजाविबन्धकं हान्ति दीपयति वान्हिमौदरम् ॥ २ ॥

અર્થ—હિંગનો એક ભાગ, પિંપરના બે ભાગ, સુંઠના ત્રણ ભાગ, વજના ચાર ભાગ, અજમોદના પાંચ ભાગ, ચિત્રાના છ ભાગ, હરડેના સાત ભાગ, ઉપલેટના આઠ ભાગ; એ રીતે વજને લઇ એ સઘળી ઔષધીનું ચુર્ણ કરવું પછી તેમાં જવખાર, સાજીખાર; સિંધવ, સંચળ, વરાગડું; એવા બે ખાર, કે ત્રણ લવણનો એક એક ભાગ લઇને મેળવવો, એ ચુર્ણને મદિરા સાથે અથવા કાંજી સાથે અથવા દહીંના પાણી સાથે; અથવા ગરમ પાણી સાથે સેવવાથી બરોળ, શુળ; આર્શ અતિસાર, સર્વ રોગ મટેછે. તથા જઠરાગ્નિ પ્રદિપ્ત થાયછે,

મંદાગ્નિ રોગે—હિંગાષ્ટક ચુર્ણ ગુટિકા,

( જેકરી છંદ )

હિંગ, સુંઠ; અજમો; ને જીરૂં; મરિ સિંધવ; પિંપર સ્હાજીરૂં-૧

* આ ચુર્ણ હારિતમાંથી લિધેલ છે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિમ્બૂ. આદ્રરસે; મેળવી. કરો ગુટિકા તે કેળવી. -૨
મંદાગ્નિ વ્યાધિ તે હરે ભઇશંકર જે કંઠે ધરે. -૩

## મંદાગ્નિ રોગે—નરસિંહ ચુર્ણ ગુટિકા.

( દોહરો )

તલ,[1] ત્રીકટુ,[4] ને ત્રીફળા,[7] ભલ્લાતક સમ ભેળ્ય;
કપડ મટ્ટિ તેને કરી; મધ સાથે તે મેળ્ય. ૧
પછી તેનિ ચણિ બોરશી, જેહ ગુટીકા થાય;
દહિ સાકર શું સેવતાં અજીર્ણ આર્શા પલાય. ૨
મંદાગ્ની, મદ ક્ષીણતા, ભિન્ય રોગના ભેદ,
ભઇશંકર નરસિંહ આ. કરે દર્દ સહુ કેદ, ૩

## મંદાગ્નિ રોગે—લસણાદિક ચુર્ણ ગુટીકા,

( દોહરો )

લસણ,[1] જીરૂં;[2] ખારેકને,[3] સિંધવ;[4] મરિ,[5] ને સુંઠ,[6]
પિંપર,[7] સંચળ,[8] હિંગ[9] સૌ, નિમ્બુરસમાં ઘુંટ. ૧
એ લસણાદિક ચુર્ણનો અજીર્ણ પર; ઉપિયોગ,
કહે ભઇશંકર સર્વદા, કરે વાયુનો ભોગ, ૨

## વમન ને વાયુરોગે—સર્કરાદિ ચુર્ણ

( દોહરો )

મરિ,[1] જીરૂ,[2] ને શર્કરા;[3] સિંધ્રવ[4] ભેળવી ખાય,
કહે ભઇશંકર તો તદા; વમન વાયુ તે જાય.

**मंदागनि रोगनी चिकित्सा समाप्त.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# * आर्श रोगनी चिकित्सा,

## આર્શ રોગનું સંપ્રાપ્તિક પુર્વરૂપ.

( દાહરો )

વાયુ આદિ વીકારથી, ત્ત્વચા; માંસ; ને મેદ,
રૂપ, પલટી મળ દ્વારમાં, દિશે અંકુરે તેદ. ૧
ગુદા મૂખ જાતે વધી, સુક્ષ્મ રૂપે દેખાય,
ભઇશંકર, આ રોગને, આર્શ એમ કહેવાય, ૨

## અસાધ્ય આર્શનું રૂપ દર્શ.

( દોહરો )

હાથ, પાદ મળદ્વારને. નાભિ મૂખપર સોફ,
-હૃદય પાંસળાં જો દુખે, અસાધ્યને એ રોફ. ૧

## આર્શ રોગના ભેદની અનુક્રમણિકા.

( દોહરો )

વાત[1], પિત્ત[2], કફ[3]; રક્તને[4], દ્વીજાતી[5], ત્રીદોષ[6],
ચક્ર રૂપે ભઇલાલ એ, કરે રક્તનો શોષ. ૧

## આર્શ ઉત્પન્ન સ્થાનક દર્શક. =

( દોહરો )

ગુદા[1], નાસિકા[2], કાનને[3], વર્ત્મ[4], નેત્રની[5] માંહ્ય
યોનિ મધ્યને લિંગમાં, આર્શ સ્થાન છે ત્યાંહ્ય. ૧
કષ્ટ સાધ્ય તે જાણવો, મટે કર્યે ઉપચાર,

* ગુજર્જરી લોક આ રોગને હર્ષ એ નામથી બોલેછે, પરંતુ ખરો પુર્વાપુર્વી શબ્દ આર્શજ છે. = આર્શ ઉત્પન્ન થવાનાં સ્થાનક દેખાડનાર ૧ આયુર્વેદ નિયમાનુસાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે ભઇશંકર કહે, લહો વૈદ વીચાર. ૨

### આર્શ રોગના ઉપદ્રવ,

( હરિગીત છંદ. )

આર્શ રોગે હાથ ને પગ; મુખ, નાભિ, ને ગુદ લિંગ જ્યાં
બહુ શોફ ને વળિ શોષ સાથે, તાપ ત્રાડે તેહ ત્યાં;
તમક નામે શ્વાસ વાધે; ઉલટી, મોહ વાધે વધૂ;
અરૂચી ઝાડો કબ્જ ને, શુળાતિસારજ તે સધૂ. ૧

### આર્શ રોગ થવાનાં પાપરૂપ કારણો.

( ભુજંગી છંદ )

બની છાકટા સ્ત્રી તણા ગર્ભપાડે;
ભરી પેટ પાપે બધા દીન કાઢે,
દિધૂ દાન માગી; ફરી પાછુ નાપે;
ખરે આર્શ તેને પિડાકારિ વ્યાપે;

### આર્શરોગે—ભલ્લાતકાદિ કલ્ક.

( દોહરો )

પિંપર,[1] દન્તી,[2] વાંવડિંગ,[3] ભલ્લાતક,[4] ઉપલેટ,[5]
તલ,[6] ધાણા;[7] એ સર્વનો, કલ્ક કરો સમ * નેટ, ૧
તેહ કલ્ક નિરમાં ધરી, પિતાં આર્શ બુઝાય.
ભઇશંકર આ ઔષધી, આર્શ પચન કહેવાય; ૨

---

* સત્ય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આર્શ રોગે—નાગરાદિ કલ્ક.

( દોહરો )

બિલિ; પિંપરે, ને વાવડિંગ, સુરિ સુંઠ હરડે, સાર
ત્રિવૃત, કલ્ક. એ ગૂડમાં, પિતાં આર્શ ક્ષય પાર, ૧

## આર્શરોગે—પત્રકાદિ કવાથ,

( દોહરો )

પત્રક, કેસર, વાવડિંગ, સુંઠ, એલચી ધાન્ય
તલ ધરિ કવાથ કરી ધરે;, હરડ. ઘૃત્ત, ગુડ, માન્ય. ૧
ગુદા ઉપર ના આર્શ તો, ખાસ હરે, ઉપભોગ,
ભઇશંકર જો મેળવે, આ ઐાષધનો જોગ. ૨

## ગુદા આર્શ રોગે—પિપલ્યાદિ પ્રયોગ.

( દોહરો )

પિંપર, હરડે ચૂર્ણ તે; ગોળ મેળવી ખાય;
તો ભઇશંકર તે થકી, ગુદા આર્શ સો જાય. ૧

## આર્શ રોગે—વાતાર્ક પ્રયોગ;

( દોહરો )

વાતાર્કફળ બાફીને, તેનો રસજ નિચોવ,
શ્વેત તુળશિરસ; ને દહીં, તેમાં નાંખી * ઘોળ. ૧
તે મિશ્રણના પાનથી; આર્શ રોગ એ જાય;
ભઇશંકર આ ઐાષધી; મંગળ રૂપ મનાય.

* મિશ્રકર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુદાકિલ રોગે—ભલ્લાતક વટક,

( દોહરો )

= મગધાંમુળ; ને ત્રીકટ વાવડિંગ ને ચિત્ર,
ભિલામા, મહીં સમ ધરી ભેળો ધરિ મન હીત, ૧
બમણો ગોળ ધરી કુટી, ભરો રીઢું જે પાત્ર
નિત્ત ધૈર્યથી તે પછી; ખાવૂં તોલો માત્ર. ૨
તો તેનાથી શૂળને ગુલ્મ જઠરના રોગ;
આર્શ બુઝાવી સ્હેજમાં, કરે હર્ષ વત યોગ્ય,

## આર્શ રોગે—ભલ્લાતક ચતુષ્ટય

( દોહરો )

ભીલામા; તલ, હરડેને; ગોળ મેળવી ખાય
નિત્ત પ્રતિદીન સેવતાં, આર્સ રોગ ઝટ જાય. ૧

## આર્શ રોગે....દેવાળુફળ મજ્યાનિ લેપ.

( સોરઠા છંદ )

કૂકડ વેલી બીજ, ગાય મુત્ર માંહે વસી
ભઈશંકર તતબીજ, આર્શ મૂળથી જાય છે. ૧

## ગુલ્મ, આશ;ને આમ રોગે—રસોન વલેહ

( દોહરો )

લસણ, નસોત્તર સમ ધરી, તીન પ્રહર તે ઘોળ
ને પાછ તેમાં ભેળવો; રણ્ડિ તૈલ, ને ગોળ ૧

---

= પિંપરીમૂળ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે અવલેહ પિવા થકી, શાંન્તિ ચિત્તમાં થાય
ગુલ્મ' આમને આર્શતો, અધ્ર તજી ઝટ પટ જાય ૧

રક્ત આર્શ રોગે—અમંગાદિ કલ્ક
( કુંડળીઆ છંદ )

અમંગા' સાદડત્વચા, *શ્યામ કમળ સૌ તેહ
શાલ્મલિ મુળ તે સમ ધરી, અજા દુગ્ધમાં એહ
અજા દુગ્ધમાં એહ, ઘુંટી ઘુંટી પિવાથી
રકત આર્શનું દુઃખ' ઝટતો બૂજે તેથી
કહત કવી ભઇલાલ, કલ્ક આ સદા | અભંગા
તેમાં સૌથી શેષ્ટ, ત્વચા સાદડ અમંગા ૧

ચતુઃસમ મોદક— આર્શને, ક્ષિણ વિર્ય રોગે
( દોહરો )

વૃધ્ધ દારૂ, પુષ્કળ, સુંઠ, ગોળ ધરી સમ તેહ
તોલાપુર ગુટિકા કરો, છે અમૃત રૂપ એહ ૧
વૃધ્ધ પુરૂષ તે સેવતાં, કામિ અતિષે થાય
ભઇશંકર આ ગોળિથી આર્શ રોગ એ જાય ૨

આર્શને મંદ જઠરાગ્નિ રોગે—=ચુષણાદિ મોદક
[ દોહરો )

પુષ્કળ, =ચુષણ, હરડને; તલ ચિત્રાજ વિડંગ
સમ ઔષધ સૌ તે લહી, ગોળ સાથ કર =મંડ ૧
પછી ગોળિ તેની કરી, પ્રાઃતકાળે ખાય

* કાળું કમળ = પોયણું | કોઈ દીવસ ભંગ ના થાય તેવું = લોચો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આર્શ મંદ જઠરાગ્નિનો, વિના શ્રમે દુર થાય ૨

## શુળ, સરદી, આર્શને; પાણવીરોગે--શંબુકાદિ વટી=ગુટિકા

( રૂચીરા છંદ )

શશીભૂંજ, એ શંખ ભસ્મ લ્યો, લોહ ભસ્મ લ્યો અષ્ટ ધરી
યુગ્મ વેદમાં. સાકર ભેળી, વેદ રસાંજન ભાગ ધરી
મધ ગોળી તેહ બનાવિ' ખાશે ચાવિ જે શાણો
શુળ, શર્દિને' આર્શ, પાણવી; થકો દૂર તેને જાણો ૧

( દોહરો )

શંબૂકાદી એ વટી, એહ પ્રકારે થાય
ભદ્રશંકર, એ રીતથી, સૌ રોગે પસરાય ૧

## આર્શ રોગે....લવણોત્તમાદ્ય ચુર્ણ

( દેહરો )

સિંધવ, ચીત્રો, ઇંદ્રયવ. બકામનિમ્બદલ, નેટ
કરંજ ધારી તે મહીં, વાટય *તર્કમાં તેટ ૧
તે ઓગાળી સાત દિન, પિતાં આર્શ તે જાય
ઉત્તમ જાણી ચુર્ણઆ. આ સ્થળમાં લખવાય ૨

## અર્શાને ઉદર રોગે—એલાદિ ચુર્ણ

( ઝુલણા છંદ ]

સુંઠ મુનિ ભાંગમાં ષટ ધરો પિંપરી
બાણ વિભાગ' મરી માંહ્ય ભેળો

* છાશ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાગ કેસર ધરો; વેદ વિભાગમાં
પત્રક વન્હિ; વીભાગ; મેળો ૧

ત્વક ધરો દ્વિત્યને, એલચી તો શશિ
ચુર્ણ તે, શર્કરા માંહી ધારો
આર્શને ઉદર તે' પાવતાં તો મટે
ભાઇલાલે, લખ્યું તે વિચારો ૨

## આર્શ રોગે—ચવ્યાદિ ધૃત્ત

( દોહરો )

ચવક, પાઢ મુળ, ત્રીકટુ' મગધા મુળ; બિલિ; ધાન્ય
નિશા; સુરસા' ને જીરૂ, સિંધવ હરડ; સમાન્ય ૧
ગાય ઘૃતમાં પકવ તે; રૂડી પેર જો થાય;
તે ધૃત પીતાં ચોળતાં આર્શ દુખ દૂભાય. ૧

## રક્ત આર્શ રોગે—કૂટજાદિ દુગ્ધ.

( દોહરો )

કુટજામુળ તાજું લહી; ને અરવિંદી ફુલ;
ખેરસાર; કેસર; ધરી; તથા ધાવડી ફુલ. ૧
દુગ્ધ સાથ ઉકાળિ તે; પ્રાતઃકાળ પિવાય
તો રક્તાર્શ પિડા બધી, કહે ભાઇશંકર જાય.

## આર્શ રોગે—ભલ્લાતકાદિ કલ્ક

॥ श्लोक ॥

भल्लातकं तुप्रस्थार्द्धं जल प्रस्थद्वयेनच ।
प्रस्थद्वयं तुगोदुग्धे पाचयेद्वान्हि नामतः ॥ १ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रस्थार्द्ध गोघृतं मुक्त्वा प्रस्थमानंतु शर्करा ।
तदोषधं पलार्द्धंतु आर्श यांतीच भक्षणात् ॥ २ ॥

અર્થ—બિલામા શેર, ૧) પાણી શેર ૪) ગાયનું દુધ શેર ૪) એ સર્વે એકત્ર કરી અગ્નીથી પકાવવું. ત્યાર પછી તેમાં ગાયનું ઘી શેર ૧, તથા સાકર શેર ૨) નાંખવી એ સર્વે કલ્ક થયા બાદ તેમાંથી એક પલાર્ધ લઇ પ્રાતઃકાળમાં રોજ રોજ ખાવાથી આર્શ રોગ જલદીથી નાશ પામેછે;

મનઃશીલાદિ ધૂપ—આર્શ ઉપર.

મનશીલ, ગુગળ, સુંઠને, સારસર્ષપ દેવદાર,
પૌષ્કળમૂળ; અને વળી, વિશલ્યા ને રાળ,
ધૃત મેળી તેનો પછી; ગુદા ધુમાડો દેહ,
કહે ભઇશંકર ના કદી; આર્શ રોગ મુળ રેહ. ૨

આર્શ રોગ ઉપર અપથ્ય.

( દોહરો )

સુકું માંસ, દહીં; માછલાં; તેલ, બીલિ વંત્યાક,
અતિ ભોજન ઉજાગરો, તે કરવું સહુ ત્યાગ. ૧

## आर्श रोगनी चिकित्सा, समाप्त

# शूळ रोगनी चिकित्सा.

શૂળ રોગની મૂળ ઉત્પત્તિ.

( ભુજંગી છંદ )

ત્રિનેત્રે રતીનો પતી મારવાને;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્યું હાથ ત્રિશૂળ સંહારવાને;
કરી ક્રોધ ફેંક્યું ત્રિનેત્રે જહારે,
છુપ્યો કૃષ્ણના અંગમાં તેણિવારે. ૧
ત્રિશૂળે ધરી પૂંઠને જાય જેવે,
વદે વિષ્ણુ હું સ્તબ્ધ રે શૂળ તેવે;
પછી ખાઈ મુર્છા મળ્યું પંચ ભૂતે,
ભઈલાલ છે શૂળની ઉત્પતી તે. ૨

શૂળ રોગ વ્યાપ્ત થવાનાં કારણ,
( દોહરો )

બહુ કસરત કે મજલથી; રતિ સુખ થાય વિશેષ
રૂક્ષ ધાન્ય ખાવા થકી, શીતળ નિર ઉદેશ. ૧
મગરૂ દૂધ સેવન થતાં કાષ્ટ પ્રહાર કવાય
શુક્ર વાયુ મળ મુત્રનો; સ્તંભ જરા જો થાય. ૨
કાંજી, બોર ખાવા થકો ક્રોધ મદ્ય અભિઆસ,
બહુ પરિશ્રમ કે મોહથી; થતાં અજીરણ શ્વાસ; ૩
શોક; હાષ્ય લવરી થકી, ભક્ષણ ક્ષાર કરાય;
ઉશ્ણ પદાર્થો સેવતાં, શૂળ પીડિત્ત થવાય. ૪
જળચર પક્ષી માંસનો, હોય સદા ખોરાક;
તો ભઇશંકર કહે સદા; પીડે શૂળ અથાગ. ૫

શૂળ રોગ થવાનાં પાપરૂપ કારણ.
( ભુજંગી છંદ )

પરીતાપ કોને કરે દુઃખકારી'
સ્વધર્મે ન ચાલે કુછંદી વિહારી,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુકર્મો કરી કેફમાં જેહ મ્હાલે,
તદા શૂળ તેને સદા અંગ સાલે; ૧

### સાધ્યા સાધ્ય શૂળ વિચાર નિર્ણય.

(દોહોરો)

એક દોષથી સાધ્ય, કષ્ટ સાધ્ય દ્વી દોષ
ત્રીદોષે ઉત્પન્ન થતું કરે પ્રાણનો શોષ. ૧

### શૂળ રોગની સંખ્યા.

(દોહરો)

વાયુ કુપિત જઠરાંન્તરે, શુળ સંખ્યા દશ થાય,
તેમાં ત્રણ[૩] વાતાદિકે ત્રણદ્વી[૬] દોષિ ગણાય. ૧
આમ[૭], નિરામ[૮], અજીર્ણને[૯], પરિણામશૂળ[૧૦], પેખ,
ભાઇશંકર કહે એ રિતે, શુળ સંખ્યા દશ દેખ. ૨

### અગીઆરમા શૂળ વિષે.

(દોહરો)

રક્તશૂળ અગીઆરમૂ, રક્ત બિગાડે થાય,
ભાઇશંકર વૈદ્ય થકી, નાડિ વિષે પરખાય. ૧

### શૂળ, જઠર, ને ગુલ્મ રોગે—હિંગ્વાદિ કવાથ

(દોહરો)

પૌષ્કર, મોથ પુનર્નવા, સઠિ; સંચળ, ને સુંઠ;
હિંગ ધરી કર કવાથ તે; હરે શૂળ, ખસ, ચુંટ. ૧
જઠર રોગ ને ગુલ્મનું, પાચન કરે પ્રમાણ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહર્ષિ પણ આ કવાથથી, કેવળ પુર્વ અજાણ. ૨

### વાતશૂળ રોગે—હિંગવાદિ ચુર્ણ.

( દોહરો )

સિંધવ, હિંગ, યવાનિકા, પથ્યા ને જવખાર,
સંચળ, તેમાં મેળવી, ચુર્ણ કરો તૈયાર. ૧
ઉષ્ણ નિરે જો તે પિબે; વાત શૂળ તો જાય;
ભાઇશંકર આ ચુર્ણથી. બિજા રોગ સમ થાય, ૨

### પિત્તશૂળે....દાડિમાદિ ચુર્ણ.

( સોરઠા છંદ )

બીજોરા રસ માંહ્ય, દાડિમ; હરડે, આમળાં,
પટ દેઇ જો ખાય, પિત્તશૂળ તો તે મટે. ૧

### કફ શૂળે....બિલ્વાદિ કવાથ.

( છંદ-હંસ ગમન. )

બિલિ, અરણી; અરડુસો ચિત્રં એ,
એરંડામૂળ, સુંઠ; હિંગ તે. ૧
સિંધવ; ભેળી કવાથ બનાવે,
પીતાં કફશૂળ તર્ત હઠાવે. ૨
નહીં એ જોટો વૈદ વિચારો,
કવાથ, અતર્ગુણ ક્ષેમ એ સારો. ૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પરિણામ શૂળે—ચિત્રકાદિ મોદક

( દોહરો )

વાવડિંગ, ચિત્રો, મરિ; દંતિમૂળ ને સુંઠ;
પિંપરિમૂળ ને ત્રીવૃતા, ગોળ સાથમાં ઘુંટ ૧
વડી ગુટી તેની કરી, પ્રાતઃકાળે ખાય;
ઉષ્ણ નિરે ભઈલાલ તો, પરીણામ શુળ જાય. ૨

## કૌમૌદિ કવાથ.

( ચુંકવાયુ, શુળવાયુ, બરોળ. અભેતરિ, અજીર્ણ ને સંતતજ્વરે. )

( રૂચિરા છંદ )

સુંઠ. મરિ, પિંપર ને સિંધવ, સંચળ સમ ભાગે ધરવો;
બીજોરાનો ગર્ભ નાંખિને, કવાથ પછી તેનો કરવો;
આ કૌમૌદી કવાથ કરેછે; ફના ચુંક; વાયું ગોળા,
શૂળવાયુ, બરોળ, દુઃખથી, મુક્ત થયા બહુ મેં જોયા—૧
વળી વ્યાધિ વિશેષ વિડારે, સ્વસ્થ દેહિ એ આધારે
જેનું મુલ્ય જરા નહિ મોંઘું, ને ગુણમાં છે બહુ ભારે;
અભેતરીનું મૂળ ઉખાડે, અજીર્ણ જ્વર અટકાવેછે,
ભઇશંકર તે * સંતતજ્વરને, શત્રૂ થઇ સપડાવેછે; —૨

## પિત્તશૂળે—ધાત્રીફળાદિ ચુર્ણ.

( દોહરો )

પથ્યા; મલકી, ત્રીકટૂ, વર્જીર ચુર્ણ સમાન,
તેને; બીજોરા તથા, દાડિમપૂટ વસાન; ૧
સાકર સાથે મેળવી, ચુર્ણ તેહ સેવાય;

* જ્વરમાંનો એક ભેદ છે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણ પ્રહરમાં તે તદા, ફના પિત્તશૂળ થાય, ૨

### વ્યાઘ્યાદિ કવાથ.

( કાસ, શ્વાસ, શૂળ; મંદાગ્નિ, કફ, આમ, અને વાયુદોષે )

( દોહરો )

ભોંયરિંગણી,[1] સુંઠ,[2] ગળો,[3] એરંડાનું[4] મૂળ,
કવાથ કરી પિવતાં હરે; કવાસ. શ્વાસને શૂળ ૧
મંદાગ્ની, કફ; આમને, વાયૂ દોષ વિશેષ;
કહે ભાઈશંકર લે હરી, અચળ આસની શેષ. ૨

### વાત પિત્તશૂળ—દુરાલભાદિ કલ્ક.

( દોહરો )

સુંઠ,[1] પટોળી,[2] પાંપડો,[3] મોથ,[4] ધમાસો,[5] કેળ[6] =
તેમાં આમલિ લિંબડો, સમભાગે સૌ મેળ. ૧
ધરી શર્કરા તે પીતાં વાત પિત્ત શુળ જાય,
ભાઈશંકર શ્રીજી થકી, ડાહ્યું કોન ⁘ ગણાય. ૨

### શૂળ રોગે—શાગર ગોટી પ્રયોગ

( દોહરો )

શાગર ગોટી,[1] હરડને,[2] સંચળ,[3] હિંગ સુરેશ
ભાઈશંકર આ શેવતાં, રહે શૂળ ના શેષ ૧

### પિત્ત શૂળ—જીવનત્યાદિ ઘૃત

( કદ છંદ )

જીવન્ત્યાદિ ના ચુર્ણમાં ઘૃત્ત ધારીજ

= કેળનાં પાનવાપરવાં ⁘ તેનો અર્થ એ. છેકે પરમેશ્વરથી વધારે ડાહ્યું કોઇ ગણાય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી પકવ દૂધ સકરામાં પિત્રાથીજ
મટે પિત્ત શૂળો ઘણો ગૂણ એમાંજ
ભઇલાલ એવો નહી ગૂણ કેમાંજ

પિત્ત શૂળે—કુશમુળાદિ કવાથ
( કુંડળીઆ )

કુશ[1], કાસ[2], ને શેરડી[3], ને ડાંગરનાં[4] મૂળ
વાળો[5] નેતર[6], મૂળ સૌ, સમ ભેળો નહિ ભૂલ્ય
સમ ભેળો નહિ ભૂલ્ય, કવાથ જો તેનો કરિએ
તો પિત્તાતિ શૂળ, દુઃખ શીદ અંગે ધરીએ
કહત કવી ભઇલાલ, કહો આ ઐાષધ કેવું
મૂળ ઉકાળી પિતાં; દેહનું દુઃખ સહુ ખોવું ૧

વાયું શૂળ, કફશૂળ, આમશૂળ,ને વિબંન્ધ શૂળે
દાવાદિ કવાથ
( દાહરો )

સુંઠ[1], દારૂ[2]' વાસા[3], અને' સંચળ[4] હિંગ[5] સંમાન
સુંઠ કવાથમાં ચુર્ણતે, ધરી કરે જો પાંન ૧
તો વાયુ કફ શૂળને, આમ, વિબન્ધક શૂળ
ભઇશંકર, ખાંતે ખણે, આધિ વ્યાધિનું મૂળ ૨

શૂળ રોગપર પથ્યાપથ્ય વિચાર ( પથ્ય )
( દાહરો )

સૌવિરસુરા[1], સુંઠને[2], હિંગ[3], મુળાને[4] ગોળ[5]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિંધવ; સંચળને સુવા, પિંપર શાબર ⁂ છોલ ૧
એ હિતકારી શૂળમાં, ઉત્તમ આપ ગણાય
ભઈશંકર, એ સેવતાં, જરા કજાના થાય ૨

* * * * *

અપથ્ય

( ભુજંગી છંદ )

નહીં દીવસે ઉંઘવું ભોંય પોઢી
નહીં ખેલવું રાનમાં લેઈ ઘોડી
વળી પિચ્છ* જેજે પદાર્થો જણાએ
સદા તેહ વર્જે અતિ સુખ્ખ થાએ ૧

## शूळ रोगनी चिकित्सा. समाप्त

## पांडु रोगनी चिकित्सा,

### પાંડુ રોગની સંપ્રાપ્તિને કારણુ

( શ્લોક રાગ )

ભોકતામ્લ, ક્ષાર, પદાર્થ તંદ્રા
મૃત્તિકા, અને મદ્ય દિનેત્ત નિંદ્રા
વળી તિક્ષ્ણું ભોજન જે કરે છે
કુસ્પાર્શે તો રક્ત તેથી ઠરે છે
તેથી ત્વચા રંગ પિળાશ મારે
આ દેર તે રક્ત ઉપ લક્ષણેરે
હારીતનું એમ છે વાકય કહેવું
ભઈલાલ ભૂલેતો નિદાન જોવું ૨

⁂ સાબરના સિંગડાની છોલેલી છોલ. * દહી વીગેરે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાંડુ રોગનાં પુર્વ રૂપ

( દોહરો )

ત્વચા ફાટિ, મુખ ફિણુ વળે; મૃત્તિકા ઉપર ભાવ
નેત્ર ગળે, સોજો ચઢે, થાય વાયુનો શ્રાવ ૧
પિળો રંગ મળ મુત્રનો; ભઇશંકર, એ ખેલ
ખાધુ પચેના, દીલ ગળે' પાંડુ રોગની પ્હેલ ૨

## પાંડુરોગ થવાનાં પાપ રૂપ કારણો

( ભુજંગી છંદ )

લબાડી; લફંગા, કરે બ્રહ્મ હત્યા
ગરીબો પિંડે રાજ્યની વીણુ સત્યા
સગાં સ્નેહિ કે નાત્યથી દૂર થાશે
તદા પાંડુ તે પંડ માંહી ભરાશે.

## પાંડુ રોગની સંખ્યા

( દોહરો )

વાત[૧], પિત્ત[૨], કફ[૩], પાંડુને સન્નિપાત[૪] મૃત્તિકાર[૫]
કહે ભઇશંકર; એ રિતે, પાંડુ પાંચ પ્રકાર ૧

## પાંડુ રોગની સામાન્ય ચિકિત્સા

( રૂચીરા છંદ )

વાત પાંડુ, પાચનથી ત્રાશે, પિત્ત વિરેચનથી વામે
કફ પાંડુમાં વમન આપતાં, સર્વ દોષ સ્હેજે નામે;
એ રીતે સામાન્ય ચિકિત્સા, જથા વૈદ જે જાંણે છે
તેજ વૈદ ભાઇલાલ કવી કહે, અંત પાંડુનો આણે છે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### વાત પાંડુ રોગે—માગધીઆદિ પાચન ક્વાથ

( હરિગીત છંદ. )

દશમૂળ, સુંઠનો ક્વાથ તે, પિંપર ધરી પાવે તદા
મારૂતી પાંડુ તે થકી, પિડ સૌ તજી ત્રાડે સદા
હિતકાર ઔષધ એ સદા; પંડિત વૈદે જાંણવું
પાચન સદા તેને ગણી, પાંડુ વિષેજ પ્રમાણવું ૧

### પિત્ત પાંડુ રોગે—ત્રિવૃતાદિ વિરેચન.

( દોહરો )

સાકર, ત્રિવૃતા, ચુર્ણ તે, ઉષ્ણ નિર ધરી પાય;
તો વીરેચનથી જથા, પિત્ત પાંડુ તે જાય. ૧

### કફ પાંડુ રોગે—વચાદિ વમન ચુર્ણ.

( સોરઠા છંદ )

વજ; સિંધવનું, ચુર્ણ. ઉષ્ણ નિર મહિ તે ધરી;
કફ પાંડુનુંજ મર્ણ, તે પિવા થકી થાયછે. ૧

### વાત પાંડુ રોગે સુરસાદિ ઘૃત.

( દોહરો )

સુરસા, સુંઠથી પકવ ઘી, વાત પાંડુમાં પ્હેલ,
ભઇશંકર, એ યોજવું, જરા નહીં મુશ્કેલ. ૧

### કફ પાંડુ રોગે—ચુષણાદિ ઘૃત.

( દોહરો )

ચુષણ, ત્રિફળા, પકવ ઘૃત; કફ પાંડુનો કાળ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઈશંકર વૈદ્ય કરો. શાસ્ત્ર રીત અનુસાર. ૧

### પિત્ત પાંડુ રોગે—યષ્ટિ મધુકાદિ ઘૃત.

( દોહરો )

જેઠીમધ, ઉપલેટથી, પકવ ઘૃત્ત જો હોય;
તો પિત્ત પાંડુની પિડા, કેમ ખમે જન કોય. ૧

### પાંડુ રોગે—ત્રિફળાદિ ક્વાથ.

( દોહરો )

શુત્કો, કુટકી, ત્રીફળા, ગળો, નિમ્બની છાલ;
ત્રીવૃત, હરડે સુંઠને કરિઆતુજ; રશાળ. ૧
ક્વાથ કરી, મધમાં ધરી; પ્રાતઃકાળે પાય-
તો ભાઈશંકર કહે સદા; અલગ પાંડુથી થાય, ૨

### પાંડુ રોગે—ધાતુ માંક્ષિકાદિ ચુર્ણ.

( હરીગીત છંદ. )

હીરાકસી, ને ત્રીકટૂ, લે લોહચુર્ણ સમાન તે;
સૂવર્ણ માંક્ષીકા, ધરી. કર ચુર્ણ તે અવસાનરે;
મધ ઘી ધરી ને ચુર્ણ તે. ગૌ દધિ મઠો સાથે પિતાં'
લે પાંડુને હલિમક હરી, નિઃભય કરે કમળો થતાં ૧

### પાંડુ રોગે—દુગ્ધ પિંપરી પ્રયોગ.

( લલીત છંદ )

બળ વિચારિને દુગ્ધ યોગમાં
પિપર ખાય જો, પાંડુ રોગમાં;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુખ વિદારિને; શાંન્તિ તે કરે,
ગુણ સમૂહ છે, ભાઈલાલ તે. ૧

### મણ્ડુર વટક.

( આર્શ, હલિમક, કુષ્ટ, ત્રિદોષ પાંડુ, કટીશૂળ; ને દાહ રોગે )
( દોહરો )

ચિત્રો[1], ત્ર્યુષણ[4]; ત્રીફળા[7], દારૂ[8], ચવક[9], ને મોથ[10];
હેમમાંક્ષિકા[11], ભાંગરો[12]; ગંઠોડા[13], અજમોદ[14]. ૧
કાજળ જેવો લોહકિટ, તેમાં મેળવ સાર;
પકવ કરો ગૌ મુત્રમાં, ચુર્ણ થશે તૈયાર. ૨
તે અનુક્રમથી સેવિને; ઉપર તક્ર પિવાય,
આર્શ હલીમક કુષ્ટને, કફ; કમળો, ક્રમિ જાય. ૩
પાંડુ ત્રિદોષી તે હરે, હરે કટીશૂળ દાહ,
જો ભઇશંકર વૈદની; લેશો આપ સલાહ.

### લોહ ચુર્ણ વટક.

( કમળો; પાંડુ; આર્શ; હૃદયરોગ; કુષ્ટ વગેરે વ્યાધિપર )
( લલીત છંદ )

ત્ર્યુષણ[3], ત્રીફળા[6]; મોથ[7] ચિત્ર[8] એ,
સમ વિભાગમાં વાવડિંગ[9] લે,
વજરે ચુર્ણ તે, સાથમાં ધરી,
ઇક્ષુ રસે થિ તે; ભાવના કરી. ૧
દિવસ સાત તે, એમ થાયજો,
ચુરથ મહાનિધી; તે ગણાય તો;
મધ ઘ્રિમાં ધરી; તેહ ચાટતાં;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમળ પાંડુને; આર્શ રે' જતાં. ૨
હૃદય રોગને કુષ્ઠ કારમો,
તજી દિલેથિરે, હર્ષમાં રમો;
મણિ ગુણી દવા, જગત નાસ્ય છે;
કહત સેવ એ, ભાઇલાલ છે. ૩

## સત પુષ્પાદિ ગુટિકા.

( કૃમી, ગુલ્મ, કમળો; અતિસાર, ને ત્રિપાંડુ રોગે; )

( તોટક છંદ )

રજની, ત્રિકટુ; કડુ, દારૂ; સવા,
ત્રિવૃતા; ત્રિફળા, ધનિ ઇંદ્રયવા;
દ્વિવિભાગ ધરી, મહિ લોહ રજે;
ગવ પેય વિષે; કર પકવ જ તે. ૧
ગુટિ તેહ વિશુષ્કજ, અર્ક ફિદા;
મધ ગા મથિ માં તુહિ શેવ સદા;
કૃમિ, ગુલ્મ, અને કમળો, લવરી,
અતિસાર, ત્રિપાંડુ, લહેજ હરી. ૨

## વજ્ર મંડૂક વટક—બનાવટ.

( છંદ કુંડળીઆ )

પંચકોલ, ને ત્રીફળા, દેવદાર, સમધાર
વાવડિંગ, મરિ, તે તદા, સમભાગે અનુસાર. ૧
સમભાગે અનુસાર; વજ્ર મહિ ચુર્ણ વિચારી;
ગૌ મુત્રે તે પકવ, કરો મંદાગ્ની ધારી,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચણી બોરશી ગુટી, કરો તેની જે ભાવે,
પંચકોલ પ્રમાણ, સ્વર્ગના વૈદ ગણાવે,

### વજ્ર મંડૂક વટક સેવવા વિષે જ્ઞાન.

( દોહરો )

સુરભીમંથી માં સદા; તે સેવે સુખરાશ,
લખ્યા રોગ નિચે હરે; આપી જ્ઞાન ઉજાશ. ૧

### વજ્ર મંડૂક વટકનો ઉપિયોગ.

( ચોપાઇ છંદ )

કમળો,[1] મંદાગ્ની,[2] અતિસાર,[3]
પાંડુ,[4] શોષ[5] કૃમિનો[6] આધાર;
ઉદર,[7] મેહ;[8] ને કમળો[9] જેહ,
વ્યાધિ સર્વ વિડારે તેહ. ૧

### પાંડુ ને કમળા રોગે—કિરાતાદિ કવાથ;

## ॥ શ્લોક ॥

वासा किरातकं मुस्ता, त्रिफला मृत निंबजै
क्वाथो मधुयुतो हन्तिः पांडु रोंगच कामलं ॥ १ ॥

અર્થ—અરડૂસી, કરિઆતું; મોથ, ત્રીફળા, ગળો અને લિંબોળિઓ એ સમાન ભાગે લઇ કવાથ કરી અંદર મધ નાંખી પિવાથી પાંડુરોગ તથા કમળાનો નાશ થાયછે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### પાંડુ ને કમળા રોગે—ખર વિટકાદિ પ્રયોગ.

[ દોહરો )

ખરલિંડાં માં દહિં ધરી, પછી પાંડુ પર પાય;
તો કમળો ને પિત્ત દુઃખ તેર ઘટીમાં જાય; ૧

### પાંડુ રોગમાં પથ્ય ધાન્ય ને શાક વિષે.

( સવૈયા છંદ. )

પાંડુ રોગમાં, ઘઉં[૧] ડાંગરને,[૨] જવ[૩] સાઠી ચોખા[૪] તે સાર
કાંગ;[૫] મગ,[૬] ને દાળ તુવેરની;[૭] ઘી;[૮] દૂધ,[૯] તક્ર[૧૦] ગણું સુખકાર
ગળજીભી,[૧૧] વથુઓ,[૧૨] વંત્યાકાં,[૧૩] સૂવા[૧૪] શાક, સારાં જાણું
નિઃશંશય, એ ધાન્ય શાકને; પથ્ય પાંડુમાં પરમાણું—૧

## પાંડુ રોગની ચિકિત્સા સમાપ્ત.

## ક્ષય રોગની ચિકિત્સા,

### ક્ષય રોગ થવાનાં કારણ.

( દોહરો )

ઈર્ષા, સુસ્તી, ગ્લાનિથી' કેકુસ્તી, અનુસાર;
બહુ જમતાં કે મદ્યથી, કે ઉંચકતાં ભાર. ૧
અપાન વા, મળમુત્રનો; કબ્જ પેટમાં થાય,
સ્ત્રી સંગે, અપવાસથી; ક્ષય રોગેજ પિડાય. ૨

### ક્ષય રોગ થવાનાં પાપ રૂપ કારણ.

( ઇંદ્રવિજે છંદ. )

મૂરતિ ખંડન, ગર્ભ નિકંદન; કે ગઉ રાય હણેલ; અભાગી'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્પ પ્રફુલિત, વાડિ ખણી, કદિ પર્વ અતિથ્ય તણી લઈ ભાગી;
ધર્મ અધર્મ લહ્યા મન એક, ન પેખત ધર્મ અધર્મ કુરાગી;
તો ભઈલાલ સદા ક્ષય રોગ; રહે જુથ રૂપ સદા પુઠ લાગી–૨

### ક્ષય રોગનાં પુર્વરૂપ અરિષ્ટ ચિન્હ.

( હરીગીત છંદ. )

પદ, હાથ, ગળતાં શ્વાસ વ્યાપે, કફ પડેછે સર્વદા,
વળિ તાળુ પેં બહુ શોષને' જઠરાગ્નિની છે મંદતા;
બહુ દર્દિ તે અવિષ્ટ આપે, શ્વાસથીજ પિડાયછે,
ભઈલાલ આ ક્ષય પુર્વ ચિન્હો, સર્વથા સમઝાયછે. ૧

### ક્ષય રોગમાં પુર્વે અરિષ્ટ સ્વપ્ન આભાસ,

( દોહરો )

કાગ' કીર; ગિધ, સાહુડી; મોર કપી કાચંડ,
પિઠે સ્વપ્ન ને બેસતાં; દેખે આપ પ્રચંડ. ૧
જળ વિણ નદિમાં સ્નાનજો, કરે સ્વપ્નમાં તેદ,
બળતાં વક્ષો અગ્નિમાં; દેખિ પામતાં ખેદ. ૨
ક્ષય રોગી ને પુર્વ આ, થાય સ્વપ્ન આભાસ,
પછી ધાતુનો ક્ષય બની, બને દેહની લાશ. ૩

### ક્ષય રોગના ભિન્ય પ્રકાર.

( દોહરો )

વાત[1] પિત્ત[2] કફથી[3] તથા સપ્ત[10] ધાતુ ગત જેહ,
દશ જાતીક્ષય થાયછે, લખ્યું સ્વલ્પમાં તેહ. ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રસની વૃદ્ધિ કરનારાં ઔષધ.

( દોહરો )

જંગલિ પ્રાણી માંસનુ, ભોજન જો સેવાય;
કે આદૂ. યવાન. મૃત; કવાથ કરીજ પિવાય. ૧
કે દુધમાં મરી નાંખિને; પિએ તેહ જો રાત;
તો ક્ષયથી મૂકાય તે, વધે રસાદિક ધાત, ૨

## રક્તની વૃદ્ધિ કરનારાં ઔષધ.

( દોહરો )

ઘી; દુધ. સાકર મધ મરી, પિંપર ધરિ કર પાન,
તો હિતકર વૃધિ રક્તની, તેહ કરે નિરવાણ. ૧

## માંસની વૃદ્ધિ કરનારાં ઔષધ.

( દોહરો )

આનુપ ધાન્ય મહિષિ ઘૃત, લસણ કલ્ક, મધ દુગ્ધ;
સ્તંભ કરે ગત દોષનો, વધે માંસ ને બુદ્ધ ૧

## મેદની વૃદ્ધિ કરનારાં ઔષધ.

( રૂચિરા છંદ )

માંસરસો જંગલિ પ્રાણીનો, મેદ વૃદ્ધિ કરવા સારો;
શિતોપલાદી ચુર્ણ, સેવતાં, ગુણ તેનો તેવો ન્યારો;
અજા દુગ્ધમાં મરી ઉકાળી, કે મદિરા જમતાં સેવો;
મેદ વૃદ્ધિમાં કહે ભાઇશંકર, નાહિ પ્રયોગ દુજો તેવો

## અસ્થિ વૃદ્ધિ કરનારાં ઔષધ.

( દોહરો )

દુધ, ચંદન, ને દ્રાક્ષવટ, સિદ્ધ ઘૃત સુખકાર,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસ્થિ વૃદ્ધિ કરવા વિષે તેહ પ્રયોગ વિશાળ. ૧

## મજ્જાની વૃદ્ધિ કરનાર ઔષધ.

( દોહરો )

મજ્જાવૃદ્ધિ માં સદા, લખું પથ્ય જે હાર,
જંગલી, પ્રાણી માંસરસ, મધુર ધાન્ય હિતકાર. ૧

## વિર્યની વૃદ્ધિ કરનાર ઔષધ.

( દોધક છંદ )

માંસરસો, મધ; તેલ, ઇલાચી.
અંજીર, ખોડ, તમાલ વિરંચી;
ધૃત, અને દુધ, કેસર, સારૂં,
વિર્ય વધારક તેહ વિચારૂં, ૧

## વિર્ય વૃદ્ધિ કરનાર—પિપ્પલી વર્ધમાન યોગ.

॥ श्लोक ॥

पिप्पली वर्धमानंवा कारये दुग्ध सर्पिपा ।
आद्य पञ्च पुनः सप्त पुनरेव नव क्रमात ॥
एकादशस्त्रयोदशः पञ्चदशस्तथा सप्तदशः स्मृतः ॥
एकोनविंश एकविंशः पृथक् पृथक् यथाक्रमम् ।
एवं क्रमेण वृद्धिः स्यात कारयेत् शतमात्रयाः ॥
ततः क्रमेण पुनः पश्चात् यावत् शेषंच पञ्चकम् ॥
भोजयेत षष्टिकान्नं तु सर्पिपा मुद्ग संयुतम् ॥
हन्ति पलित वार्धक्यं नरो नागबलो भवेत् ।
पिप्पली वर्धमानं तु ज्वरे जीर्णे प्रशस्यते ।
मन्दाग्नौ पीनसेवाथ गुदजे वा तथा पुनः ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—ક્ષય રોગવાળાએ દૂધ અને ઘી સાથે વધતી જતી પિંપરો ખાવાનો પ્રયોગ કરવો. તે એવી રીતે કે પહેલે દીવસ પાંચ, પછી સાત, પછી નવ, પછી અગિઆર, પછી તેર પછી પંદર, પછી સત્તર, પછી ઓગણીશ, પછી એકવીશ, એવી રીતે હરરોજ બે બે વધારે લેવી. અને એવી રીતે સો પિંપરો એક દિવસે ખાવામાં આવે ત્યાં સુધી વધતા જવું પછી પાછા એજ રીતે બે બે પિંપર કમી કરતાં પાંચ પિંપર સુધી આવી રહે ત્યાં સુધી ઉતરતાં જવું. એ પિંપરનું ચુર્ણ મધ સાથે ચાટવું તથા તે ઉપર દૂધ ને ઘી પિવું. આ યોગ કરનારે સાઠી ચોખાનો ભાત, મગ, અને ઘી ખાવાં તે પથ્ય છે. એ પ્રયોગથી વૃધ્ધાવસ્થાનાં પલિયાં આવ્યાં હોય તે, તથા વૃદ્ધાવસ્થા સબંધી નિર્બળતા નાશ પામેછે. અને પુરૂષનામાં હાથીના જેટલું બળ આવેછે. જીર્ણજ્વરમાં આ પ્રયોગ કરવામાં આવે તો ઘણોજ ફાયદો આપેછે, તેમજ જઠરાગ્નિ મંદ હોય, પિન્સ ( છોડ ) રોગ થયો હોય, અથવા આર્શ રોગ થયો હોય, તો તેમાં પણ જરૂર તે ફાયદો આપેછે.

## વિર્ય વૃદ્ધિ કરનાર—બલાદિ ક્વાથ.

( દોહરો )

ચષ્ટિ[1] ગળો[2] બળબીજને,[3] લઘુ પંચમુળ[4] પેખ,
સાકર મધ તેમાં ધરી, સ્પષ્ટ ક્વાથ ઊવેખ. ૧
તે પીવા થકિ કામનું, વાધે જોર વિશેષ;
કહે ભઇશંકર ક્વાથ આ સેવો દઉં ઉપદેશ. ૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રાજ્ય ક્ષમા રોગે—ગડૂચ્યાદિ ચુર્ણ

( દોહરો )

ગળો[૧], બલ્યા[૨] ને નાગબળ[૩], આમલકી[૪], મરિ[૫] તેહ,
ગોળ મેળવી ચુર્ણ તે, ખાય પ્રતીદિન જેહ. ૧

## તાલકા મૃતક ચુર્ણ.

( રાજયક્ષમા, ગૃહણી; નપુશકતા, વિર્યશ્રાવ; ને વંઝા રોગે )

( દોહરો )

શિલાભેદ[૧]; શિલાજતૂ[૨], હીજીરૂં[૪] ઉપલેટ[૫],
બલા[૬], એલચી[૭], પત્રદી[૮], તાલ[૧૦], મુંડિ[૧૧]. ઘર નેટ. ૧
હરિચંદન[૧૨], ને રાસના[૧૩], તુળશી[૧૪], કંટ[૧૫], મજીઠ[૧૬],
ત્વક[૧૭], ધની[૧૮] ને શ્યામ[૧૯] તલ, બે તોલા સમદીટ. ૨
ચુર્ણ કરી મધ ગોળમાં; ભાત, દુગ્ધ પર ખાય,
રાજ્ય ક્ષમાની ક્ષીણતા, જોતાં માં જંપાય, ૩
ગૃહણી નપુશક્તા હરે, મટે વિર્યનો શ્રાવ;
વંઝા તરૂણી સેવતાં, પામે પુત્ર પ્રભાવ. ૪
એમ તાલકા મૃતક આ, કરે સર્વને સાહ્ય
ભઇશંકર તે સેવતાં આનંદ અંગ ભરાય. ૫

## ક્ષય રોગમાં પથ્ય ચીજો.

( દોહરો )

વહિલાં, તેતર, લાવરાં, તેહ પક્ષિનું માંસ;
મધૂ, શીત, અવલેહ ને, ઘી, દુધ, ખાવું ખાસ. ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ક્ષય રોગમાં અપથ્ય પદાર્થ.

( દોહરો )

ખારૂ, ખાટુ, તીખું સુરા, તૈલ; તિક્ષ્ણ ને રાઈ,
તે ક્ષય રોગે વર્જતાં, શાન્તિ રોગ તે થાય ૧

### ક્ષય રોગ સબંધી જન્મા જન્મી વારસો

( ચોપાઇ છંદ )

ક્ષય રોગે જન જેહ પિડાય,
પ્રજા ઉત્પતી તેથી થાય;
તે પણ ક્ષયવંત નક્કી હોય,
કહે ભઇશંકર લે તું જોય. ૧

## क्षय रोगनी चिकित्सा समाप्त.

*...*...

## रक्तपित्त रोगनी चिकित्सा

### રક્તપિત્ત થવાનાં કારણ.

( ભુજંગી છંદ )

ઘણા તાપમાં થાકમાં ડૂબવાથી,
અતીશોક; પાગે પ્રવાશે ગયાથી,
બહું સંગ સ્ત્રીનો અને અગ્નિ પાસે,
તિખું સેવતાં રક્તપિત્તી થવાશે. ૧
યવાક્ષાર, ખાટું અને ખારૂં ખાતાં,
ત્વરાથી તપી લોહિ તે ઉર્ધ્વ જાતાં
અધો માર્ગથી રક્તપિત્તી થવાશે,
ભઈલાલ નિદાનમાં એ લખાશે. ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### રક્તપિત્ત થવાનાં પાપરૂપ કારણ.

( ભુજંગી છંદ )

પદાર્થો નહીં સેવવા યોગ તેવા,
કરે પાન તેનું પડયો નિત્ય હેવા,
કુધર્મિ. કુસંગી, થતું રમ્ય જેને,
યથા રક્તપિત્તી કરે શાંમ્બ તેને. ૧

### રક્તપિત્તનાં પુર્વ લક્ષણ.

( હરીગીત છંદ. )

મનની વૃત્તિ ઉદાસ થઈ. સુસ્તી વધેછે અંગમાં,
વળિ ઠંડપર રૂચી ધરે, વાયું સ્વિકારે સંગમાં,
ગળાનિ ગાટીમાંથિ તો, જાણે ધુમાડો નીકળે,
લોખંડના તાપીત ગોળે, વાસ રોગી જન કળે. ૧
વળી વાંન્તિ તે વાધે વધૂ, બેચેન અંગે થાયછે;
ગૂદા, મુખે, કે નાસિકે, કે રક્ત લિંગે જાયછે;
આ ચિન્હ તે આ રોગમાં પ્રથમે થતાં નિહાળીએ,
ગતિ ભંગ જન તે થાયછે; ભઇલાલ ભાગ્ય વિચારિએ ૨

### રક્તપિત્ત રોગે—વાસાદિ પાનક.

( દોહરો )

વાસા [1] દલરસની મહીં, પદ્મ પુષ્પ રેજ; [2] કુષ્ટ, [3]
ધઉંલા. રોધ્ર, જેઠિમધ, સર્વ ચીજ એ શુષ્ક. ૧
મધ મેળે તેના વિષે; પાનક પ્રીત પ્રવેશ,
પાંડુ રક્તપિત્ત, શ્વાસનો; હરે કલેશિ ઉદ્દેશ. ૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રક્તપિત્ત રોગે—વાસા રસ પ્રયોગ.

( દોહરો )

વાસા રસમાં મધ તથા, ધરી શર્કરા પાય,
તો નાસા' મુખ નેત્રનું વ્હેતું રક્ત દુર થાય. ૧

રક્તપિત્ત રોગે—વાસાદિ ક્વાથ.

( દોહરો )

વૈદમાતનો ક્વાથ તે, મધ, સાકરમાં શેવ,
રક્તપિત્ત તો તે થકી, તજે પિડાવત હેવ, ૧

નાસા પ્રવર્ત્ત રૂધિરે—આમલકી લેપ.

( દોહરો )

આમલકી નિરમાં ઘસી, લેપ શીરપર થાય,
નાસાવત રૂધીર તો, પિડા સમેટી જાય. ૧

રક્ત દોષપર—દ્રાક્ષરસાદિ પ્રયોગ.

( દોહરો )

ઘી[1], શાકર[2] ને દ્રાક્ષરસ[3], રક્તપિત્ત પર પાય,
તો દૂજા ઉપાય વિણ રક્ત દોષ ઝટ જાય; ૧

નાસા પ્રવર્ત્ત રૂધિરે—હરિતાલકાદિ નસ્ય.

( દોહરો )

દરોવેલિ રસ નાસકે; અળતા રસનો નાસ,
કે દાડિમ રસ નાસતે, હરે રક્ત જતું નાસ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નાસા પૃવર્ત્તં રૂધિરે—આમ્રશુકાદિ પ્રયોગ.

( દોહરો )

આમ્ર, જાંમ્બુના શુકમાં; સાકર ધારી સુંઘ;
તો નાસાવત રકતનું, મટે કારનું દુઃખ. ૧

## રકતપિત્ત રોગે—પલાંણ્ડુ આદિ નશ્ય.

( દોહરો )

ડુંગલિદલના રસ તણો, નાશ કદા લેવાય;
કે જેઠીમધ ચુર્ણ તે, મધ નાંખી સુંઘાય, ૧
તો ભઇશંકર તે થકી, રકતપિત્ત સૌ જાય,
નિત્ત એહ સહવાસથી; દિવ્ય દેહવત થાય. ૨

## મુખ રકતપૃવર્ત્તે—કમળ પ્રાગાદિ પાનક.

( દોહરો )

કમળપ્રાગ,[1] મધ;[2] જેઠિમધ;[3] દરો, બાળ; પરિકાષ્ટ,
તે દલના રસ પાનથી, મટે રક્તમુખ વાટય, ૧

## રકત પિત રોગે— અશ્વગંધાદિ કવાથ

( કાસ; શ્વાસ, ક્ષય, અને રક્તપિત્તે. )

છંદ મહા સુંદ્રા

આસન,[1] ગળો,[2] શતાવરી,[3] દશમુળને[4] બાળબીજ[5]
અતિ વિષ કળિ, ને અરડુશી, થા લઇને તતબીજ
કવાથ કરી તેનો પીવાથી, કાસ, શ્વાસ, ક્ષય, ત્રાસે છે
રકતપિત્ત પણ મટે તેહથી, ભઇશંકરને ભાસે છે ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રક્તપિત્ત રોગે....બલાદિ દુગ્ધ

( દોહરો )

બલા[૧] ગોખરૂં[૨] આમળાં[૩], દ્રાક્ષ[૪] જેઠિ[૫] મધુફુલ[૬]
તેમાં સિદ્ધ કરેલ દુધ, ખણે રક્તપિત્ત મુળ

## મુખ પૃવર્ત્ત રૂધિર રોગે—વટાદિવલેહ

[ દોહરો )

કદંબ[૧], વડ[૨], સાદડ[૩], અને, જાંબુ[૪] આમ્ર[૫] ને ખેર[૬]
તે પત્રોનો કલ્ક તે, મધ સાથે તું મેળ્ય ૧
તે અવલેહ ઉવેખતાં, મૂખ પૃવર્ત્ત રૂધીર
કહે ભઈશંકર એ મટે, સુણો વૈદ સૌ વીર ૨

## સ્ત્રીના વ્હેતા યોનીના રક્ત દોપે—વિશાલાદી કલ્ક

( દોહરો )

એલાદલ[૧], ને નિમ્બદલ[૨], હરડે[૩] મોથ[૪], મજીઠ[૫]
વીશાલા[૬] કટુ[૭] રોહ્યણી[૮], બે તોલા સમદીટ ૧
વળી જેઠીમધ[૯] એલચી[૧૦], સર્વ કલ્ક તે થાય
શાકર ભેળી સેવતાં, યોનિશૂળ એ જાય ૨
પિડ તૃષા ને બાવરી, રક્ત યોનિ પ્રવાહ
કહે ભઈશંકર તે વડે, સમે શ્વાસ ને દાહ ૩

## મુખ રકતશ્રાવે—જાંબુપલ્લવાદિ કલ્ક

( દોહરો )

પલ્વ જાંમ્બુ ને આમ્રનાં, શૂલ્વ હરેડે સાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્ક કરી મધ શર્કરા; સેવે પ્રાતઃકાળ ૧
તો તેથી મુખ માર્ગનું; ખળે નીકળતું લોહિ
ભઇશંકર આ ઔષધી; નિત્ત અનૂભવ જોઈ ૨

બિજે પ્રકારે કથન—જાંમ્બુપલ્વાદિવલેહ
( દોહરો )

જાંમ્બૂદલ ને આમ્રદલ; હરડે કલ્ક કરાય
મધ સાકર સહ સેવતાં; મટે રક્ત મુખ શ્રાવ ૧

શતાવર્યાદિ ઘૃત.
( છંદ—લેલી. )

વસૂમતી,[1] બળબીજ,[2] જેઠિમધ,[3] શતાવરી,[4] કાકોલી,[5]
શ્વેતભોંયકહોળુ[6] ને ઘઉંલા,[7] મેદ,[8] આમલી[9] તોળી. ૧
બલા,[10] અને દાડીમ[11] ક્વાથમાં; ગૌદુધ, ઘૃત ધારી,
શેષ ઘૃત રહે જ્ઞાનિ વૈદ સો, લહો ઘૃત તે વારી. ૨
પાનક; બસ્તી વિષે ઘૃત એ, મટે દુઃખ સૌ તેવૂ
યોનિ રક્તનો શ્રાવ થતોને, લિંગ ગુદાનું વ્હેવું. ૩
તથા ખાંસિ, ક્ષય, સર્વ મટાડે; ત્રાડે દુઃખ બધાં તેવાં
ભઇશંકર કહે ભજો પ્રભૂને; વાક્ય મુક્તિ પદ એવાં ૪

યોનિ રક્ત દોષે— કટુ રોહણાદિ કલ્ક.
( દોહરો )

એલાદલ;[1] ને નિમ્બદલ,[2] મજીઠ,[3] જેઠિમધ;[4] સાર,
મોથ,[5] વારૂણી;[6] હરડનો,[6] કલ્ક કરો નિરધાર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે શાકરમાં સેવતાં, યોનિશૂળની પિડય;
રક્ત વ્હેતું યોનિ તણું, હરે ધારિ મન હિડય. ૧

## યોનિ રક્ત પ્રવાહે—ત્રિકટૂ આદિ અવલેહ.

( દોહરો )

ત્રીકટૂ[3]. અતિવિષ[4]; ધાતુકી[5], મજીઠ[6], પાપડો[7] મેળ્ય[8],
દાડિમ ધારી તે મહીં, મધ શાકરમાં ભેળ્ય. ૧
દૂધ, દહીંમાં તેલ બે, નેકે નિત્ત ચટાય,
યોનિ પ્રવાહક સ્રી તણો, ફના મૂળથી થાય. ૨
બાળકના અતિસારનું. એ ઔષધ મુળ ખાય,
ભાઈશંકર આ ઔષધી, ધર્યે સુખ્ખ સમુદાય. ૩

## યોનિ રક્ત પ્રવાહે—એલાદિ કવાથ.

( દોહરો )

સાલ્મલી[1] સહ એલચી[2]; હરડ[3], પિંપર[4] સમભાગ;
મધ, શાકર; ધરિ પિવતાં, બૂઝે યોનિ પ્રવાહ. ૧

## રક્તપિત્ત રોગમાં અપથ્ય કથન.

( ભુજંગી છંદ )

નહીં તાપ ને સેવવો સૂખ કાપી.
તિખૂ, ખાટુ, ખારૂં ન ખાવું તથાપી;
ગુરૂં, ક્ષીર, સૂરા, અને સાથવાનું,
કહ્યું ભાઈલાલે બધું ત્ર્જવાનું, ૧

## रक्तपित्त रोगनी चिकित्सा समाप्त.

For Private and Personal Use Only

# कास रोगनी चिकित्सा.

## કાસ રોગ થવાનાં કારણ.

( ભુજંગી છંદ )

ધુમાડો જ મોં, નાકમાં રંધ્રવાથી;
ઉડે ધૂળ ત્યાં મૂખ ખુલ્લે જવાથી;
વળી રૂક્ષ ખાણું જ વ્યાયામ થીતો-
જતાં અન્ન અંત્રિક્ષ મળ વેગથી તો. ૧
કરે આવતી છિંક અટકાવ જો તે;
તદા પ્રાણ વાયુ વિકારેજ તો તે;
મળી તે ઉદાને, કફ પિત્ત સાથે,
મુખે પ્રેરશે કાસનાં કારણો તે. ૨

## કાસ રોગનાં પુર્વ રૂપ.

( છપય છંદ. )

ગળા આદિ મુખ માંહ્ય, ખુંચેછે કાંટા જેવું
તિક્ષ્ણ; હૃદય, ઉદ્ગાર, મુખ પણ સ્વાદે તેવું
ઝણ ઝણાટતો થાય. જીભમાં મોટી ખાસી;
અન્ન ઉતરી શકે, નહીં તે દગરે દમાસી,
કાસ રોગ થતાં પુર્વ રૂપ; સર્વ ચિન્હ આ થાયછે,
ભટ્ટશંકર લહી પુર્વનું, આપ ગ્રંથમાં ગાયછે. ૧

## કાસ રોગની જાતાનુક્રમણિકા.

( દોહરો )

વાત,[૧] પિત્ત;[૨] કફ;[૩] ક્ષત,[૪] ક્ષય,[૫] પાંચ કાસની જાત્ય;
વધુ વિદ્વાન વિચારિ જો, લખી નિદાને વાત.

## વાત કાસે—શતમૂળાદિ ક્વાથ.

( દોહરો )

સતમુળનો કરિ ક્વાથ જો, પિંપર સાથે પાય,
વાત કાસ તે સેવતાં, તીન ક્ષણુંમાં જાય. ૧

## વાત કાસે—ભાર્ગિઆદિ ચાટણ.

( દોહરો )

સુંઠ[1], સંઠી[2]; ભારંગને[3]; કાકડશિંગી[4] દ્રાક્ષ[5].
પિંપર ઔષધ ચુર્ણ તે; ગોળ, તૈલમાં નાંખ્ય, ૧
વાતકાસ, આ ચાટણે, મૂળ સમેટી જાય,
ભઈશંકર નિષ્ટા થકી, પ્રભુ ઈચ્છાજ પમાય. ૨

## કટફળાદિ કલ્ક.

( દોહરો )

કટફળ[1], કત્તૃણું[2]; ધનિ[3], વજ[4], દાર્વિ[5], પાપડો[6]; ધાન્ય[7];
સુંઠ શંઙ્ગિ, દારૂ, નિશા; કલ્ક કરો અવસાન, ૧
મધ મેળી તે ચાટતાં; કાસ; શોષ; ક્ષય તાવ
કફ; હિક્કા, ને પિન્સનો; મટે પિડાવઃ આવ. ૨

## પિત્ત કાસે—દ્રાક્ષાદિ અવલેહ,

( દોહરો )

દ્રાક્ષા, ગલકી, કાયફળ, પિંપર બોર ખજૂર;
તે ચાટણુ, ચાટે મટે, પિત્તકાસનું મૂળ. ૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### પિત્ત તથા કફ કાસે—બલાદિ કલ્ક,

( દોહરો )

બલા[1], બૃહત્યૌ[2], જેઠિમધ[3], કુષ્ટ[4], વૃષ[5] પિચુમંન્દ[6];
દ્રાક્ષ કલ્ક સૌ તે કરી, ધાર નિર મહિ તેહ. ૧
પિત્ત. કફાદિક ખાંસિ તો, ફના કિફાયત થાય,
બઇશંકર સદભાગિના. તર્ક તેણિ ગમ જાય.

### નિરામ્બ કવાથ.

( માત્રામેળ—ચચળા છંદ )

નિરામ્બ[1], પદ્મકોષ્ટ[2], કંદ, નિર્મળી[3]; ને નૈરૂતી[4];
કિરાજીમુળ, સુંઠ, હિંગ, નાંદરૂખ, પપ્દતી,
નિરામ્બ, કવાથ; ભાઇલાલ, પાંણિ સાથમાં થશે,
કાસ; કુષ્ટ; ઉપદંશ, તાપ સ્હેજમાં જશે. ૮

### પિત્ત કાસરોગે—શર્કરાદિ અવલેહ.

( દોહરો )

ખજુર[1], દ્રાક્ષ[2], ને શર્કરા[3], મરિ[4], મધ[5]; પિંપર[6] ગેર;
તે અવલેહ તદા કરે, પિત્ત કાસ પર કેર.

### આદ્રક રસનો પ્રયોગ,

( કાસ, શ્વાસ, સળેખમ, ખાંસી, ને કફજ્વરે )

( દોહરો )

આદારસ મધમાં ધરી; પિએ માનવી જેહ,
શ્વાસ, સળેખમ; ખાંસિથી, થાય મોકળો તેહ. ૧
વળી,, કફજ્વર, કાસ એ; કરે નહીં હેરાન;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભઈશંકર શાણા જનો, આ પ્રયોગ પ્રમાણ. ૨

## ઉધરસે— મુસ્તાદિ ચુર્ણ

( દોહરો )

મુસ્તા[1], અટરૂષ[2], ત્રીફળા[5], દારૂ[6], ભાર્ગિ[7], સમ જાણ;
વ્યાધ્રિ પુષ્પ, દલ, મૂળસહ, અતિવિષકળી, પ્રમાણ ૧
વળિ મુર્વા, રાસ્ના અને, સૂરસાદલ, સમ ધાર;
ઉષ્ણનિરે ધરિ તે પિતાં, ટાળે કાસ વિચાર ૨

## વાત ને કફમિશ્રકાસે— આટરૂષાદિ અવલેહ

( દોહરો )

અટરૂષદલ[1], ને નિમ્બદલ[2], સુરસાદલરસ[3], ભેળ્ય;
સઠિ, ભાર્ગી, મરિ, સુંઠને, ગોળ, તેહમાં મેળ્ય ૧
તે ચાટણ કરિ સેવતાં, ફના દુઃખ બહુ થાય
કફ વાતાદિક મિશ્ર સહ; ખાંસિ સ્હેજમાં જાય ૨

## કાસરોગે— ભાર્ગ્યાદિ કવાથ

( દોહરો )

ગજચપળા, ને ભાર્ગિનો, કવાથજ ઉષ્ણ પિવાય;
પ્રતીશ્યાત, કફ, કાસતો, -હૃદયરોગ સૌ જાય, ૧

## બદરીદલ પ્રયોગ

( દોહરો )

બદરીદલ, ને મનશિલે લેપ સર્વથા થાય,
પછિ તડકે તે સૂકવી; વાટય દુગ્ધ; મધ, માંહ્ય ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પીવા થકિ કાસને, મહા કઠણજે શ્વાસ
તે સર્વે સ્હેજે દમે, જો રાખે વિશ્વાસ ૨

## વાતકફકાસે—પુષ્કળમૂળાદિ કુગ્ધ

( દોહરો )

પૂષ્કળમુળ, સઢિ, બિલ્વને, સુરસા; ત્રીકટુ પાસ
હિંગ ધરી પયપી મટે. વાત કફાત્મક શ્વાસ ૧

## કાસ શ્વાસે—મરિચાદિ ચુર્ણ

( ચોપાઇ છંદ )

તોલો એક મરી મહિ ધાર
અડધો તોલો પિંપર સાર
તોલા ચાર દાડિમજ લેહ
નગોડ તોલા આઠજ ગ્રેહ ૧
અડધો તોલો તે જવખાર
ધુંટી ચુર્ણ કરો તૈયાર
ગરમ નીરમાં જોતે પાય
કાસ, શ્વાસ તો સ્હેજે જાય ૨

## વાસારસ પ્રયોગ

( કાસ, શ્વાસ, આમ્લપિત્ત આર્શ ખાંસી વગેરે )

કામદાછંદ

વૈદ માતને આગળે કરી
વૈદ જો ચહે આ અનુસરી
કાસ શ્વાસતો ત્રાશ પામશે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ્લ પિત્ત જેતે વિરામશે ૧
આર્શ ખાંસિ' તે દુર્બળી થશે
દુઃખબીજ, વીરો, બધાં જશે
હારિતે કિધૂ સર્વ એ કથી
ભીડ સૌ જશે ભાઇલાલથી ૨

કાસરોગે પથ્યકથન
( શિખરણિવૃત ]

જુના ચોખા, મિંડૂ, કળથિ, વિ, તુવેરો બહુભલી,
સુવા, કાસંદેરો' ભિષગવર, સિંધં, સુખસલી,
સદા છે એ સારા, સુખકર ગણું, કાસજ મહીં
ભઇલાલે કીવું, નહિ કદિ દુખો દે જરિ દહી ૧

## कास रोगनी चिकित्सा समाप्त,

## हेडकी रोगननी चिकित्सा

હેડકી થવાનાં કારણ
( તોટકછંદ. )

અતિ રૂક્ષજ, દાહક, ભોજન થી
બહુભાર ઝિલેક મુસાફરિ થી
અતિયે રજકે અતિ મૈથુન થી
પિડ હેડકિ વ્યાપત સદ્દદ નકી ૧

હેડકીની ઉત્પત્તિ ને તેની અનુક્રમાણિકા
( ચોપાઇછંદ )

વાત દોષ કફ સાથે મળે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેડકિ રૂપે જઈ તે ઠરે
અનજા' યમલા, શુદ્રા, નામ
ગંભીરા, મહતી, મ્હા કામ ૧
પંચ હેડકી તેહ પ્રકાર
ભિષગ્વર ઝટ તું ચિત ધાર
પુષ્ટ અંગ હૂવે દુઃખ જાય
બળાહિણુ નો ઝટે પ્રાણ સમાય ૨

## અહારજા હેડકીનીચિકિત્સા

( દોહરો )

બિભસ્ત વસ્તૂ દર્શ, કે ભય દર્શાવે એમ:
અહારજા, તો હેડકી, તર્ત મટે છે તેમ ૧

## હેડકીરોગે—પટોળાદિ અવલેહ

( દોહરો )

પટોળફળ, ધનિ, ખજુરને, મધ; ધરિ ચાટો થાય;
તો હિક્કા નું દુઃખ સૌ. તર્ત શાંન્ત તે થાય ૧

## સુંઠયાદિ દુગ્ધ

( દોહરો )

સુંઠ અને મધ, દુધવિષે' કે અળતો દુધસાથ
નારાયણ કહિ તેપિતાં, હણ હેડકી નાથ ૧

## માતુલુંગાદિ પ્રયોગ

( દોહરો )

બીજોરાના રસ મહીં, હરડેચુર્ણ નિદેશ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાકર ધરિ પીતાંહરે હિક્કા દુઃખ વિશેષ ૧

## નગદુહિતા ગુટિકા

( દોહરો )

કાળિપાડ, ગજવેલ ને, પિંપર, વજ, હરિતાળ,
મરિ, ચીમડ; ત્વક. ગુલછરી, સુંઠ; સુવા, સોનાર ૧
રક્તદાંશિ. કડ, મુશળી, નગડબીજ, નાગોડ,
ધંતૂરા રસમહિ ખલે, જાય હેડકી હોડ ૨
શ્લીપદ, શ્વાસ' કૃમીસલે, શોક, આંકડી, તાપ;
હિસ્ટિરિઆ હલકીપડે, જાય પુર્વ વત પાપ ૩
લચક. વાઈ, મૃગિ ફેફરૂ; શૂળ; લુતાનાં દુઃખ;
નગદુહિતા ભઈલાલ કહે. હરી વ્યાધિ દે સુખ્ખ ૪

## સૌદર્ય ગર્વિતા કવાથ

( છંદ ત્રિવેણી )

ભલો કવાથ સૌદર્ય ગાર્વિતા. યશસ્વી સિંધુ નિચે
દેવઅંશ નભથી ઉતરિયો. સૌકોને સુધાસિંચે
ઘોડાવજ, ને, મરી
શુલ્વ, તેહમાં ધરી
નગગબીજ, ને પિંપરકેરો કવાથ હિંગની સાથે
પીતાં પ્રેમ થકી ભઈશંકર, હણે હેડકી હાથે ૧

## ચપળાદિ અવલેહ

( દોહરો )

સુંઠ, હરડ પિંપર. તથા, હરડ આમળાં, સુંઠ;
મધ, શાકર ધરિ તે પિતાં, મટે હેડકી દુઃખ ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### હેડકી રોગનાં આશાક્ય ચિન્હ

( દાહરો )

નહદે ચાંદિથી જે બને, શસ્ત્રઘાતથી જેહ
અતીસાર જેને પિડે અશક્ત રતિમાં દેહ ૧
તેવા હિક્કા રોગિને, કરો વૈદ સૌ ત્યાગ
કહે ભઇશંકર તે થકી શ્યામ બને સદભાગ્ય ૨

## હેડકી રોગની ચિકિત્સા સમાપ્ત.

## શ્વાસ રોગની ચિકિત્સા.

### શ્વાસ રોગ થવાનાં કારણ

( ભુજંગી છંદ ]

બહુ સંગ સ્રીનો; અને ટાઢુ ખાતાં
અતીસારથી શ્વાસને વ્યાધિ માતાં
વડા વાહને થાય મુસાફરી નો
પગે ચાલતાં શ્વાસ પીડે નકીતો ૧

### શ્વાસ રોગનાં પુર્વ રૂપ

( ઇંદ્રવિજે છંદ )

પીડ; નહદે બહુ શૂળ ફુટે. વળિ પેટ ચડે જરિ તેહ તણાએ
મૂખ ફિકું, તદ સ્વાદ રહીત. અને જડબા સહિ શૂળ ખુચાએ
મુત્ર મળે અતિ શોકિત વધે. બહુ કામ વિપે નહિ ખંત ગણાયે
કહે ભઇલાલજ શ્વાસ થાવતણિ; પુર્વવિષે યહ ચિન્હ જણાયે–૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્વાસ રોગના પ્રકાર

( દોહરો )

મહા' ઉર્ધ્વને છિન્ય તે, તમક શુદ્ર, એ સાચ
કહે ભઈશંકર શ્વાસનાં સત્ય પ્રકારો પાંચ ૧

## શ્વાસ રોગે—ભાર્ગિ આદિ ચાટણુ

( દોહરો )

ભાર્ગિ, ત્રિફળા, ત્રીકટુ, પુષ્કળ મુળ; સમાન
જટામાંશિ, બીલી મર્જી; ધાર રહે જ્યમ માન ૧
ચતુષ્ખાર, ને રિંગણી; ઉષ્ણ નીર ધરિ પાય
તો યકૃતને હેડકી; શ્વાસ રોગ સો જાય ૨

## એલાદિ ચુર્ણ

( દોહરો )

દ્વિવાળો પિંપર તથા એલચી સુંઠ તમાલ્ય
સુરસા ગુરૂ ચંદન તથા ભાર્ગિ મેળવો હાલ
શાકર ધરિ તે ચુર્ણજો શીત નીરમાં પાય
ઉર્ધ્વ તમક તો તેથકી જલદ ચાલથી જાય ૨

## શ્વાસ રોગે—સાર્ષપ તેલ પ્રયોગ

દોહરો

ગોળ શાર્ષિઉ તેલ એ પીએ દીન એકીશ
તોતે પાડે કય કદા શ્વાસ રોગથી ચીસ
અજીર્ણ જ્વર એના થકી કરે જવા તતબીર
ભઈશંકર કહે સજ્જનો સેવો સૌ ભડસીર ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્વાસ રોગે—ગુડુચ્યાદિ કવાથ

(દોહરો)

વ્યાઘ્રિ ભાર્ગિ સુંઠી ગળો કવાથ પિંપર તે માંથ
સિંધવ ગોળ ધરિ પિયે રહે શ્વાસ કમ કયાંય ૧

## ખાંસીરોગે—હરીતકી સુંઠીચુર્ણ

( દોહરો )

હરડ સુંઠનું ચુર્ણતે, ઉષ્ણ નીરે તદપાય
તો કમળો ને શ્વાસથા. ખાંસિ રોગ તે જાય ૧

## હિંગ્વાઘૃત

છંદતિલકેશ્વરી

હિંગ્વાઘૃત વિચારો
સર્વ અનિતી ટાળો

વાવડિંગ. ત્ર્યુષણ. ત્રીફળા, ત્વક' પત્ર, એલાચી.
કવાથ કરી મહિ અજાદુગ્ધ ને અજા ઘૃત લે ધારી–હિં ૧
થાય પછી જે પકવ ઘૃત તે, પિવા કામમાં સારૂં
હિક્કા પંચ પ્રકારિક શ્વાસો, મટે તેહથી વારૂ–હિં ૨

## ભાર્ગ્યાદિ અવલેહ

( દોહરો )

ભાર્ગિં, સુંઠ; દશમૂળ ને તે સમ હરડે સાર
કવાથ કરી ચતુર્થાંશ રે' ગોળ, હરડ ત્યાં ધાર ૧
પછી પાક તેનો કરી થાય લાહિ સમ એહ
ત્યારે ત્રીસુગંધ ચવ, ત્રીકટૂ મેળવ તેહ ૨
મધ, હરડે ચૂરણ ધરી' તે અવલેહ ચટાય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો શું તેના ભાર જે શ્વાસ ખાંસિ ના જાય ૩

## ક્ષયરોગે—સર્પપાદિ ચુર્ણ

॥ श्लोक ॥

वचा श्वगंधा पा मार्ग तुलसी सर्पपैः समं ॥
चूर्ण क्षय विनाशाय कारितं कविना नृणाम् ॥ १ ॥

અર્થ—વજ, આસન, અંધેડો, તુલસી અને સરસવ એનું ચુર્ણ ક્ષયિ શ્વાસ. રોગિને હિતકારી છે,

## શ્વાસરોગમાં પથ્ય વિચાર

( સવયાછંદ )

શ્વાસ રોગમાં કઠોળ ને બહુ, ટાઢું ધાન્ય તે નહીં ખાવું
દાહ વસ્તુઓ બધી વર્જવી ને નહીં ક્રોધિ જાતે થાવું
વળી જ્વરે ને ઉધરસ રોગે પથ્ય ગણેલાછે જેજેજે
કહે ભઇશંકર સદા શ્વાસમાં, પથ્ય જાણિ લેવા તેતેતે ૧

## श्वास रोगनी चिकित्सा समाप्त,

# अपस्मार रोगनी चिकित्सा

## અપસ્માર રોગ થવાનાં કારણ

( દોહરો )

પિત્ત. વાયુ, ઉદાન, કફ. અતી કોપતાં એહ.
પ્રાણવાયુ. શિરપરજઇ. તત્ત ધ્રુજાવે તેહ ૧
ઇંદ્રિ સબંધી નાડિતે કરે રોધ્ર જે વાર,
ચેષ્ટા સર્વ ટળી જતાં, મૃગી થાય નિરધાર ૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સમયે તે રોગિનું; અચેત અંતર થાય
ભઈશંકર. નીદાનમાં. અપસ્માર કહે વાય ૩

### અપસ્માર રોગ થવાનાં પાપરૂપ કારણ
( ઇંદ્રવિજેછંદ )

લોક ઠગી જદ પેટ ભરે; વળિ બાળ વિષે કછુ અંતર ધારે;
લોભિ નહીં પણ નેક નહીં, કુળ હીણ તણું ધનચિત્ત વિચારે
યોગિ યતી સનમાન કરે નહિ, ચિત્ત સદા પર સુખ્ખ ધિકારે
કહે ભઈલાલ કવી જન તેહ સદા વહિ ફેફરૂ પિડય પુકારે ૧

### અપસ્માર રોગનાં પુર્વરૂપ
( દોહરો )

-હૃદય સુન્ય, છાતી ધ્રુજે; કામ સુઝે નહિ કાંઇ
કલ્પિત ચિંત્યા પ્રાપ્ત થઇ, મુર્છિત આપ સુહાઈ ૧
મોહિત ઇંદ્રી થાય સૌ, નિંદ્રા નાસજ થાય;
અપસ્મારના પુર્વમાં, આ ચિન્હો દેખાય ૨

### અપસ્મારના નામાનુભેદ કથન
( દોહરો )

વાત, પિત્ત; શ્લેષ્મિક તથા; સન્નિપાત એ ચાર
અપસ્મારનાં રૂપ છે એવાં ભિન્ય વિચાર ૧

### અગસ્ત પત્ર રસાદિ નસ્ય
( દોહરો )

અગથીદલ, મરિ સમધરી, ગૌ મુત્રે ખલતેહ,
નસ્યરૂપે ગુણકારિ છે, અપસ્માર માં એહ ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વન્ધ્યા કર્કોટિકા મુળ રસાદિ નશ્ય

( સોરઠાછંદ )

વન્ધ્યા કંટોળિ મુળ, ઘૃત શાકરમાં ઘુંટિતે
નશ્ય તેહ અનુકૂળ, અપસ્માર તો જાય છે. ૧

## કુષ્માંડ અવલેહ

( હરીગિતછંદ )

*કહોળા તણા કટકા કરી; તે પક્વ ગોળેથી કરો,
પછિ ગ્રંથિ, ત્વક, ઈલાયચી વળિ ત્રીકટુ તેમાં ધરો
ધાણા, તમાલજ' મેથિ ભેગી શર્કરા ભેળો વળી,
તે પાવતાં પ્રાતઃ સમે, દુધ તે પરે પીવું નકી ૧
કુષ્માંડ છે અવલેહ તે બહુ જોરમાં ઝાઝો બણે,
જ્વર ફેરફેર, ક્ષિણ ધાતુનું, તે મૂળ ખાંતેથી ખણે;
વળિ લોહિના વીકાર બીજા; તે સમાવે સ્હેજમાં,
ભઈલાલ કહે આ સેવરા. દર્શાવજો આદેશમાં

## કુષ્માંડ ચુર્ણ

( દોહરો )

બ્રાહ્મિ, કહોળુ વજ સૂરસા, સતપુષ્પી ધર સાર,
સાટોડી તેમાં ધરી મધ, શાકર, અનુસાર ૧
તે ખાતાં ઝટ ફેરફેર; રકતપિત્ત વ્હેવાય,
વન્ધ્યા નારી ગર્ભ ધર; તે ઔષધ કહેવાય ૨
ઉન્માદાદી દુઃખ પણ, બુઝે પેખતાં તેહ
ભઈશંકર, લે પેખિઆ. ગુણિ ઔષધ છે એહ ૩

* જ્યાંજ્યાં કહોળું વાપરવા કથન કરેલુ છે તે તેસ્થળ ભુરા કહોળું વાપરવુ શાકમાં વપરાતું પિળું કહોળું નિષેધ છે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## માગધી આદિ ગુટિકા

( દોહરો ).

મરિ, પિંપર વછનાગ ને આર્દ્રરસે તે ઘુંટય,
ગોળિ કરો તેની ખલી દે રવિફુલ નો પૂટ ૧
અર્કપુષ્પ સહ પાવતાં, મટે વ્યાધિ મૃગિ કોટ,
શંસય વિણ ભઇલાલ કહે; હરે મૂઠ ને ચોટય ૨

## રસોન ત્વચા નશ્ય

( દોહરો )

લશણુકંદનાં છોંતરાં; બાળિ નશ્ય તે લેહ,
તો તે રોગી ને નહીં મૃગી રોગ તે રેહ, ૧

## વાનરાદિ પશુપક્ષિ વિષ્ટાનશ્ય

( દોહરો )

વિષ્ટા વાંદર, તિતરની કપોતવિષ્ટા દર્શ,
સમભાગે ધરિતેહ ને લહે મૃગીપર નશ્ય ૧
તો તેથી મટિ ફેફરં, શાંન્તિ અંગમાં હોય.
ભઇશંકર દિક્ષાદિજે, અજમાયશ કરિ જોઈ ૨

## બ્રાહ્મિ ઘૃત

( છંદ મહા સુદ્રા )

બ્રાહ્મિરસ વજ કુષ્ટને, શંખાવળિ તે માંહિ
જીર્ણઘૃત; ત્યાં મેળવો હે ભિસગ્વર ત્યાંહિ
પછી કરી ઘ્રુત પકવ ભલેરૂ, જેહ રોગીને આપે છે
અપસ્માર દુખ મટે તેહનું, ભઇશંકર સુખ વ્યાપે છે—૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કુષ્માંડ ઘૃત

( દોહરો )

કહોળા રસમાં આઠમે, ભાગ ઘૃત મહિ નાંખ્ય;
પછી જેઠિમધ, એલચી. સતાવરી વજ, દ્રાક્ષ ૧
કુષ્ટ, હરડ, શંખાવળી, મજીઠ; તેમાં મેળ્ય;
પુષ્કળમૂળ, તમાલ તે. કલ્ક, કરી મહિ ભેળ્ય ૨
પછી પકવ કરવા થકી, ઘૃત્ત બનેછે જેહ;
અપસ્માર, ઉન્માદ ને ગુદારોગ હર તેહ ૩
વળી રક્તપિત્ત તે થકી. હારી હેબક ખાય;
કહે ભાઇશંકર આદવા, ઉત્યમ જાત જણાય ૪

## પ્રચેતની ગુટિકા

( લલીત છંદ )

કુટકિ' ત્રીફળ, ને કરંજ, લે.
વજ, ધરી બધું. હિંગ, સર્ષપ, તે
વ્યુષણ; *સિંધુને; ⁂બસ્ત મુત્રમાં;
ખલિ ગુટી કરો. તે ખલે તહાં ૧
યહ ગુટી તણા, અંજને કરી,
નહિ પિડે કશો, રોગતે ફરી,
બહુજ રોગિના. રોગ જાયછે,
કરિ ત્વરા નિચે, તે લખાયછે ૨

## પ્રચેતની ગુટિકાનો ઉપિયોગ

( ચોપાઇ છંદ. )

અપસ્માર, ઉન્માદજ રોગ,

* સિંધવ ⁂ ઘેટાના મુત્રમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્મૃતી ભ્રંસ, નો આણે ભોગ;
ભિન્ય ભૂતને, ભ્રમ વળગાટ.
મટે દ્વિચાહિક, તાવ ભરાટ— ૧
એકાહીક, ચતુર્થક, જાય,
ફુના, પડળ, રતાંધળ થાય;
મટે પિડય માથાની સર્વ,
સહુ દુઃખનો શોષે ગર્વ, ૨

## અપસ્માર રોગમાં દાહ ( ડામ ) ક્રિયા.

( દોહરો )

ભમ્મર વચ્ચે ભાળમાં; દે લોઢાનો ડામ.
મૃગી તેથિ નક્કી મટે. કહે ભઈશંકર આમ. ૧

## અપસ્માર રોગમાં પથ્યાપથ્ય.

( દોહરો )

રક્તપિત્તમાં ત્યાજવા' કહેલ વસ્તૂ જેહ;
અપસ્મારમાં તે સદા; પ્રથમ ત્યાજતો રેહ. ૧
મદ્ય તુરી સોપારિને, મોહક વસ્તુ અનેક;
ભઈશંકર કહે તે તમે, તજો ધરી મન ટેક. ૧

## કવીનાં નમ્રતા ભર વાકય.

( દોહરો )

શાસ્ત્ર વિષે જેવું લખે, તેમ ભજાવુ' વેષ;
કહે ભઈશંકર માહરો, ગુનો ન જાણે લેશ. ૧

## अपस्मार रोगनी चिकित्सा समाप्त

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# दाह रोगनी चिकित्सा

## દાહ રોગ થવાનાં કારણ.

( દોહરો )

સમાન વાયુ કોપથી, શુદ્ધ રક્ત જે હોય;
પિત્ત ત્વચા તે જાયછે; દાહરોગ તે જોય. ૧

## દાહ રોગનાં વર્ત્તમાન ચિન્હ.

દોહરો

બળે છાતિમાં બળતરા, અંતર દાહ ગણાય;
પિત્તજ્વર સમ દાહનાં, ચિન્હો સર્વ જણાય. ૧

## દાહ રોગની નામાનુક્રમાણિકા

( દોહરો )

મદ્યજ નિત, રક્તજ થતા, તૃષા, નિરોધક દાત;
શસ્ત્રઘાત; ધાતુક્ષય, ક્ષતજ, મર્મ અભિઘાત, ૧
એમ અષ્ટવત દાહ છે, રીત અભીષક એક;
ભઇશંકર વ્રજ રાજને, સ્તવો નિભાવે ટેક.

## ઔષધ યોજવા વિષે ફરજ.

( દોહરો )

લખું ઔષધો તે બધાં; પ્રેમ થકી જે થાય;
કહે ભઇશંકર તે થકી, દાહ રોગ ઝટ જાય. ૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### દાહ રોગે—પર્પટાદિ કવાથ.

દોહરો

કાળો વાળો, મોથને, પિત્તપાપડો એહ;
કવાથ કરી ધરિ શર્કરા, દાહ વિષે પિવ તેહ. ૧

### બાલકાદિ લેપ.

જેકરી છંદ

લહો પિત * ને કાળો વાળો,
ચોખ્ખું ચંદન તેમાં ધારો,
ઘસી નીર તે લેપજ થાવે,
દાહ રોગ તેનાથી જાવે. ૧

### કાલીયકસાદિ લેપન.

દોહરો

મલયાગુરૂ; ચંદન તણો લેપ અંગમાં થાય,
તો તેથી પણ દાહ તે, સ્વલ્પ વખતમાં જાય. ૧

### કૂશ કાસાદિ કવાથ

દોહરો

દાભ, કાસ; ને શેરડી, એ ત્રણેનાં મૂળ;
કાળો વાળો મોથને, પીળો વાળો સ્થૂળ. ૧

### આમલકી દુર્વા લેપન.

દોહરો

આમલકી; ધોળીદરો, વાટિ પાણિમાં નેટ,
લેપ કરો તે શીરપર, વળી હૃદે ને પેટ, ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાહ રોગ તેથી મટે, મટે મૃગીનો રોળ.
કહે ભઇશંકર આ દવા; મળે ન કરતાં ખોળય. ૨

દ્રવાદિ રસ પાનક,

દોહરો

આમલકી, ધોળીદરો; ભેળ્ય શર્કરા ત્યાંય,
ઘુંટી ખિંચિરસ તેહનો. પિએ પ્રીતથી જ્યાં ૧
દાહ મટે તેના થકી, અંતર ખેદ પલાય;
આ ઔષધ પીવા થકો, મેહ રોગ પણ જાય. ૨

દાહ રોગપર—રતી ક્રિડાદિ પ્રયોગ.*

ભુજંગીછંદ

જીહાં પુષ્પ સય્યા બિછાવી મુકાવી;
રૂડાં ઝુમ્મરો હાંડિઓ જ્યાં ઝુકાવી;
પ્રિયા સાથ એવે સ્થળે આવિ બેસે,
નહીં દાહ તેને કદા દુઃખ દેશે; ૧

રતી ક્રિડાદિ પ્રયોગ—૨—જો

ભુજંગીછંદ

ગલીચા બિછાવ્યા રૂડાં જ્યાં ધિરેથી,
ઉડે જ્યાં ફુવારા ગુલાબી નિરેથી;
સુવે પદ્મની સાથ જ્યાં નગ્ન વેશે;
નહીં દાહ તેને કદા દુઃખ દેશે.

* આ પ્રયોગ કામી પુરૂષોને થતા દાહને દુર કરનારા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રતી ક્રિડાદિ પ્રયોગ—૩-જો

ભુજંગીછંદ

ભલી જેની છાતી ભરી છે સ્તનેથી;
છુટે કામની ધાર તે આંખમાંથી;
ગ્રહી જોર તેવી ભીડે નારિ બાથે,
તદા દાહ તેનો મટે પિંડય સાથે ૧

## રતી ક્રિડાદિ પ્રયોગ—૪-થો

કડાવ

ગુહ્ય દવાની કરૂં પ્રસંશા,
નહીં ધરો મન તે મહિ શંશઃ ૧

હોય પદ્મણી. દિવ્ય તેજમય, બાર વરસની, બહુ રૂપાળી, ભરી જુવાની, કામ ભરેલી, ક્રિડા ઘેલી; પુર્ષા સ્પર્શી નહિ, જ્ઞાન યોવના, શ્યામ કીકીની, નેત્ર વક્રની, કર્જ્જકૃતીમય. ચર્મદ્રષ્ટિથી; મિથિલાવાસી, ક્રમસમુચ્યત. ઉષ્ણરતીસહ' સંભ્રમોત્પાદક. તેવિ-પત્નિને' લઈ સોડમાં. કરે ક્રિડાતો, દાહ મટેછે, સ્પષ્ટિ કર્ણુશું, કરૂ વધારે—ગુહ્ય૦ ૧

## રતી ક્રિડાદિ પ્રયોગ ૫ મો

( ભુજંગી છંદ )

જુના શાસ્ત્રમાં એક ઠેરે લખેલું
દિજે નારિને જે રૂતુદાન પ્હેલું,
ગ્રહી જે કટી તોડશે બંધ પ્હેલો
નહીં તેહને દાહનો દુઃખ ઠેલો ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાહ રોગ પર પથ્યાપથ્ય કથન

ભુજંગી છંદ

તિખા, ને તુરા, રીચ ખોરાક તેવા
નહીં પાવવા આમ્લ જે જાણિ લેવા,
નહીં દાહ જાશે કદા જેજ ખાસે
ભઇલાલ નહીં ખાવતાં દાહ ત્રાશે ૧

## दाह रागनी चिकित्सा समाप्त.

## उन्माद रागनी चिकित्सा

ઉન્માદ રોગ થવાનાં કારણ

દોહરો

વાત, પિત્ત, વીકાર તે, સરળ માર્ગ નવ જાય,
અન્ય માર્ગ તે પ્રેરતાં; ઝટ ઉન્માદ સુહાય ૧
ભ્રમિત, ચિત્ત તેથી બને, સ્થીર ચિત્તના હોય
કહે ભઇશંકર રોગ તે, લે ઉન્માદજ જોઈ ૨

ઉન્માદ રોગનાં હેતુ

(ભુજંગી છંદ)

કુમાર્ગે કદાચિત્ત પ્રેરી જવાથી
કદા સુન્ય ગ્રહે. જઇ રેહવાથી,
અશૂચી, અરણ્યે જથા ચાલવાથી
પડી એકલા દેવ સ્થળ મ્હાલવાથી ૧
વળી શોકથી ખિન્ય જો ચિત્ત થાએ,
અતીથી, ગુરૂ, બ્રહ્મ રૂમાન, થાએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી હર્ષ ચિંત્યા, -હદેમાં જલેછે,
તદા રોગ ઉન્માદ તે પુઠ્ય લે છે ૨

### ઉન્માદ રોગના હેતુનું પરિશિષ્ટ કથન

( ઇંદ્રવિજે છંદ )

પ્રાણુ પ્રિએથિ વિયોગ થએ હય કે અપવીત્ર સ્થળે જઈ બેઠા'
ખિન્ય વિચાર વિષેજ નિમગ્નજ, કે કદિ સ્વપ્ન વિષે પરિ ભેટયા;
કે મન શંક નિશંક બને; અરિજુંથજ જો કદિ સ્વપ્ન નિહાળે;
તો ઉન્માદ પડે પુઠ જેથિ, બડે ગુણિ વૈદ નિઃશંસય હારે.—૧

### ઉન્માદ રોગનાં લક્ષણ.

( ભુજંગી છંદ )

રડે, ગાય, નાચે' અને શ્લોક બોલે,
ધ્રુજે વાંન્તિ વ્યાપે, જમીને અળોટે;
હસે. દોટ મારે, અને હેડકેછે,
વળી આંખ બે કેફિ જેવી ટકેછે. ૧
વળી ફેરવે આંખ તે ચાર દીશે;
બહુ તે ભરે બાચકા શીર કેશે:
લખ્યાં રૂપ છે શાસ્ત્રની માંહ્ય જેવાં;
કહ્યાં ભાઇલાલે તદા સર્વ તેવાં ૨

ઋષભ. જીવક, ઇંદ્રજવ; યવાન; તજ. લવિંગ
વાવડિંગ, વજ; સારિણી; ખપાટ, ચિત્રો, હિંગ ૨
કડાછાલ. કાકોલિ, કઠ, સમેરવો, ત્રીજાત
સોરઠમૃતિકા, પીલુડી. સૂખડ, સૂભ; સુરાત ૩
શેર; દેવનળ, નાઉળી, નાગછત્ર, ને કોંઠ
ગોઝારી, મંદારિણી, મરડાશિંગી, મોથ ૪
રોહિષ, તીત્રર; પાટલી, વારિભદ્ર, ગુલબાસ
દાંતી, દીડ, ખુલખુલા; કણઝી' ઓંટ, બરાસ ૫
તે થકી ત્રમણુ તેહમાં, કરિઆતુંજ નખાય.
તો સૂદરસન ચુર્ણથી, ભિન્ય જ્વરો સૌ જાય ૬
ચુંક, ચિત્ર, ક્ષય, ને ભ્રમી. કટીશૂળ, અવિધાર
બદહજમી, ને બ્હાવરી, મુછા, મેદ વિકાર ૭
દાહ, કુષ્ટ, ને વ્રણ, કફ, શ્વેતપ્રદર, શરૂઆત
ભઇશકર ક્ષણુ માત્રમાં, હરે સર્વ સાક્ષાત ૮

## અક્ષાદિ ચુર્ણ– (ગુલ્મ, મૃગી; નેમુખપાક રોગે)

( કુંડળિઓ )

શતાવરી, બળબીજ' ઉડંગી;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરડ જેઠિમધ, ગોખરૂ, પુન્દ; અક્ષ; પડવાસ
કમળાકંદ, જીરૂ, આમળાં; હિંગ; સુંઠ, ધર ખાસ
હિંગ, સુંઠ, ધર ખાસ; ખેર કંકોલ વિચારૂ
વાવડિંગ સમભાગ; પાણિકા નેતર ધારૂ
તેહ ચુર્ણથી ગુલ્મ; મૂંગી મુખપાક ધરૂજે
પાડ હરે ભઈલાલ, દેખિ જેઠીમધ હરડે ૧

## વિષ્ણુકાંતાદિ ચુર્ણ

### ( બાળકની મંદ બુદ્ધિ ઉપર )

( દોહરો )

વિડંગુંકા; અશ્વાડો અમતા, વજ, સંખાવળિ, સુંઠ;
વિષ્ણુકાંતા, હરડ, ને શતાવરી, સમ ઘુંટ ૧
તેહચુર્ણ ઘતમાં ધરી, બાળખાય દિનસાત;
કહે ભઈશંકર, જ્ઞાનતો ઉપજે આપ અગાધ ૨

## મહર્ષિ ચુર્ણ

### ( ધાતુક્ષિણ, ગતધાતુ જ્વર, નેજરા રોગે )

( છંદ કલેગકીશોરીપ્લુત )

વૈદ સુણો ધરિપ્રિત -હ્રદયમાં,
પ્રિતહદયમાં, ધરિએ મનમાં, કોધનતનમાં,
વિજયીજનમાં, સમજુંથાવ સદામનમાં—વૈ૦૧
કઠ, કેસર, સાટોડી' લાવો;
પિત્તપાપડો. કહોળું. લાવો' ઝટપટજાવો, લઈનેઆવો
મુજનેભાવો; જઈને સોધો મહાવતમાં—વૈ૦૨
સ્વેતમૂશળી, ધાણાસંગી, ચુર્ણ અભંગી, કરજોકંગી,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળમાં જંગી, નવીજુવાની દે તનમાં—વૈ૦૩
ભાઈશંકર, આચુર્ણ મહર્ષિ;
ત્રાશે દુ:ખ ચુર્ણ આદર્શી, સંકટભક્ષિં, રેહે હરખી;
જગમાં વર્તો, કદીપડે નહીં લોભણુમાં—વૈ૦૪

## લઘુલાહિ ચુર્ણ
### ( સંગ્રહણી રોગે )
( દોહરો )

પારો' ગંધક, ત્રીકટૂ, જીરૂં' હિંગ; ત્રીખાર;
અજમો, પિંપર, સ્હાજીરૂં, સૌ સમભાગે ધાર ૧
કડાત્વચા; ખલ તેહમાં, લઘુલાહિ, એચુર્ણ;
ભાઈશંકર કહે સેવતાં, બુઝે, સંગ્રણી, ત્રણ ૨.

## સર્જાદિ ચુર્ણ
### ( ઝાડાના વ્યાધિપર )
( દોહરો )

મોચરસ, કાથો તથા, ધરો રાળ, સમતુલ્ય;
દહીંમાં ઝાડાવ્યાધિપર, ખાવ કરોમાં ભુલ્ય ૧
તોતેથી અમજવર અને, અગ્નિમાંદ્ય એરોગ;
ભાઈશંકર, હણે તેહને કરેપિત્ત ઉપભોગ ૨

## વ્યોષાદિ ચુર્ણ
### (અજીર્ણ રોગ, મંદાગ્નિ શ્વાસ ને હેડકી રોગે)
( દોહરો )

હરડે, ત્રીકટુ હિંગને ઝેર કચોલાં,ગંધ;
સમભાગે એ ચુર્ણ સો, કરો શિશામાં બંધ ૧.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અડધો તોલો નીરમાં, જે સપ્ત દિન ખાય;
તો દુખાબ્ધીમાં તદા; દિવ્ય રૂપ દેખાય
અજીર્ણ મંદાગ્ની અને; શ્વાસ, હેડકી. દોસ.
ભઇશંકર આચુર્ણથી; બુઝે વાયુનો શોષ ૩

## હિંગુપંચક ચુર્ણ

( આંફરાના રોગ પર )

( દોહરો )

કોકમ, સિંધવ, હિંગને. રાઇ, સુંઠ, એપાંચ;
ખાય ભેળિ ભઇલાલ કહે, મટે આંફરો સાચ ૧

## ત્રિકટૂ ચુર્ણ

( વાત વ્યાધી પર રામબાણ )

( દોહરો )

સુંઠ, મરી, પિપર, ખલી, સમભાગે એમેળય;
કહે ભઇશંકર; તેથકી, બુઝે અરૂચી, ચેળ ૧

## કાકડાશિંગાદિ ચુર્ણ

( મુત્રરોધ, ને શ્વાસ રોગ ઉપર )

( કુંડળિઆ )

કાકડશિંગી' ત્રીકટૂ, સિંધવખાર સમેત,
દ્રાક્ષ, સુંઠ, ને કાયફળ, ઘુટિ ચુર્ણ લેતેત;
ઘુટિ ચુર્ણ લે તેત, મધૂ સમપાવે અસતાં;
મુત્રરોધ હોનાશ, પાંચદિન ચોંચેપીતાં;
સદાકાળ ભઇલાલ; પિએ ત્રીનેત્ર અભગી;
સર્વચુર્ણમાં શ્રેષ્ટ, શોભતી કાકડશિંગી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઇંદ્રિજીતાષ્ટક ચુર્ણ

( કુષ્ટ, દમ, દવાલી. રિંગણુ, ને ટાંકી રોગે )

( છંદ મહાસુદ્રા )

નખલા જાફળ, જાસુકી, વળી ધાવડી ફુલ;
વઽગુંદાં, મરિ' ભિગડા, રક્ત કર્ણિકા મળ,
ચુર્ણકરી તેનિત્ત સેવતાં; કુષ્ટ, દવાલી ને દમનો;
રે' રિંગણુ રોતો ભાઇશંકર, ટાંકી ટેક રૂકે તેના ૧

## હિંગુ.ટંકણાદિ ચુર્ણ

( વાળા રોગ પર )

ચિત્રપદા છંદ

ટંકણુ, હિંગ, ત્રિમાસા;
ભોગ રસે તે, વાસા;
કહે ભાઇશંકર ખાસે;
વાલ કોપરી, જાશે — ૧

## નારાયણ ચુર્ણ

( ઉર્ધમાન રોગ પર )

( મનહર છંદ )

એક ભાગ પિંપરને; ચાર ભાગ નસોત્તર;
ચાર ભાગ ખાંડ ખલી, મધમાં મેળાવિએ;
એક તોલો તેમાંથી જો, લહે નરનાર કદી;
ઉર્ધમાન ભાઇલાલ' અધૂરો વળાવિએ;
હેડકી. અરૂચી, તાપ, પગે લાગી લાગી નાસે;
વળી, વાયુ, રળ દમ, રઃમેટી દર વિએ;

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવું જેનું બળ તેનું, કહે ભાઈલાલ કેમ;
નારાયણ ચુર્ણ એવું, નામ ન ધરાવિએ. ૧

### કર્કટાદિ ચુર્ણ

( સર્વ જાતનાં જ્વર ઉપર )

( દોહરો )

કાકડશિંગી કાયફળ, દ્રાક્ષ, સુંઠ, પિપેર;
મધ મેળી તે સેવતાં. હરે જ્વરાદિક કેર, ૧

### ત્રિફળાદિ ચુર્ણ.

( મંદાગ્નિ; ને આંફરા રોગે )

( દોહરો )

હરડે. બેઢાં આમળાં, કુટી નીરમાં ખાય;
તો મંદાગ્નિ આંફરો. જોતાંમાં જંપાય. ૧

### રસાયન ચુર્ણ.

( દાહ, પિત્ત. અને ધાતુ વિકારે )

( દોહરો )

ગળો, ગોખરૂં. આંબળાં, શાકર સાથ સદાય;
સેવે તેને સ્વપ્નમાં, દુઃખ કેમ દેખાય. ૧
દાહ, પિત્ત શાંન્તી કરે. બુઝે ધાતુ વિકાર;
ભટ્ટશંકર આ ચુર્ણ છે; સર્વ ચુર્ણથી સાર. ૨

### વેદક્ષાગાદિ ચુર્ણ.—( બરોળ રોગે )

( દોહરો )

જવ, સાજી, સંચળ તથા; ત્રિધર એ સપનોસ;

For Private and Personal Use Only

નિમ્બુરસમાં તે ધરી. પીતાં મટે બરોગ ૧

## ચંદ્રદિવાકર ચુર્ણ.

( ધનુરવાયુ, આમવાયુ, મળરોત્ર, ને કર્ણરોગે )

( છંદ સુર્યકમળ હંસા )

ગળો, કીદરૂં, આમલ સારો,
હિરાબોર. નળી, વરધારો.
શંખ જીરૂં, ને સુવા લાવી.
ધો ચુરણ ખલ્લમાં અટવાવી,
ુરવાયુને, આમવાયુ કંઇ, ધાક મટાડે, મળ અટવાડે,
કંઠમાળ કરમાવેછે,
ભઇશંકર, એ ચંદ્રદિવાકર ચુર્ણ, ગજેન્દ્ર કહાવેછે—૧

## યવાન્યાદિ ચુર્ણ.

॥ श्लोक ॥

यवानी हिङ्गु सिन्धूत्थं क्षारं सौवर्चला मया
सुशमण्डेन पातव्या परिणामे त्रिदोषजे ॥ १ ॥

અથ—જવાની અજમો, હિંગ. સિંધવ. જવખાર, સંચળ, હરડ, એ ઔષધનું ચુર્ણ કરીને મધને નીતરતુ પાણી લઇને તે સાથે તે ચુર્ણ પીવું. તેથી ત્રિદોષથી ઉપજેલું પરિણામ શૂળ મટેછે,

## હિંગ્વાદિ ચુર્ણ.

॥ श्लोक ॥

हिङ्गु सौवर्चलं पथ्या यवानी स्पुनर्नवा ।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वाल्केरण्डो बृहत्यौ द्वे तुवरं व्योष संयुतम् ॥ १ ॥
भार सा वचलापेतं क्वाथो वा चूर्णकं तथा ।
सद्यो वातात्मं शूलं हन्ति सद्यो विषूचिकाम् ॥ २ ॥

અર્થ—હિંગ. સંચળ, હરડે. જવાની અજમો. સાટોડી, નાના એરંડાનું મૂળ. રિંગણી ભોંયરિંગણી, ધાણા; સુંઠ, પિંપર, મરિ, એ ઔષધોનો કવાથ કરીને તેમાં જવખાર તથા સંચાળખાર, નાંખીને પાવો, અથવા એ ઔષધોનું ચુર્ણ કરીને ગીને ખાવા આપવું એમ કરવાથી તત્કાળ, વાયુથી થએલું ગ્ળ મટાડે છે. ને વિષૂચિકા રોગને પણ મટાડે છે.

રાજીકાદિ ચુર્ણ—( વાંન્તી કરવા માટે )

( દાહરો )

રઈ, લોદર; વજ શીરશી, સિંધવ એ સમભાગ
રાજીકાદિ એ ચુર્ણથી; ઉલટી થાય અથાગ, १

સિતોપલાદિ ચુર્ણ

( વાતદોષ. પિત્તદોષ, જવર, તૃષા, ને ક્ષિણવિર્યં )

[ ઝેર...લાવણી )

સૌ સુણો નરો ને નાર,
સફળ થશે અવતાર;
મહીં મુખ્ય ગુણ છે સાર ચિત્ત વિચારી'
જેથી ભ્રમી, ઉન્માદ, જાય સહુ હારી १

( ટેક )

ભાગ ભુમિરતુ શાકર સારી,
વંશલોચન લે અષ્ટએ ધારી,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદ પિંપર નયન ઇલાચી;
વન્હી લિવિંગ ભેળવ સાચી;
એશિનો પલાદી ચુર્ણ, વાતપિત-હણે, પુષ્ટિવિર્ય લે શર્ણ;
તૃષા જવર ટાળી
ભઈશિંકર મધ ધી સાથ ....સેવે જે વારી ૧

# इतिश्री चुर्णाधिकारः

# गुटिकाधिकार

## ઇચ્છા ભેદિરસ ગુટિકા—૧

( શોફોદર. ગુલ્મોદર મંદાગ્નિ. ને શુળરોગે )

( દોહરો )

પારો, ગંધક ત્રીકટુ, હરડેદળ, ને દ્રાખ;
હળદર, ટંકણ સમ પછી, નેપાળો લઈ નાંખ, ૧
પછી ગુટી કર તેહની, ગુંજા તુલ્ય પ્રમાણ;
શોફોદર. ગુલ્મોદરો, મટે સત્ય અવસાન. ૨
વાત, પિત્ત, કફ. દોષધા. થતાં રોગનાં સ્થૂળ;
ઇચ્છાભેદી રસ થકી, મટે મંદાગ્નિ શૂળ. ૩
એકાંતરિ ને ટાઢિઓ, કામજવર અભિસાપ;
ભઇશંકર રસ પેખતાં રહે ન ઉભો આપ;

## જવરારિરસ ગુટિકા—૨

( ભિન્ન ભિન્ન જવરાદિ પ્રકોપપર )

( દોહરો )

મરિ પારો, વછનાગને, કનકબીજ ને ગંધ;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનશીળ. સમ ભેળી કરો, કપડ મટ્ટીથી બંધ; ૧
પછિ કારેલીરસ મહીં; કરો ગુટી બેવાલ;
આદ્રરસે તે સેવતાં, ગુણ બતાવે હાલ, ૨
તાવ, મંદ જઠરાગ્નિ ને વાયુ આંફરો એહ;
કફવ્યાધી આદીબિજા. બુઝે ખિલતા જેહ ૩
ચળ, સોજા વ્રણ, આંફરો, મટે પિસાંચી તૂત
જવરારિરસ ભઈલાલએ, તેજપુંજ ફળિભૂત ૪

## વિકલ્પરસ ગુટિકા ....૩

( દાહ, કમી, શૂળ, ચળ, સોજા, ને યકૃતરોગે )

કુંડળીઆ

નાળિળ' પારો, નૈરૂતી, કડુ; રાઈ; કઠ કંદ,
રૂદ્રવતિ રીશામણી; ભાંગ ચણોઠી ચંદ;
ભાગ; ચણોઠી ચંદ; શારિણી; ને હરડેદળ;
દ્રાક્ષ; સુઠ ને રાળ; અમૃતારસમાં તેખલ;
વિકલ્પરસ ભઈલાલ; બુઝાવે દાહ કમી શુળ;
ચળ; સોજા; યકૃત, મુજે દેખીને નાળિળ ૧

## ટંકણ વછનાગાદિ ગુટિકા—૪

( ભિન્નજવર પ્રકોપપર )

( દોહરો )

ટંકણ; મરિ, પિંપર તથા હિંગળોક. વછનાગ;
આદારસમાં તેબધુ. ચુર્ણકરો સમભાગ,
પાંચ પ્રહર તેને ખલે. ઉત્તમ ગુટિકા થાય;
ભઈશંકર તે સેવતાં; ભિન્ન ભેદ જવર જાય ૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજંની ગુટિકા

( નેત્ર સંબંધી સર્વરોગ ઉપર )

( જેકરી છંદ )

રશાંજની લોદર; ત્રીફળા;
શ્વેતકમળ ને સિંધવ ધયા: १
તુથ્યે' ચિગડું. ત્સુષણ ધરી;
તામ્રપાત્રમાં તેહી ભરી २

* * * * +

( ચોપાઇ છંદ )

મેઘ નીરમાં તેહ ખલાય,
અંજન ગુટિકા ઉત્તમ થાય;
તેથી બકરીના દુધ માંહ્ય'
કે ફનશના ફુલરસ માંહ્ય २
કહે ભાઈશંકર એ અંજાય;
નેત્રરોગ તો સરવે જાય. १

માલતીઆદિ ગુગ્ગુલ ગુટિકા—૬

( બનાવવાની રીત )

( દ્રુત વિલંબિત છંદ )

હરડ, માલતી, સુંઠ, વિચારિએ,
કઠ, જીરૂં, મરિ, સર્પપ ધારિએ;
ચવક, ચિત્રક, હિંગ અને કહું;
ભુવન; તે થકિજ. ગુગ્ગલે બધું. १
ખલિ મધે પછિ ગુટિ કદિ કરે.
લખિત વિધીથિ સર્વે અનૂપરે;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુજ રોગનું મૂળ, વધાયછે,
ગુગળ આ ભઈલાલ જગાયછે. ૨

### માલતીઆદિ ગુગ્ગલ ગુટિકાનો ઉપયોગ

( દોહરો )

શૂળ, આશ, મંદાગ્નિને, ત્વચા, વિર્યના રોગ;
વાતરક્ત વાયુ જરા. અપસ્માર લે ભોગ. ૧
આમવાત ને સંગ્રહણી; સ્વલ્પ વારમાંજાય;
ભઈશંકર અનુપાનથી. ગુગ્ગલ એમ અપાય. ૨

### ગંધાદિ ગુટિકા.

( વિષૂચિ નામના રોગપર )

( દોહરો )

ત્રિકટુ. સિંધવ હિંગને; નિમ્બુરસે અનુસાર
તર્ત ગુટી કરિ સેવતાં, ખાય વિષુચી હાર, ૧
વળી. જીર્ણજ્વર આમળો, ખાય દેખતાં હાર,
ભઈશંકર આ ઔષધી, તેજ બુંદ આકાર.

### અશ્વગંધાદિ ગુટિકા—૮

( વાયુ, આમ્લપિત્ત, કૃમી, ને ગત ધાતુજ્વરે )

( ચોપાઇ છંદ )

એલાચી. ચિત્રો આશોદ,
સંચળ, હિંગ, જીરૂં અજમોદ,
સાજીમૂળ, પકર, જવખાર,
સુંઠ, સાથરા હરડે સાર ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિપરિમૂળ, અને ઉપલેટ;
વાવડીંગ સર્વધરી સમનેટ;
અરડુ સીરસમાં ભેળવી,
કરો ગુટિકા તે કેળવી ૨
વાયુ નામ સુણી તે દોડય,
આમ્લપિત્ત ની છાસે કોટય;
કહો કમી તે પછિકયાં જાય;
ગત ધાતુજ્વર પૂર સમાય ૩
એમ ગુટીકા આ ગુણકાર,
સેવો દુઃખો સૌ નરનાર,
ખાતાં ગુટી રોગન જાય;
તો ગુટી શાકામે ખાય
માટે શાસ્ત્ર બધાં તું પેખ,
શેષ ગુણરસ જેમ દેખ;
ભઈશંકર ગોળી તે સાર;
નક્કી લ્યો તેનો આધાર ૫

મધુવટક ( ગુટિકા )– ૯

અર્શ, સગ્રહણી ત્વચારોગ, જરા, ઉદરરોગ, પાંડુ;
ગુલ્મ ક્ષય, પ્રમેહ. શ્વાસ. નયનરોગ, વ્રણ,
પથરી વગેરે રોગપર ) )

( લલીત છંદ )

હરડે મોથને, પિંપરી મુળી..
તજ, તમાલને, વાવડિંગ ધરી;

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચવક, આંબાગાં, સુંઠ, એલચી
શશિ વિભાગમાં, ચુર્ણ લે રચી ૧
વસુ, નસોતરી, શાષ્ટ શકરા
ભુવન ભાગમાં, દંતિમૂળ ભર્યા
નિર સમેતમાં તે ગુટી કરી
લખિત આ વિધી, ને અનુસરી ૨
ગરમ નીરમાં, તેહ સેવતાં
મળ વિકારથી, દુઃખ રે' જતાં
હરસ સંગ્રણી; ને ત્વચા જરા
ઉદર પાંડુને, ગુલ્મથી ભયા ૩
ક્ષય, પ્રમેહને, શ્વાસ ક્યાં રહે
નયન રોગના, કોઈ ન દહ
વરણ, પાણરી, થી બૂઝે તનૂ
વચન એમ છે, ભાઈલાલનું ૪

સુરણવટિકા ( ગુટિકા ) ૧૦
આર્શ અને મંદ જઠરાગ્નિ વગેરે રોગપર
ઝુલણાછંદ

તજ, મરી, એલચી, જન્મ ભાગોધરો
માગધી ત્રીફળા, દ્વીત્ય સાંખે;
પિપર મૂળને' વાવડિંગ સૂસળી,
સુંઠ; ભલ્લાંત' સદા ભૂજ નાંખે —
ચંદ ચિત્રા ભલી અષ્ટસૂરણ લહી,
ગંદુ પડિ, અષ્ટમાં તેહભેળી
જન્મ રેનુ લડો, ગોળ રૂડો ધરો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોળિ બાંધે, બધીનીજ મેળી— ૨
તેહ ગોળી થકી, આશ બૂઝે નહી
મંદ અગ્ની. સદા તેથિ જાએ
ભાગ્યમાં જે લખ્યું સુખ બઇલાલ તે,
ફેર બ્રહ્મા મરે તો ન થએ— ૩

ગુડમાગધી ગુટિકા—૧

(કમજો અરૂચી શ્વાસ, હ્રદ્રોગ અજીર્ણ ખાંસી નેપાંડુરોગે)

દોહરો

પિંપર, ગોળ સમાન તે, ગોળિ કરીને ખાય
કમજો અરૂચી શ્વાસને-હ્રદય રોગ તો જાય
અજીર્ણ ખાંસી. પાંડુ ને કરે દફે આ યોગ
ભઇશંકર આભર્વાનથી શુભ પુરૂષાર્થ એ પ્રયોગ

સુવર્ણ પર્પટી

ઉરઃક્ષત રોગ ઉપર

છપયછંદ

સુવર્ણવર્ક ભુભાગ, અષ્ટગંધકનેપારો
ધરી કઢઇમાં તળે પછી દે ખબ્બ તપારો
છાણ ભુકા પરપત્ર કદળિનું કાપી પ્રેરો
રસરેડીઢાંકી પત્ર પુનઃ ભુકો પછી ઘેરો
પત્રપરેપછી જેપટકરે ઉર ક્ષતહરણીસહી
ભઇશંકર કવી ગ્રંથો થકી સુવર્ણ પર્પટી એ કહી

For Private and Personal Use Only

જ્વર ધૂમ કેતુરસ

[ દોહરો ]

અભ્રિક ચૂર્ણ પારો તથા, હિંગળોક, ને ગંધ;
આદુરસે સમભાગ સૌ; ખલે ખલેથી મંદ. ૧
પછી ગોળિ તેની કરી, આદુરસે તે ખાય;
તો સૌ જ્વર ભઇલાલ કહે જોતાંમાં જંપા". ૧

# इतिश्री गुटिकाधिकार

# मोदकाधिकार

## તાલીસાદિ મોદક—૧

( પદ. )

( સરદી; કાસ; શ્વાસ; ને સ્વરભંગ વગેરે રોગપર )

તાલીસાદી મોદક કરે આતે રો! ભલોરે

તાલીસપત્ર; સુંઠ મરી ને; પિપર આંબલી છાલ;
આમ્લવેતસ; ચિત્રક જીરૂ; ચાર તોલા તેહ ધાર. ...તા૦ ૧
તમાલપત્ર. તજ: એલાચી: ત્રણ તોલા તે સ્હાવ;
સો તોલા ગુડ મેળવીને, મોદક તેના બનાવ ...તા૦ ૨
માત્રા પ્રમાણે કે અનુપાને; સેવન તેનુ થાય
તો સરદી; કાસ શ્વાસ મટેને, સ્વરભંગ દુઃખ જાય.—તા૦ ૩
દુઃખ દ્વંદ્વ ત્રાડે; ને હર્ષ વધારે; અંગે કરે સુખ ચેન;
પાછૂ પડે ના ઔષધ તેનું; ભઇશંકરનું વેણ—તા૦ ૪

## દીપ્યાદિ મોદક—૨

( વિષદોષ; ગૃધ્રસી; ગુદાપિડ, કમર ને વાંસાનો વાયુ, જંઘાની પિડયા, સોજા; તુની; પ્રતુની; તથા કફ સબંધી સર્વ વ્યાધિપર)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private and Personal Use Only

( દોહરો )

દેવદાર, મરિ વાવડિંગ, વરિઆળી પિંપેર;
ચિત્રક, પિંપરીમૂળને; સિંધવ એ સુખસેર. ૧
તે થકિ પથ્યા દશગણી, વરધારો ને સુંઠ;
તે સમ ગોળે મેળવી, અચ્છિ તરેથી ઘુંટ. ૨
ઉષ્ણ નિરે તે સેવતાં: તુની, પ્રતૂની જાય;
ગુદા કમર, વાંસો અને, સ.થળ રોગ સમાય. ૩
ગધ્રસી; સોજા; કફ પિડયા, વીષ; પાંડુને આમ;
જોતાંમાં તે લે હરી; ભઇશંકરનો શ્યામ. ૪

## કૃષ્ણ મોદક—૬

( સ્વરભંગ, હીન બળ, કાસ' શ્વાસ, મદ, મુર્છા, જવર
પિત્તદોષ, શોષ, શૂળ, અરૂચી, રક્તપિત્ત, આમ્લવાત,
બરોળ, હેડકી, ઉરઃક્ષત, વગેરે રોગે. )

વિહારી વિહારી કૃષ્ણ મોદક વિહારી
લખ્યા તોલથી તુ લે સહુ ધારી ધારી—વિ૦ ટેક

પિંપર નયન તોલા તેહ ભેળો
ખજૂર, ખારેક, સાકર વેદ ભેળો
મધૂપુષ્પ, તજ, પત્ર; ઇલાચી
અડધો તોલો મેળવ તેહ સાચી

તેહ ચુર્ણ મધની સાથ, કરી મોદક લે હાથ
સેવે તેની વ્યાધી જાય; સર્વ પિડયા તે સમાય
ભલા સ્વરને સુધારે; પુષ્ટી અંગમાં વધારે
કાસ; શ્વાસને, બુઝાવે; મદ મુર્છા હરાવે
જવર; પિત્ત, શૂળ, શોષ, ટાળે અરૂચીનો દોષ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રક્તપિત્ત એ વહેવાય, આમ્લ વાત મુળ જાય;
વ્રજી બરોળ * હેડાકી, રહ્યું ઉરઃક્ષત હારી;
વદું ભાઇલાલ વહે શું વિચારી,
વિધી શાસ્ત્ર રિતી પેં અનુસારી. વિ૦ હ૦ રી ૧

## માણિભદ્ર મોદક—૪

( ઉદર, કાસ; ગુલ્મ; કુષ્ટ; કૃમી, પ્રમેહ; ગ્રંથી; ને શ્વાસ રોગે )

( જેકરી છંદ. )

ધાત્રી. વેલ્લા હરડે શશી;
વન્હિ; ત્રિવૃતા; ન્યુનન કશી;
ત્રુતુ ગોળ તેમાં ધારતાં;
મોદક રૂપ ગુટી વાળતાં.
ઉદર; કાસ. ગુંજાશે કસી;
ગુલ્મ; કુષ્ટ; હરી લે ધસી;
કૃમી; મેહ એ સવ જશે.
માણિભદ્ર માગ્યું આપશે.
ગ્રંથિ શ્વાસ; ગોશ્રાં મારતાં,
ત્રાસે દુઃખ ગુટી ભાળતાં;
⁂ખગ મંડળ કોટે ધારિણી;
ભાઇશંકર વદ. સુખકારિણી. ૩

* હેડકી નામનો રોગ ⁂ આકાશ મંડળને કોટે ધારિ શકે તેવી બળવંત છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રિસુગંધાદિ મોદક ૫

( વિર્ય દોષ, ને ત્વચાના અનેક વ્યધિ પર )

( દોહરો )

ત્રી સુગંધી, માગધી, કુંભિધર કેસર સાર;
ચવક. મુંડ, ચિત્રો, મરી, સમ ભાગે તે ધાર ૧
પછી મધે તે મેળવી. દિવ્ય ગુટીકા થાય;
તે દુધ સાથે સેવતાં. વિર્ય ત્વચા પિડ જાય ૨
વિષય વિષે, ભરપૂર રહિ. પુરે ચિત્તના કોડ;
ભઈશંકર ભવિષ્યમાં, નહીં એનિ કો જોડ ૬

મરિચાદ્યૌ મોદક —૬

( ગુલ્મ. આર્શ, ઉદર રોગ' શૂળ, વગેરે રોગ પર )

( છંદ ઝુલણા )

મરિ, શશી ભાગમાં, સુંડ ભૂજા ધરો,
ચિત્રા વન્હિ લહો. ભ્રાંન્ત ભાગી,
વેદ સૂરણ વળી ચુર્ણ તે સૌ ખલી,
ગોળ સાથે ગુટી. તેનુ રાગી ૧
ગુલ્મ ને આર્શ જે, ઉદર. ને શૂળ તે,
જાય નક્કી ખરૂં. કામ કરવું;
નહિ મતી આપથી, થાય ભાઈલાલ તે,
પંણ્ડિતો ને પુછી, પાગ ભરવું ૨

इतिश्री मोदकाधिकार

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# क्वाथाधिकार

## છિન્નોબ્દવાદિ કવાથ —૧

( સર્વ જાતના જ્વર ઉપર )

( તોટક છંદ )

અરડૂશી, કડૂ, હરડે, અરણી, હિતકારી, ગળોજ પિડા હરણી;
સુંઠ, પુષ્કળમૂળ, ધમાસ ધરી, નિંબછાલ ધરિ કર કવાથ ફરી–૧
યહ કવાથ મધેમુખ માંહિ પિતાં, સહુ દુઃખ હરે નરહીશ બિતાં. ❈
વળિ વ્યાધિ વિશેષ હરે *પલમાં, ભઈલાલ રહે જન જે જળમાં-૨

## ( ફલ્ગ્વાદિ કવાથ—૨

( કુષ્ટ અને વ્રણ રોગઉપર )

( દોહરો )

શ્યામઉંબરો ગોળને, તકમરિ; બેઢાંછાલ.
કવાથ કરી પીતાંહરે. કુષ્ટરોગ નેહાલ ૧
કે ત્રિફળાના કવાથને, ગુગ્ગુલ ધરિને પાય;
કહે ભઈશંકર તેથકી, વ્રણરોગ પણ જાય ૨

## પંચભદ્ર કવાથ—૩

( પિત્ત જ્વર પર )

( દોહરો )

સુંઠ, ગળો' ધનિ પાપડો, ને વાંસાદલ સાથ;
પીતાં પિત્તજ્વર મટે. પંચભદ્ર એ કવાથ ૧

---

❈ કોઇ દુઃખથી શું કરવાબિહેછે * ઘડીકાનો સાઠમો ભાગ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શુંઠ્યાદિ ક્વાથ—૪
( કફદોષ, પિત્તદોષ, વાતવ્યાધિ. ને અજીર્ણ રોગે )
( છંદ સવૈયા )

સુંઠ ક્વાથમાં હિંગ સુઠને સંચળ નાંખી તેહ પીતાં
કફ, ને વાયુ, અજીર્ણ મટેછે; કેમ રહે જન કો બીતાં.
વળી પિત્તનાં વંદહરાવે, અંગ ધરાવે સુખ્ખકારી
ભાઈશંકર આ ક્વાથ પિતાંમાં; કરે ફતેહ તે મન ધારી ૧

## દ્રાક્ષાદિ ક્વાથ....૫
(મુખપાક રોગ ઉપર)
(દોહરો

દ્રાક્ષ' ત્રીફળા અમૃતા. દાર્વિ. જાઈનાં પાન
ભેળિ શ્રમાસો તેહમાં; કરે ક્વાથ અવસાન
મધ સાથે તે ક્વાથને, ધરે મુખ્ખમાં જેહ
મૂખપાક તેના થકી, બૂઝે નિઃસંદેહ

## ભાર્ગ્યાદિ ક્વાથ....૬
( જ્વર; હૃદ્રોગ; કાસ; શ્વાસ; ને કફ વ્યાધિપર ).

ગજ પિંપર ભારંગ તે; સમ ધરિને કર ક્વાથ
ઉષ્ણ પિતાં તે જ્વર હરે; કાસ શ્વાસની સાથ
હૃદય * રોગ, કફ તોડિને; કરે નિરોગી દેહ
ભાઇશંકર સુખ કારણે; કહયો શુશ્રુતે = તેહ ૨

* હૃદયના રોગ = શુશ્રુત નામના વૈદ

For Private and Personal Use Only

### ષટ્ સુંઠ્યાદિ ક્વાથ—૭

( પિત્તજ્વરે )

( દોહરો )

મુસ્તા, વીરણ, સુંઠને; રક્તાંજની, કડુ ધાન્ય
※ષટ સુંઠ્યાદિક ક્વાથથી, રહે પિત્તજ્વર માન્ય ૧

### પુષ્કળ મુળાદિક ક્વાથ.—૮

( વાત વ્યાધિ, ને પિત્તશૂળે )

( છપય છંદ. )

હિંગ. હરડ, ને સુંઠ, ઇંદ્રજવ, સંચળ સાથે,
પુષ્કળમૂળ વિરેણુ. વચેન્દ્રા ભેગો ક્વાથે,
વળી સંચળ ને હિંગ, પછીથી તેમાં ભેળી,
ક્વાથ પિતાંમાં તેહ; વાયુનો થાએ વેરી,
વળી પિત્તશૂળ, પિડયા મટે, કામ પડે ના દામનું;
જાય રોગ સૌ ભઇલાલ કહે નામ જપંતાં રામનું. ૧

### જીતેન્દ્રિય ક્વાથ—૯

( કાસ, શ્વાસ, ક્ષય, ને અતિસાર રોગે )

[ છપય છંદ. )

અરડૂસી ને સુંઠ, મોથ ભાર્ગી, કરિઆતુ
જટામાંશિ ને કટૂ, નાંખ મન ખૂશી થાતું,
એરંડાનું મૂળ, મરી; પિંપર, મહુડે ભેળી,
નિમ્બવૃક્ષની ત્વચા; નાંખ જે તે સમ તોળી,
છે ક્વાથ *જીતેન્દ્રિય તે જીતે, કાસ, શ્વાસને ક્ષય જથા;

※ આ૭ ચિજોના સુંઠ્યાદિ નામના ક્વાથથી * ઇંદ્રિયોને જીતી શકે તે જીતેન્દ્રિય ક્વાથ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભઈશંકર કહે. અતિસારને, રોકેછે તે સર્વથા— ૧

### યવાદિ કવાથ—૧૦.

( આમરોગ, ગુલ્મરોગ, અનાહ, ને અજીર્ણરોગે )

( દોહરો )

જવ, પુષ્કળમુળ, સુંઠને, દશમુળ, હિંગ દ્વિખાર;
ત્રીકટુ, ભેળી કવાથ એ, પિએ પુરૂષ કે નાર. ૧
આમ, ગુલ્મ અનાહને, અજીર્ણ જ્વર તે જાય;
ભઈશંકર, *સુધારૂપી, કવાથ સદાય જણાય. ૨

### શંખ્યાદિ કવાથ—૧૧

( કાસ શ્વાસ, કફ, મુખરોગ, કાખપિડ્યા પડખાંનાં શુળ ને સોજારોગે )

( ગરબી ]

મહા જ્ઞાનિ, સિંધુ સુખશીર, શંખ્યાદિ કવાથા;
સૌ સદા પિઓ ધીરવીર, શંખ્યાદિ કવાથા;
કાકડશિંગી, વજ, ખડસલિઓ, કાયફળ; રોહીષરે;
દેવદાર; ભારંગિ, મોથ સુંઠ, સર્વ ખલે તે પીષ. શં–૧
પછી હરડ, ને ધાન્ય ધરીને. કવાથ કૃપાળુ થાવેરે;
કાસ' શ્વાસ, મુખરોગ, કફ. જ્વર, જોતાંમાં જ પાવે. શં–૨
કાખ પિડા ને શળ પડખનાં સોજા શાંન્તી પામેરે;
કહે ભઈશકર એહ કવાથથી, નરનારી દુઃખ વામે, શં–૩

* અમૃતરૂપ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ભૂત કવાથ—૧૨
(પિત્તજવર ઉપર)

દોહરો

સુંઠ ગળો, કરિઆતુને મોથ, પાપડો. ખાસ,
* ભૂત કવાથ પીવા થકી થાય પિત જવર નાશ—૧

### મુસ્તા ચપળા દિ કવાથ-૧૩
( વાત જવર પર )

દોહરો

સુંઠ, નિશા, મુસ્તા તથા. ગળો ધમાસો, રાઈ
પિંપર નાંખી કવાથએ, પિતાં વાત જવર જાય—૧

### મંજીષ્ઠાદિ કવાથ.—૧૪
અંત્ર વૃદ્ધિ' વૃષણા' અંતગંલ, ન્યુનાસ્તિવ, ચુંક, હીક, ચિત્રા; ચેળ, વાતજવર. પિત્ત જવર' શૂળ, વગેરે રોગપર )

( રાગ પરજ )

સુણો શીખ શાણારે, નિતીથી હું પાગ ભરૂં,
મજીષ્ઠાદિ કવાથેરે' જનો હિત દુઃખ હરૂં.... ટેક
મજીઠ. નેતર, હરડાં બેઢાં' કડ, લોદર, દેવદાર,
મરડાશિંગી, મોથ' કડું, વજ, નીમક. તજ, ને નાર સુણો ૧
દારૂહળદર; દાડમદલ ને, ટોડિ, ગળો, બળબીજ,
રાસ્ના, ગોખરૂ, સુંઠ, કિડાળી, જેઠીમધ, મરિ; હિંગ સુણો ૨
તેનો મજીષ્ઠાદિ કવાથ કરીને; જેહ પિશે નર નાર;
અલ્પાયુષી અબ્ધી ઉલેચી; ધારે ફરી અવતાર સુણો ૩

* પાંચ ઔષધી નો કાઢો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંત્રવૃદ્ધિ, વૃષણા; અંતગંલ: ન્યુનાર્ત્તવ; ચુંક. હીક,
દાહ' ઉરઃક્ષત આર્શ; ભુઆવી; ટાળે પિસાચની બીક-સુણો-૪
કહે ભઇશંકર કવાથ પિધાથી; વાત, પિત્ત જવર. શૂળ,
ચિત્રા; ચેળ હરે એક પલમાં, મુકે ઉદાર્વત મૂળ— સુણો-૫

=ચક્રકવાથ ૧૫
( દ્રષ્ટિ જવર રોગપર )
દોહરો

કાંગ; ધમાસો, પાપડો; કડુ; કરિઆતુ, ચેર
ચક્રકવાથ ભઇલાલએ; હરે દ્રષ્ટિ જવર પેર ૧

※ષડાનન કવાથ ૧૬
(શીતજવરે
દોહરો

ભૃંગરાજ, પુંવાડિઆ; ગળો; કાંસકી; વૃષ્ટ,
નગોડ; નાંખી તેહમાં, કવાથ કરો ઉતકર્ષ ૧
ષડાનન સુભ કવ થથી, શીત જવર રોકાય'
ભઇશંકર, ભવ દુઃખથી; મુક્ત જીવ સૌ થાય

પથ્યાદિહિ માદિશ્ચ કવાથ—૧૭
( વાંન્તી, આમવ્યાધિ, શૂળ, કૃમિવિકાર, ને કફાદિ પ્રકોપપર )
( લક્ષીત છંદ. )

કડુ, રતાંજળી, ગ્રંથિ ને ગળો,
હરડ, મોથને; ધાન્ય તે ધરો;
ગરમ શિંગને, પદ્મ સર્વે તે

= ૭ ઔષધીનો કાઢો ※ ૭ ઔષધીનો કાઢો * ટાઢો તાવ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરત કવાથ એ, દાહ ગર્વ જે. ૧
વમન, આમને; શૂળ એ મટે,
કૃમિ વિકાર તે, શ્રીહરી રટે;
કફ પ્રકોપ સૌ, જાયછે ખસી;
ભ૦ વિ૦ વિચારમાં ન્યૂનના કશી. ૨

### ગણ ધરી કવાથ....૧૮

( શાર્દુલ વિક્રિડિત છંદ. )

મર્કાશિંગિ, મજીઠ. ફુલફુલી, મંદાર ને પાચિણી,
બોરૂ, હિંગ; ખપાટ, આસન વળી, રાસ્ના મરી સારિણી;
બ્રાહ્મી, મોથ, ઇલાઇચી ગળો; નૈરૂતિ; ને નિર્મળી;
નાંખિ પાઢ નિરે ઘસિ સહૂ; પી કવાથ તેનો કરી. ૧

### ગણધરી કવાથનો ઉપિઓગ.

( ગીતી છંદ. )

ગુલ્મ; કઠોદર; સોજા; ચુંક; આફરો; ચકિત થઈ હારે; ૧
મૃગી; શ્વાસને યકૃત; કહે ભટ્શિંકર શૌર્ય હિણા સારે–૨

## इतिश्री क्वाथाधिकार



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अवलेहाधिकार

### હારિદ્રાદિ અવલેહ.

( શ્વાસ; તૃષા; હેડકી. વગેરે રોગ પર )

( દોહરો )

દ્રાક્ષ; ગોળ, રાસ્ના; મરી, હારિદ્રા ઉપલેટ;
ચપળામૂળ લજ્જામણી; સર્વ ભાગ સમનેટ. ૧
ચુર્ણ ખલી તે તેલમાં; ખાય પાંચ દિન જેહ;
શ્વાસ તૃષા; ને હેડકી; થકો રિબે ના તેહ'
આ અવલેહે આતમા; સ્થીર પ્રકૃતી સાથ;
ભાઇશંકર સુખ ચેનમાં; જપે નિરંજન નાથ. ૩

### એલાદિઅવલેહ ૨

(રકતપિત્ત; દાહ, શ્વાસ; મુર્છા તૃષા, ને; બકારી રોગે)

( કુંડળીઆ )

એલચિ, કેસર; કાકડી; ધના, પત્ર; ને દ્રાક્ષ,
મધ, પિંપર, સમ ભાગમાં, ખજુર મેળવો ખાસ'
ખજુર મેળવો ખાસ, પછી અવલેહ બનાવે.
તે ખાતાં ભઇલાલ. રકતપિત્ત રોગ હરાવે,
વળી દાહને શ્વાસ. મૂરછા ત્રષા બકારી.
ભઇશંકર કહે ગુણી, એલચી શેષ્ટ વિચારી ૧

### શુલ્વાદિવલેહ....૩

( અતિસારે )

છંદ સોમરાજી

દદિં, શુલ્વ; બેદાં; મરી; રાળ; ગુંદાં,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભ૦વી૦ સુખ કારી; અતીસાર હારી ૧

ચપળાદિવલેહ—૪

( કફજ્વર; બદ્ધ; શ્વાસ, ખાંસી, પ્રેત પીડ્યા વગેરે રોગે )

( દોહરો )

પિપ્પલી ચુર્ણ કરી તદા; મધ મેળી સેવાય;
વાહ; વાહ; શીએ કૃતી; કફજ્વર તુરત જાય ૧
બદ્ધ; શ્વાસ; ખાંસી મટે; મટે પ્રેતની પીડ્ય;
ભઈશંકર આ ઔષધી, જેમ જનાવર તીડ ૨

આર્દ્રકા વલેહ....૫

( પિન્સ, સોજો, ગુલ્મ; આર્શ શૂળ; ક્ષય; ને કાસરોગે ]

( દોહરો )

દિપ્યા; મોથ. ત્રિજાતને. ભરૂ. લોહની ભસ્મ;
ભાર્ગી; ધાણા. ત્રીકટૂ, સર્વચીજ એસમ ૧
સતગણું તેથી આર્દ્રને, ગોળ મેળવી તેહ;
શાણા ભિષગ્વર કરો, આદ્રકા અવલેહ ૨
તેથકિ સોજા' ગુલ્મને, પિન્સ, આર્શ. શુળ જાય,
ભઈશંકર આલેહથી ક્ષય ને કાસ પલાય ૩

અક્ષાવલેહ....૬

( કફ યુક્ત કાસ રોગપર )

( કદ છંદ )

બહેડાં શશી ભાગમાં તેહ લાવીજ,
અજામુત્ર તે વેદ ધારી પકાવીજ;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી લેહ તેવો મધુસાથ મેળીજ;
બુઝે શ્વાસ યુકતે થતીતે બકારીજ ૧

## ખદિરાધવલેહ—૭

( ગરબી )

( મુખપાક નામના વ્યાધિપર )

જુઓ જુઓ ખદિરાધવલેહ, શોભા સારીરે;
મદ, મનરંજન, સુખકાર, શી બલિહારીરે
શ્યામ શ્વેત એ ખેર ત્વચાને, રોધ્ર મજીઠ અરવિંદરે;
જાઇદલ, જામ્બુની ત્વક ને, અરડૂસો રસ બિંદ. સો૦—૧
ત્રિફળા, જેઠીમધ, ને દાર્વી: એ ઔષધ નિર માંહેરે;
અચ્છિ તરેથી વૈદ પકાવો, તિવ્ર અગ્નિ છે જ્યાંહે સો૦—૨
ચતુર્થાંશ રે' બાકી ત્યારે, ગાળી તેહ ઉતારોરે;
ખેરસાર, દાર્વી; કરિઆતૂ વેદ વેદ એ ધારો સો૦—૩
મુકિત વિભાગે ગેરૂ ધારો, ફરી પકવ જો થાયરે;
સાકર મધમાં લેહ થતાં એ; મુખપાકે સેવાય સો૦—૪
સર્વ રોગને સ્હેજ સમાવે, ગાવે સ્વર્ગ મુનિંદ્રરે
જગત જનો સૌ સેવો કહેછે, ભઇશંકર કોવિંદ સો૦—૫

## વસ્તકાવલેહ—૮

( રક્તાતિસાર ઉપર )

( કુંડળીઓ )

વસ્તકાતિ, ને વિષ કળી, સુંઠ, હરેડે સાર;
દધિતર, મધમાં તે ખલી, જો ચાટે નિરધાર;
જો ચાટે નિરધાર, ઉરઃક્ષત શ્વાસ સમાયે;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાહ રક્તાતીસાર. જોત જોતાંમાં જાએ,
પંણ્ડિત કવી ભઇલાલ, હરે શિક્ષા દઇ ભાંન્તી;
બહુ ગુણવંત સુરેશ' વિપકળી ને વસ્તકાતી.

## વાસાવલેહ—૯

( શાર્દુલ વિક્રિડિત છંદ. )

વાસારસ ભૂમિ ભૂત લઇને. અગ્ન પરે તે ધરો;
તોલાચક્ર, ખડીજ સાકર ધરી, તે ભેગિ તેને કરો;
પીછેથી સમધાર ઘૃત ચપળા, જો લેહ તે થાયતો;
ભાઇલાલ ભનિષ્ય, કોડ' ગ્રહણી, શીતજ્વરો જાય તો;

## દ્રક્ષાદિવલેહ—૧૦

( કુંડળીઆ )

( પિ-તખાંસી, ક્ષય, પાંડુ; હલિમક; ઉરઃક્ષતે )
બોર, પિંપર ને આમળાં કટફળ દ્રાક્ષ ખજૂર;
લેહ કરી તે સેવતાં, જાય પાંડુ, ક્ષય પૂર;
જાય પાંડુ. ક્ષય પૂર; પિત્તની ખાંસિ મટાડે;
હલિમક વ્યાધી હરી, ઉરઃક્ષત સ્હેજ ભ્રડાડે;
કહત કવી ભઇલાલ, લેહ બેડી વજૂરકી;
અતલીબળ, મ્હાનીધ, બોર, ચપળા, આમલકી. ૧

इतिश्री अवलेह विकार

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# તૈલાધિકાર

## મોહક તૈલ.

( વશીકરણ. )

( દોહરો )

અષ્ટ ગંધ; સમ માપમાં, શર્ષિ તેલમાં તેહ;
સ્વેદન યંત્રમાં તે ધરી, સર્વ પકાવો એહ ૧
તેવા તલ અભંગથી, માનવિ સૌ વશ થાય;
ભાઇશંકર કહે તૈલ આ, મોહક રૂપ મનાય ૨

## અન્વાશન તૈલ ૨

( ગુદા રોગ. સાથળ રોગ. મુઢ વાયુ. પ્રવાહિકા, અનાહ, મરડો ને નિતંબ રોગે )

( રાગ ગિરધારી )

અન્વાશન તલ રે, વિધી પુર્વક બતલાવું, શાસ્ત્ર રીતે દર્શાવું;
નહીં જગત મહીરે, ઔષધ બીજું આવું, અન્ય મારગ ન જાવું,
બળ દાણા; વજ, વરિઆળી રે;
જેઠીમધ, કચૂરો, કઠ, ધારી રે,
દેવદાર. પિંપર, અનૂસારી રે;
ને કોઠ, ચિત્રક રે, બિલીનું મુળ સ્હાવું—અન્ય૦ ૧
વળી ગેલ ફળ રે, સમ ભાગે સહુ મેળી. પછી કલ્ક કરો તે ભેળી;
તે થકી બમણા રે. મહિષિ દુધે કલ્ક ઘેરી, તેનું તૈલ પકાવો પ્રેરી;
તેહ તૈલ જથા દુઃખ ટાળે રે;
ગુદા સાથળ, રોગ સમાવે રે;
મુઢ વાયુ; પ્રવાહિકા જાવે રે;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનાહ ને મરડોરે. નિતંબ રોગ હરાણું. — અન્ય૦ ૨
ભક્ષણ કરનારે, સુખ દાતા મુખ ગાણું, અન્ય મારગ ન જાણું૦

## મુવાદિ તૈલ—૩

( દાહ, શિતજ્વર, જીર્ણજ્વર, શુળ, ફેર. ને આંફરા રોગે )

( દાહરો )

સુરૂમાંશી, કઠ, સુંઠ ને, મજીઠ, સાજીખાર,
લક્ષલાખ, સૌ ઔષધો, સમભાગે તે ધાર ૧
દધિરસ તેથી ષટગણો' નાંખિ તૈલ તું સિંચ,
તે યોગે શાન્તિ કરે. દાહ. શિતજવર. બીચ ૨
વળી જીણજવર' શુળને; ફેર, આંફરો જેહ;
ભઇશંકર કહે વ્યાધિ સૌ, થાય નપૂંશક તેહ ૩

## ષટબિંદુ તૈલ—૪

( શિષરોગે )

[ કટાવ ]

જુઓ જુઓ ષટબિંદુ તૈલ આ;
બોપદેવ પંણ્ડિતે કહેલઆ;
હરણમરો, વિડંગ. જેઠિમધ. પુષ્કળમૂળ
સુંઠી ને સિંધવ, મધૂપુષ્પ રાસ્ના વરિઆળી.
તગર, સુંઠ, સમભાગે ધારી, કલ્ક કરીને
તૈલ ધરીને. ફરી ફરીને ષટબિંદુ આ, તૈલ પકાવે,
શીશ રોગે એ તૈલ જાવે........ જુઓ૦ ૧

## યક્ષ કર્દમાદિ તૈલ- ૫

( ઉદગાર, જરા રોગ, શ્રમ, આર્ત્તવ, વિર્યદોષ, વચા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિડયા, આંફરો. અપસ્માર. ઉન્માદ વગેરે રોગ ઉપર )

( છંદ ચંદ્રાવળા )

યક્ષયર્દમાદિ તૈલ વિચારો, વૈદ અને નરનાર.
વિશંભરે વિશ્વ રચ્યું ત્યારે, તેહ બનાવ્યું સાર,
તેહ બનાવ્યું સાર ભિલામા;
અષ્ટવર્ગ કર્યૂગેજ તેમાં;
કપૂર કાચલિ. મોથ એ ધારો,
યક્ષકર્દમાદિ તૈલ વિચારો વૈદ૦ ૧

ખપાટ; ગોખરૂ દશમુળ સાથે; શતાવરિ બળબીજ,
કંટશેરિમુળ, ગળો; રાસ્ના; કૌચાં એ સમલીજ;
કૌચાં એ સમલીજ વિચારૂં,
યક્ષકર્દમ તેથી હિત્ય ધારૂં
બોર મિઢોળ કહ્યાં છે નાથે:
ખપાટ; ગોખરૂ દશમુળ સાથે. શતા૦ ૨

તૈલ; ઘૃત પછી તેમાં મેળી. માંસરસો અનુસાર;
યંત્રજ દ્વારા તેહ પકાવી; તૈલ બનાવો સાર;
તૈલ બનવો ભારજ જ્યારે
કાકડશિંગી કસેલાં ત્યારે
કેસર; સિંધવ એ સમ ભેળી,
તૈલ ઘૃત પછિ તેમાં મેળી માંસ૦ ૩

એ તૈલે ઉદ્ગાર, જરા ભ્રમ, આર્ત્તવ રોગ એ સમાય;
વિર્ય ત્વચાના રોગ હરે ને; અપસ્માર એ જાય,
અપસ્માર એ જાય ખરેરે
આંફરો ઉન્માદ જ કયાં રે'
ભાળો વૈદ ભઈશંકર ગમ;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ તેલે ઉદ્‌ગાર જરા ભ્રમ. આર્ત્તં ૪

## ક્ષારાદિ તૈલ—૬

( કર્ણરોગે )

( દોહરો )

ક્ષારદ્વિ, ત્રીલવણને; ક્ષારાષ્ટક સમધાર;
અર્શિ તેલમાં તે ધરી, તૈલ પકાવો સાર, ૧
કર્ણ રોગ તે તૈલથી; મુળ સાથે મરદાય;
ભઇશંકર આ મ્હાનિધી તૈલ જગત વખણાય ૨

## શિખરસાદિ તૈલની ઉત્પત્તિ

( ઇતિહાસીક )

( ભુજંગી છંદ ]

લઢયા રામને લંકનો ભૂપ જ્યારે;
હડૂડે મહા તોપ જંજાળ ત્યારે;
ઘણા શબ્દના ઘોરથી રામ શૈન્ય?;
પિડે કર્ણરોગે કશું કો સુણેના ૧
ચઢી રામને રીષ તેથી તિહાંરે;
અરે આપણી હાર થાશે હવાંરે;
હવેકોંણ ઉપાય જે દુઃખ જાએ,
મટી કર્ણ રોગો બધે શાન્તિ થાએ ૨
લહ્યુ નારદે જે પડી ભીડ માથે.
જઉ લૈ ધનવંતરી આપ સાથે;
લિધી ઔષધી સ્વર્ગથી સુકખ કારી;
ખુશી થાય શ્રીરામ ચિત્તે વિચારી ૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરી ભતજો રામની પાસ આવ્યા,
પુછે રામજે ઔષધી કાંઈ લાવ્યા.
કહે વૈદ હાજી ભરી ભૂતળે તે
કરો તૈલ તેનું દુખાવ્થી હરે તે
કરી તૈલ સૌ કર્ણમાં તેહ ધાર્યું
પિડા વ્યાધિનુ મૂળ તેથી વિદાર્યું
વડી ઔષધી સ્વર્ગ વૈદ્યો ગણાવે
ભઈલાલ તે ઔષધી ને જણાવે ૫

શિગ્રરસાદિ તૈલ—૭ કર્ણરોગે

( કુંડળીઆ )

અર્કપત્ર રસ, શિગ્રરસ, સુવર્ણ રસ સમ ધાર
તેલ ધરી તેમાં પછી, તેલ પકાવો સાર
તેલ પકાવો સાર, કર્ણના રોગ હરાવે
કરે દુઃખ કુરબાન, દાવ એને જે આવે
કહત કવિ ભઈલાલ; દવા આ બહૂ ગુણી છે
ધન્ય ધન્ય રે ધન્ય, મને એ બહૂ ગમી છે

નાગ નામત તૈલ—૮

( આનું કંપાદિ રોગપર લેપન )

( છંદ મહામુદ્રા )

કુષ્ટ, મરી, વછનાગને, પિંપર એસમભાગ;
તૈલવિષે તેનેકઢો; તિવ્રઉષ્ણુ અનુરાગ;;
તેહ તૈલના લેપ થકોજન. આનુકંપાદિ રોગમટે;
નાગ નામત એ તૈલજણાવી' ભઇશંકર શ્રીકૃષ્ણ રટે ૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બલા તૈલ....૯

( વાતવ્યાધિ; જ્વર સુતિકારોગ; અંત્રવૃદ્ધિ, કાસ, ગુલ્મ; મુત્રઘાત ને ઉન્માદે. )

( ગરબી )

છે બલા તૈલ બળવંત, ચિત્તજ ધારોરે;
સુખશીર સદા દુઃખ અંત; વેદ વિચારોરે. ૧
દશમુળ; કળથી બોર; જવ શશિ ભાગેરે;
બળદાણા; મુળ અંકોર; શષ્ટનુ રાગેરે. ૨
જન્મ ભાગ મહિ તૈલ; તેહ પકાવોરે;
સિંધવ ત્રિફળા સુખ સૈવ; શશિ શશિ સ્હોવોરે
ઉટલશરી, ત્રીજાત; ને બળદાણારે;
જટામાંશિ; કઠ સાથ, ભેળવ શાણારે
મજીઠ; વિદારીકંદ, વજ વરિઆળીરે;
જીવનંગણ; આસોંદ; તગર તે ધારીરે, ૫
રક્તબોળ; ને રાળ; શતાવરિ સાથેરે,
અગર; નેત્ર દેવદાર, ભેળવ હાથેરે ૬
ચંદન પથ્થરનાં ફુલ, ચુર્ણ એ તેમાંરે;
એ કલ્ક સર્વ અનુકૂળ, મેળવ એમાંરે ૭
તે તૈલ થાય તઇઆર' સૌ મંન ભાવેરે
વાયુ વ્યાધિપર સાર, જ્વર સૌ જાવેરે ૮
વળી સુતીકા રોગ, અંત્ર વૃદ્ધિરે
કાસ, ગુલ્મ લે ભોગ, કરી તે શુદ્ધિરે ૯
મુત્રઘાત ઉન્માદ, તે વિડારે રે
ભાઇશંકર કરમાં વાદ, સુખ અનુંસારે રે ૧૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વજ્ર તૈલ—૧૦

( વ્રણ, આર્શ, વાત વ્યાધિ, ગ્રંથિમાળ, કફ પ્રકોપ ને કુષ્ટ રોગે

( મારૂ—કલ્યાણ

મગ વિચાર મહીં, ધ્યાન સૌ ધરો;
વજ્ર તેલ તેહ, આ વિધે કરો;
ભાર્ગી મુળ; કંદબની છાલી, સુંઠ સિંધવ ને રાળ;
રાજ કંદબી, નગડ, દારૂડી, મનશીળ; ધઉંલા સાર મ—૧
દેવદાર. હ્રીમૂળ, ગુગળને કડુ વ્રંદ્રાવન એહ;
રસાતાલ, ને મોથ રસાંજન; કંપિલ, ભિલામા તેહ મ—૨
કલ્ક સર્વ ને થોર *ચિરમાં, સમભાગે મેળાય;
તૈલ પરીને તેહ પકાવ્યે, અનુક્રમે સેવાય. મ—૩
તો તેથી વ્રણ, આર્શ, વાયુને, ગ્રંથિમાળ, કફ, કોડ;
ભઈશિ કર સૌ હણી ક્ષણુંમાં થાય નિરોગી જોડ. મ—૪

## મહાનિલ તૈલ—૧૧

( કેશ અને કલ્પ કૃત ને શિશરોગે )

બેલાવર છંદ.

મહા નીલ તેલ વિચારીએ; બતલાવુંછું ભાંખી;
શીવણ આંજણી પુષ્પ ને, જાંબૂ; ચંદન નાંખી—મહા૦ ૧
ધઉલા' મજીઠ; અગર ત્રીફળા, મધ. ચિત્રક. ચપળા.
નીલકમળ. બિલ્લાત્વચા કમળતંતુઓ પ્રબળા—મ૦૨
શ્યામમાટી. ગળી. સુરમો. ભીલામા. આમ્રબી૦;
હિરાકશી. લધુપિંપરી. વેલમોધરી લીજ-મ૦૩
તકમરિ લોદર. તેસદા સમ ભાગમાં ધરવાં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાકિ બતાવેલ આ નિચે, તેથી બમણાંરે ભરવાં—મહા૦૪
દારૂ, જેઠીમધ, ભાંગરો. સુર્યકળી ને ઢાંગ
સણબિજ, સૂરસા પત્રને, કંટશેરિ દ્વી ભાગ—મહા૦૫
બેઢાંના તેલ મહીં પછી, કાળી ધોળી ગળી તે
આમલકી રસ મેળવી. લોહ પાત્રે ભરી તે....મહા૦ ૬
સુર્ય ઉષ્ણતા થકુ પછી, ઉષ્ણ થાય એ જ્યારે
અગ્નિ વિષે અનૂસારણુ, પાત્ર સાથે એ ત્યારે—મહા૦૭
કેશકલ્પ કરે તેલ આ, શિષ રોગ મટાવે
કથે કવી ભઇલાલ તો, વ્યાધી બુદ ન આવે .. મહા૦ ૮

## શતાવરી તેલ....૧૨

( વાતવ્યાધિ, વાતરક્ત, બદ, ક્ષિણતા, જરા, કુષ્ટ, શોષ, વગેરે રોગ ઉપર )

લાવણી

શતાવરી તેલ રૂડુ કહાવે, શતાવરી તેલ રૂડું કહાવે
જન્મ થકી દુઃખે પીડાતા, તણાં દુઃખ જાવે
ઉપલશરી, વરધારો એ હારે, ઉપલશરી વરધારો એહા
તગર એલચી ને વરિઆળી, જટામાંશિ તેહા ૨
વિશાખા રાસ્ના એ શાણારે; વિશાખા રાસ્ના એ શાણા
કઠ સૂખડ આશોંદ શાલવણ, વજ ને બળદાણા ૩
દાર્વિ ને મજીઠ સમ મેળે, દાર્વિ ને મજીઠ સમ મેળે
સમ ભાગે લઈ સતાવરી રસ, દુધ તેલે ભેળે ૪
પછી તે પકવ બધૂ થાએરે, પછી તે પકવ બધૂ થાએ
વાત વ્યાધિ ને વાતરક્ત.બદ, તે તેલે જાએ ૫
જરા ને કુષ્ટ શોષ એવાંરે, જરા ને કુષ્ટ શોષ એવાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રાસે સર્વે કહે ભઈશંકર, શું નામો ગણવાં

## इतिश्री तैलाधिकार

## घृताधिकार

### કુંકુમાદ્દ ધૃત—૧

( શિશ રાગ ઉપરનશ્ય )

દોહરો

કેસર, જેઠી, શર્કરા. ઉપલેટ; નવનીત.
ઘ્રત પકાવો તેહનું, ધરી અંગમાં પ્રીત ૧
તે નાંખેથી નાકમાં. અર્ધશીશ, આક્ષેપ;
નેપિત્ત દ્રોહિ દુઃખની, જાય મફતની ખેપ ૨
આ ઘ્રત નશ્યેથીસદા. દૂખ દારિદ્ર પલાય
ભઈશંકર સૌ ઘ્રતમહિ આઘ્રતશ્રેષ્ટ ગણાય ૩

### અષ્ટાંગ ઘ્રત—૨

( આયુષ વર્ધક, નેબુદ્ધિ વર્ધક )

દેહરો

સંખાવળિ. બાહ્યિ, ગળો, વજ, વરધાગે. સ્થૂળ;
શતાવરી, ને ઉબરો. સુર્યમુખીનુ ફુલ ૧
એ ઔષધમાં ઘ્રત ધરી, પૂરણ પકવ કરાય,
તેથી વાયુ, પિત્ત કફ, સર્વે રોગ પલાય. ૨
આયુષ, ને બુધ્ધી વધે આયુર્વેદક હાર;
અષ્ટ અંગિ આ ઘ્રત સદા. ભઈશંકર સુખકાર. ૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખદિરાદિ ઘ્રત ...૩

( કુષ્ટ, ને વિશર્પ, વગેરે રોગપર )

( કુંડળીઆ )

નિમ્બપત્ર, વાળો તથા, મોરવેલ બે ખેર;
દિપ્ચા, કદંબ ઇંદ્રિજવ, ગરમાળો એ પેર;
ગરમાળો એ પેર. કર્ણિકા તેમાં મેળી,
કવાથ કરી તે માંહ્ય, કવાથ સમ ઘી દે ભેળી,
તે ઘી પીને કુષ્ટ, વિશર્પજ વ્યાધિ વિડારો,
ભઇશંકર કર મોજ, ધારિ વીરેણી વાળો. ૧

## જાત્યાદિ ઘ્રત—૪

( વ્રણરોગે )

( મોદક છંદ. )

જાઇનુ પાન, મજીઠ કરંજક,
જેઠિમધુ, કઠ્ઠ, તુથ્ય, રસાંજન;
દાવિ, વિરેણુજ નિમ્બ પટોળક
મીણુ ધરી, ઘ્રત માંહિ તુ ઘોળક ૧
પકવ કરી પછિ તે ઘ્રત સર્વેજ
તે કર લેપ હરે વ્રણ ગર્વજ
વ્યાધ વિશેષજ એ પિડહારક
જગત મહીં ભઇલાલ વિનાયક. ૨

## બિંદુઘૃત—પ

( ઉદરના તમામ રોગપર )

( માલિનિવૃત )

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શશિ; રૂતુ રસ ધાત્રી, અમૃતા જન્મ તોલા,
સિંધુરસ ભુજ ધારી; ત્રિવૃતા વાલ શોળા;
વળિ ધર તુહિ યુગ્મે; કંપિલો રે કૃપાળું,
ભુવન ભુમિ વિભાએ, ધારતુ ધૃત સારૂં. ૧
પછિ કરિ બધું પકવઃ; સેવતાં શ્વાસ જાએ,
ઉદર, મદ, પિડા તે, દેખતાંમાં પલાએ;
ઝટ ઝટ ઝટ ત્રાશે, વ્યાધિ બીજી વહીરે,
ધૃત સુખ ઘટ ધારી, લ્હાવ લેતું ચહીરે; ૨

### કુષ્ટાદિ ધૃત....૬
### ( પિત્ત પાંડુપર )
( દોહરો )

જેઠીમધ, ઉપલેટથી, પકવ ધૃત સુખરાશ;
ભઇશંકર એ ધૃત કરે, પાંડુ રોગનો નાશ, ૧

### અટરૂપ ધૃત....૭
### ( બનાવવાની રીતી )
( માલિનિ છંદ )

ફુલદલરશ વાસા. ધ્રત તે માંહી ધારી,
પછિ ધરિ બધુ અગ્ની, તે પકાવે વિચારી;
અટરૂપ ધ્રત એછે શાસ્ત્ર લિખ્યું ખરેરે,
સુખકર ધર પ્રેમી, વૈદ ચિત્તે ધરેરે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અટરૂષ ઘ્રતનો ઉપિયોગ.

[ ચોપાઇ ]

ભ્રાંન્તિ, રક્તપિત્ત તિમિર કાસ,
ગુલ્મ, શોષ, રતવા, ને શ્વાસ;
-હત્સ્વરાર્તા, કમળો' હરે,
ભઈશંકર, નીરોગી કરે. ૧

## इतिश्री घृताधिकारः

## कल्काधिकार

દન્તી મૂળાદિ કલ્ક....૧

( આર્શ પાચક )

છંદ ચંદ્રાવળા

દન્તીમૂળાદિ કલ્ક વિચારો, દુઃખ સહૂ દૂર થાય
આર્શ વ્યાધી હરિ લે પલમાં, ભઇશંકર કવિ ગાય
ભાઇશંકર કવિ ગાય છે નેટ
દન્તી, વિડંગ તલ ઉપલેટ
પિંપર; ધાણા ભિલામાનુસારો
દન્તીમૂળાદિ કલ્ક વિચારો, દુઃખ સહૂ દૂર થાય- ....૧

જેપાળ કલ્ક....૨

( વિંછીના ડંખ ઉપર

દોહરો

જમાલ ગોટા નીરમાં, ઘસી કરે જો લેપ
તર્ત વિંછીની વેદના; હરે કલ્ક આ એક ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલિંગાદિ કલ્ક

( રકતાતિસાર. ને કફાતિસાર રોગે )

દોહરો

કલિંગ પાઠા તીવિષા, બલા મોથ મરિ સુંઠ
કલ્ક કરી તે સર્વનો, મધ સાથે તે ઘુંટ.... ૧
તે ઔષધ ખાતાં મટે, રકત કફાતીસાર
ભઈશંકર આ મેદની, પુષ્ટ એહિ આધાર ૨

પથ્યાદિ કલ્ક

( જ્વર ઉપદ્રવ પર )

દોહરો

હરડ સુંઠ સિંધવ ધરી, કલ્ક કરીને ખાય
તો ભઈશંકર તેહથી, જ્વર ઉપદ્રવ જાય ૧

ચપળા કલ્ક—પ

( કફ જ્વર પાચન )

દોહરો

કલ્ક માગધી મધ ધરી, ચાટે કફજ્વર જાય
ભઈશંકર આ કલ્કને, પાચન કલ્ક ગણાય ૧

રસોન કલ્ક—૬

( વિષમ જ્વર ને વાયુ રોગે )

જેકરીછંદ

રસોન કેરો કલ્કજ કરી; તેમાં તૈલ સમાણું ધરી
તે ખાતાં વિષમજ્વર મટે, મહા ભયાનક વાયૂ હઠે— ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### શુંઠયાદિ કલ્ક—૭

( શ્વાસ. ખાંસી, ને બદ્ધકોષ્ટ રોગપર )

કામદા છંદ

સુંઠ, મોથ, ધાણા, કટૂ, ધરી,
દેવદાર, કણા અનૂસરો;
લે કલિંગ, ને પાઠમૂળ તે
નીરમાં કરો કલ્ક સર્વતે ૧
શ્વાસ ખાંસિ' તોના રહેઉભી,
બદ્ધકોષ્ટ, બીજા, તદા હરીઃ
કલ્કથી ઘણાં કામ થાયછે,
ભઈલાલ તો શ્રેષ્ટ ગાયછે ૨

### બલાકલ્ક—૮

( પિત્તથી ઉત્પને થએલા કાસશ્વાસે )

દોહરો

નિમ્બ, જેઠિમધ. રિંગણી કુષ્ટ અરડુસો, દ્રાક્ષ;
બલાકલ્ક, નિરમાંધરી, પિતાં કાસને શ્વાસ ૧
પિતોત્પન ખાંસીમટે' સફળ ફળે સૌકામ;
ભઈશંકર કહે મુખરટો, રામરામ એનામ ૨

## इतिश्री कल्काधिकारः

# परिशिष्टाधिकार

### જાતિ ફળાદિ દુગ્ધ—૧

( મળ હેડકી; વ્યાન; ને કુદ્ધ રોગપર

For Private and Personal Use Only

(દોહરો)

જાતીફળ, કેસરથકી, સિદ્ધ કરેલું દુગ્ધ;
કહે ભઇશંકર તેહરે. ધ્યાન, હેડકી; ક્ષુદ્ધ ૧

ગોદુગ્ધ—૨

(બાળ રોગ ઉપર)

(દોહરો)

ગો દુધમાંધરિ સર્કરા' નાંખિ બાળનેપાય;
તો ભઇશંકર કહેતદા; બાળક બહુ પોષાય ૧

કુંકુંમ દુગ્ધ—૩

(શ્રમ જ્વર)

દોહરો

દુધ કેસરથી પકવતે, યૈ વનનો આધાર
શ્રમજ્વરપર એશેષ્ઠછે' કહે ભઇલાલ વિચાર ૧

ફણિધર કેસર દુગ્ધ....૫

(મગજના તમામ રોગ ઉપર)

દોહરો

ફણિધર કેસરમાં તદા, પકવ દુગ્ધ જે થાય
શીષ રોગ તે સેવતાં, કહે ભઇશંકર જાય— ૧

મરિચાદિ દુગ્ધ....૫

(પિત્તજ્વર પર)

માલીનીવૃત

મરિ લહિ શશિ તોલા, દુગ્ધમાં તે ઉકાળે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રિત કરિ પછિ પિત્વા, દુઃખ અબ્ધી વિદારે
ચક રૂપ સુખકારી, ઔષધી દિવ્ય જાણો
ધિર વિર ધર વૈદ્યો. પિ-ત જ્વરે પ્રમાણો— ૧

સર્પાક્ષિ મુળ પ્રયોગ....૧

( અફીણ ખાધાથી ચઢેલા વિષ ઉપર )

દોહરો

સરપંખાના મૂળને, ઘસિ પાણીની માંહ્ય
કહે ભઇશંકર તે પિતાં, નાગફેન વીષ જાય— ૧

કંપીલાદિ પ્રયોગ....૨

( નાસુર રોગ પર લેપન )

દોહરો

કંપીલો ઘસિ નીરમાં, રશી રૂપે દેખાય
તે લેપે ભઈલાલ કહે, નાસુર રોગ સમાય.... ૧

કિરાત લવણાદિ પ્રયોગ....૩

( સર્વજાતના જ્વરઉપર લેપન ]

દોહરો

સુંઠ સુખડ વાળો તથા; નીમકે ને ઉપલેટ
કરિઆતૂ સૌ નીરમાં ખલો ભાગ સમનેટ.... ૧
વસ્ત્રગાળથી લેપ એ, જ્વરો સર્વ જંપાય....
વધુ ભઇશંકર શું વદે, ધાર્યું ધણીનુ થાય ... ૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાકમાચી પ્રયોગ....૪

( અતિસાર પર )

દોહરો

કાકમાચિનુ ચૂર્ણ જો, પાણિ સાથમાં પાય
તો ભાઈશંકર તે થકી, અતીસાર ઝટ જાય.... ૧

કોલકં પ્રયોગ....૫

( કફ પ્રકોપથી થતી તૃષાએ )

દોહરો

બોર ઉકાળી નીરમાં; તે પાણીજ પિવાય
તો તેથી કફની તૃષા કહે ભાઈશંકર જાય— ૧

અગસ્ત પત્ર રસ પ્રયોગ—૬

( ચાતુર્થિક જ્વ પર નશ્ય )

દોહરો

અગથી દલ રસ કાઢિને, મુકે નાકમાં તેહ
તો તેથી જ્વર ચોથિઓ, જાય નિઃસંદેહ.... ૧

નિમ્બ પત્ર પ્રયોગ—૭

( વ્રણ રોગપર )

દોહરો

નિમ્બપત્ર મધમાં ખલી, રસ રૂપે દેખાય
ભાઈશંકર તે લેપથી, વૃણ સાફ ઝટ જાય.... ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રશોનરસ પ્રયોગ—૮

( પાંડુ રોગપર )

( દોહરો

દુગ્ધ, લસણરસ, સર્કરા, ભેળિ સદા પિવાય;
પિત્તરોગ તે પાનથી, દેહથકી દુર થાય. ૧

વાસાર પ્રયોગ....૯

( ઉર્ધ્વ રક્તપિત્ત રોગપર )

દોહરો

વાસારસ મધ; શર્કરા' જો ભેળીજ પિવાય,
રક્તપિત્તના વ્યાધિતો, તીન પ્રહરમાં જાય ૧

દુગ્ધ માગધી પ્રયોગ—૧૦

( પાંડુરોગ પર )

લલિતછંદ

બળવિચારિને. દુગ્ધ યોગમાં
પિપર ખાયજો, પાંડુ રોગમાં;
દુખ વિદારિને, શાન્તિ તેકરે.
ગુણ સમૂહછે. ભઇલાલએ

ઉત્પાલ પ્રયોગ....૧૧

( શોકજવર ને કામજવરે )

દોહરો

કમળ પુષ્પ સુગંધથી, શોક, કામજવર જાય,
કહે ભઇશંકર સેવએ; આનંદ અંગ ભરાય;

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ટિંટુકાદિ પુટપાક—૧
### ( અતિસાર ઉપર )

દોહરો

પીળા લોદરની ત્વચા; કલ્ક કરીને તેહ;
કાશ્મરિ પત્રે વિંટિને. ખરડ માટિમાં તેહ. ૧
પછી મંદ અગ્ની વિષે, પૂટપાક જો થાય,
તે રસ મધ ધારી પિતાં અતીસાર તે જાય.
ટિંટુકાદિ પુટપાક એ; અતીસારનો કાળ;
ભઇશંકર એ આશ્રયે; વક્ર વળે ના વાળ.

## કોશાતકી ફળ પુટપાક—૨
### ( સન્નિપાત જ્વર ઉપર )

દોહરો

ગલકાનો પુટપાક જો; મંદઅગ્નિમાં થાય,
તો ભઇશંકર તે થકી, સન્નિપાત જ્વર જાય.

## અરલૂ પુટપાક—૩
### ( અતીસાર; ને આમવાત રોગે )

દોહરો

અરલુ ત્વચાના કલ્કને; જાંબુપત્રથી વિંટય,
પત્રરૂપ ગોટો, કરી; કપડ મટિથી મીટય.
પછી પકવ તેહી થતાં કલ્ક કાઢિને ચોળય;
તે રસકાઢી તે મહીં; મધનાંખી ને ઘોળય; ૨
અતીસાર એથી;મટે આમવાતપણ જાય;
ભઇશંકર તેસેવતાં; રહેઅંબિકા સાહ્ય ૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વિદાર્યાદિ લેપન....૧

( તૃષા; ને દાહ રોગ ઉપર )

હરિગીત છંદ

વીદારિકા; લોદર; અને; બિજોરૂં; દાડિમ કોડએ;
સમભાગ; બાધમેળવી નિરસામાં સૌ ઘુંટતે
વીદારિકાદી લેપ જો; આતાળુમધ્યે થાયછે;
ભઈલાલ સદાભાગીજનો, તપૈદાહથીજ મુકાયછે ૧

## કુષ્ટાદિ લેપન....૨

( જીવ્હા પાકે )

દોહરો

મરિ, હરડે, ને, વજ, ઉપલેટ,
સમભાગે તે, ભેળવ નેટ'
જીવ્હે પ્રેમ થકીજ ચોળાય'
જીવ્હાપાક તરત તે જાય

## તુથ્યાદિ લેપન—૩

( પામા રોગપર )

( દોહરો )

તુથ્ય, સિંદુર ગંધ, રસ; આમલકી, આક્ષેપ;
ગૌ ઘૃતમાં તે કાલવી. પર પામા પર લેપ. ૧
તે લેપે પામા મટે, ખસે ચુંટ નાઆર;
ભઈશંકર આ લેપનો. 'એવો છે આધાર.

## સર્જાદિ મલમ—

( પાદવ્રણ રોગપર )

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( જેકરી છંદ. )

સાકુ; રાળ, અને મિણ પારો,
સમભાગે સો ચિજો ધારો;
માંખણ મેળિ મલમ બનાવે,
પાદવ્રણ તે લેપે જાવે. ૧

### ગંધકાદિ મલમ—૨

( પામા રોગપર )

( દોહરો )

ગંધક આળશી તૈલમાં ધરી મલમ બનવાય;
ભટ્ટશંકર તે લેપથી. પામા રોગ સમાય. ૧

### કનક બિજાદિ મલમ....૩

( પામારોગ પર )

( સોરઠા છંદ )

કનકબીજ, ને સ્નેહ, ગંધક રસ તે લેપથી
કહે ભટ્ટશંકર એહ, પામા રોગને પરહરે.

### દાર્વાદિ લેપન—૪

( ભલ્લાતક વિકાર પર લેપન )

( ગરબી )

સર્ષવ, દારૂં મોથ, ધરી સમભાગેરે;
નાંખી માંખણ; માંહી તેને અનુરાગેરે;
તેનો ભલ્લાતક વિકારે લેપ થાએરે;
ભાઇલાલ લેપ એ શ્રેષ્ટ ગણાયરે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રભુ ઉપકાર કથન

### ઉપજાતીવૃત

જે જગતનાથે જગ સૂખ માટે,
કિધાં ઘણા અદ્‌ભુત કામ હાથે;
વીધી વડી ઐાષધોની; કળાની,
અહો ભઇલાલ, પ્રમાણિ બાની ૧

इतिश्री कृष्णपूर निवाशी० विद्याराम तनुजनुपा कवि भाइशंकर पंण्डित विरचिते **आयुर्वेदादित्य** ग्रंथे; चुर्णाधिकारः गुटिकाधिकार मोदकाधिकारः क्वाथाधिकारः अवलेहाधिकारः तैला धिकारः घृताधिकारः कल्काधिकारः परिशिष्टा धिकारः आदि वर्णननो नाम द्वितीय प्रकाश संपुर्ण ॥ तथास्तू ॥



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આયુર્વેદાદિત્ય

## ચતુર્થપ્રકાશ

### કાળની ન્યારી ગતી વિષે વિવેચન.

( રોળાવૃત. )

દેખ શોચંત્રત કાળ, કાળ સર્વેનો કરતો,
નહીં રાયની બીક, જરા તે મનમાં ધરતો;
પશુ, પખી ધનિ રંક, સર્વ પર ચોટય ધરેછે,
કરી માંસનો હાર, હર્ષમાં નિ-ત ફરેછે.
દયા ન લાવે લેશ, ઘણું એ ખાધું ભાઇ,
એજ કૂળ આચાર, નથી કાંઇ આજ નવાઇ;
તો પણ ભુખ્યો બહુ, પેટ ચોંટેલું એનું,
કહો વિધાત્રી પછી, નામ શું પાડે તેનું. ૨
નામ ધયુ છે એક, કાળ, તે કાળ ખરોછે;
થયો પવન પર સ્વાર, ક્રૂર તે ક્રોધ ભર્યોછે;
સત્ય ધૂન્ય પર ચઢયો; દીશા તો દીસે માંતો;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં કોઇને માટય; જરી તે ખોટી થાતો. ૩
ધન્ય ટેકિ બળવંત. કોણ બળ તારૂં માપે;
સર્વે તણો ગુહ્યાર્થ; તુજ દરશાવી આપે;
તુજ ગુણ ગાવા કાજ, નહીં ઝાઝી મત હું માં,
શૌર્ય અને પુર્ષાર્થ, પૂરતું દેખું તૂમાં.
તું ધારે તે કરે, રંક ને રાય બનાવે;
તું દે જીવતદાન. ક્રૂર તું પ્રાણ હરાવે;
અહો? કાળ, જગ ફાળ. બાળ હું આપ તણો છું;
આયુર્વેદાદિત્ય, ગ્રંથ આ આજ લખું છું. ૫
તો પણ તારી કૃપા, હોય તો પુર્ણ લખાયે,
નહીં તો અધુરો, રહી શૂન્ય ધાર્યો શ્રમ થાયે;
કાળદેવ પુર્ષાર્થ, કાવ્ય પદે પદેછે;
લખતાં ૪મુક્તિ પ્રકાશ, સ્તુતી ભઇલાલ વદેછે. ૬

## જંત્ર કળા લખવા પ્રભૂ સ્તુતી.

( દોહરો )

ૐ तस्तर् કૃપાળુ હે: દયો સેવકને સાહ્ય;
જંત્ર કળા લખવા વિષે; દે મતિ તું જગરાય. ૧

For Private and Personal Use Only

# * जंत्रकळा.

## જંત્ર કળાની સંપ્રાપ્તિ

( રૂચિરા છંદ )

પુર્વે કાળ પ્રેરેલ ગણીને. જંત્રકળા જણવાવું છું,
જ્યાં જે રીતી જેમ કહી ત્યમ, યથા ઇતી બતલાવું છું;
જંત્ર કળા છે જોખમ કારી. જોઈ વિચારી તે કરજો.
વૃદ્ધ પંડિતો ને પુછીને; પછી પાગ આગે ભરજો, ૧

## રોગ વિનાશક જંત્ર



( દોહરો )

અહિ વક્ષી પત્રે લખી, શુદ્ધ જંત્ર આ રૂપ;
તેર દિવસ તે દાટવો, જહાં ગ્રામનો કુપ ૧
પછી ગ્રેહ તે લાવિને; ગળો ઉકાળી માંય
જંત્ર ધરી મહિ કવાથ કર, નીર અલ્પ રે' જયાંય ૨
ત્યારે મધ તેમાં ધરી, તેહ રોગિને પાય,
તો પિડ નિધિમાં ડોલતાં' કરે કૃષ્ણજી સ્હાય ૩

---

* થોડા વખતમાંજ જંત્રકળા નિધી એનામનો અતિઉપયોગી ગુજર્જરીભાષા નો સર્વગ્રંથથી છાપેલાથી વધારે થઇપડે તેવો ગ્રંથ (ગુટકો) અમારી તરફથી બહાર પડનારે છે કી- ૪૦ પોસ્ટેજ ૦-૦-૬ પાછ પડશે જેને તે ગ્રંથની જરૂર હોય તેણે ગ્રંથ કર્તા તરફ પોતાનું નામ, નકલ, ઠેકાણું લખવું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વશીકરણ જંત્ર—૨




ઇંદ્રવિજય છંદ

જંત્ર લખી કદળી દલમાં; યહ પત્ર સુપેથિ તમામ ઉતારો
શ્રીફળ લાવિ નવેદ કરી, પછિ મોહક તૈલ વિષે મબ ધારો
તેહ જીહાં પછિ તૈલ વસે જદ; કયાંહુ ગમે ચિત નારિ બિચારો
કહે ભઇલાલ યહી ચિતમાં, રજની સુખરૂપ સદૈવ ગુજારો ૧

## દુઃખ હારક જંત્ર....૩



(જેકરિ છંદ)

જંત્ર પિંપરના પત્રે લખી; દાટો ભેળિ મળે જયાં સખી.*
ત્રણ દીવસ ત્યાંહી રાખજે, અણ બોલ્યા રાતે લાવજે,— ૧
ધૂપઃ દીપ, નૈવેદજ કરી ⁑તામ્ર માદળી, લે તે ધરી;
તે કટિ બાંધો રાખે સદા; તો દુર થાય સહૂ આપદા—૨

## ધનુષ્યબળ વર્ધક જંત્ર—૪




રૂચિરા છંદ

ધનુષ્ય પરે આજંત્ર લખીને; શત્રુ સૈન્યમાં ધરેછે.
ધીર, વીર' કાંકોટિ જોદ્ધતે; સ્વલ્પ મહીં સંહારેછે;
ઇંદ્રરાયછે, દેવપતી, પણ, જંત્ર તેહકયાં જાણેછે,
જ્ઞાનસિંધુ ભઇલાલ કવી કહે. તેહ કળાજ પ્રમાણેછે ૧

* જયાં આગળ સ્ત્રીઓ વાર, તેહેવારે ગાયકે બીજેમિશે ભરાતી હોયતેવી જગ્યામાં દાટયો ⁑ તાંબાના માદળીઆમાં ઘાલવો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખેલજીતક જંત્ર....૫

| | | | |
|---|---|---|---|
| ૬૦ | ૬૭ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૬૪ | ૬૩ |
| ૮ | ૬૧ | ૯ | ૧ |
| ૪ | ૫ | ૬૨ | ૬૫ |

કટાવ

ખેલજીતક આજંત્ર પેખિલ્યો;
જાદુગરો તુમ શેખિછોડિ ઘો;

ઉપર પ્રમાણે' દોરિલિંટિઓ, આડિઉભીને, પછી લખેલા જોઈઅક્ષરો, તેહપ્રમાણે, શુદ્ધ અક્ષરે, ખિલીચાંદની, હોય ત્યાહરે, વળિનક્ષત્રજ, હોય સ્વાતિતો' તેહ સમયમાં; કાડિજંત્રને' ગુગ્ગુલલાવી, ધૂપકરીને, પછીપ્રેમથી, તેહલઇને. ધાલિમાદળી, તેહ હાથમાં, સજ્જડ બાંધી, પછીતેહજો, ખેલકરેતો, સર્વખેલમાં જીતપામશે' ખેલ-૧

ભય હર્ણ જંત્ર....૬

| | | | |
|---|---|---|---|
| ૭૭ | ૮૪ | ૨ | ૮૦ |
| ૮૩ | ૭૪ | ૮૧ | ૮૨ |
| ૬૧ | ૭૪ | ૯૫ | ૧ |
| ૪ | ૭ | ૭૧ | ૮૫ |

દોહરો

મૃતિકા ડિંકરિમાં લખી, જંત્ર કોટયમાં રાખ્ય;
તો ચંડી રક્ષા કરે, ભયપછિ નહિ મુખ ભાંખ્ય ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષવિદારણ જંત્ર ૭




કાવ્ય છંદ

કમળ પત્રમાં જંત્ર, પુર્ણ આરીત કરીને.
પાવકમાં કરિધૂપ; જંત્રંત પરે ધરીને,
પછિપગમાં તેધરી, ખિલાવે રૂડા કામે.
તોતેથી તતકાળ. હળાહળ'વિષ વીરામે ૧
જંત્ર મહા બળવાન. ચઢે એકીલો વ્હારે.
દુઃખ, સુખે ના ટરે, દૈત્ય પણ તેથી હારે.
જંત્ર લહી સુખકાર; લખ્યો જયમ જગત વખાણે,
ભઇશંકર, પંડિત. હોય તે કાળા પ્રમાણે ૨

પ્રસુતી કરનારો જંત્ર—૮



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભુજંગ પ્રયાત

લખો ધાતુ પાત્રે બધો જંત્ર વારી,
બતાવો પિડે જેહને ગર્ભ ભારી,
પછી જંત્ર તે *સેજ્ય નીચે મુકાવો,
પુરે ગર્ભિણીનો પડે ચિત્ત =લ્હાવો ૧

જ્ઞાનવર્ધક જંત્ર....૯

| | | |
|---|---|---|
| | ૭ | |
| ૩ | ૪ | ૬ |
| | ૨ | |

લલીત છંદ

તુહિ વિચાર આ, જંત્ર પત્રમાં,
લખિ બધો પુરો. દાખ્ય અત્રમાં
ધુપ કરી પછી, હસ્ત બાંધ તે,
ગુણ વિશાળ છે, જ્ઞાન વર્ધ તે ૧
તદપિ જંત્ર આ, રાત્રિ થાયછે,
⁘વરૂણ લેખણે; તે લખાય છે,
કલમ વાંસની. સાહિને લખે,
તરત કામના, ધારિ તે બને ૨
વળિ જમાત્ર જો, જંત્ર આ રટે,
તરત શત્રુનો, કાળતો ખુટે.

= મોજ શોખનુ મંડાણુ ⁘ વરૂણના સોટાની કલમકરી તેવડેજંત્ર લખવો
* સુવાના બિછાના નિચો જંત્ર મુકવો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુજ કામનો. જંત્ર આ ખરો.
વિર વિચારિ જો; જ્ઞાનનો ⁘ધરો 3

## તૃત્રિય જ્વર હારક જંત્ર—૧૦

| | | |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૫ | ૬ | ૪ |
| ૯ | ૭ | ૮ |

( દોહરો )

*નાગરદલમાં સહી વતી; ઉપજ્યો જંત્ર લખાય,
તૃત્રિયજ્વર પીડીતને, તે કોટે બંધાવ. ૧
પણ જો જે વિણ ધૂપ તે, કરે ન ધાર્યું કામ,
નિજ =સંશય ભઇલાલને, પૂછિ લહે અભિરામ. ૨

## પુત્ર પ્રાપ્તિ કર સાધન જંત્ર....૧૧

| | | | |
|---|---|---|---|
| ૩૩ | ૩૧ | ૨ | ૮ |
| ૭ | ૩ | ૩૭ | ૭ |
| ૩૪ | ૪૩ | ૯ | ૩૧ |
| ૪ | ૬ | ૨૫ | ૩૭ |

( હરિગીત છંદ. )

રોટીપરે આ જંત્ર લખિને, શ્વાનને ખવરાવતું,

⁘ મોટો ઉંડો ખાડો * નાગરવેલના પાનમાં જંત્ર લખવો.
= પોતાનો પત્તાઝ્હેમ ભઇલાલ ( ગ્રંથકર્તા ) ને પુછી જો.

For Private and Personal Use Only

છે કાર્ય તે સુભ જાણવું એમે કરિને નીભાવવું,
ભઇલાસ તે કૃતિથી ભલાં, બહુ કાગ કે. કે, નાંસરે,
જો પુત્રનું સુખ પામવા, કાં ઇચ્છતા હો અતરે

## શત્રુ વિનાશક જંત્ર....૧૨

| | | | |
|---|---|---|---|
| | ૐ | | |
| | ૨ | ૬ | |
| ૭ | ૧ | ૫ | ૮ |
| * | ૩ | ૪ | ૯ |
| | ૦ | ૦।। | |

( દોહરો )

ચંદ્રચકોરા, પત્રમાં, યંત્ર ઉપરનો લેખ,
ધૂપ કરી તેને પછી, પ્રતીદીન તું દેખ. ૧
ત્રીશ દિવસ એ પેરથી, પુર્ણ જ્યાહેર થાય,
ત્યારે તે ઘુંટી પછી, જો શત્રુને પાય.
આ રીતે જ્ઞાની કહ્યું, કરે સર્વથા કાંઇ,
તો શત્રુના પ્રાણનું, જોખમ નક્કિજ હોય. ૧

## ગર્ભપિડાયહર જંત્ર—૧૩

| | | |
|---|---|---|
| शुक्रशुक्रा | | गुंशानयी |
| | नम | |
| शु | ( श्रीराम ) | क्र |
| चीदयो | | मप.रक्षी |

૧ એ નરમાંતી શુક્રેરી લે. કે. સાડડારી કહેછે તે જાતે કરી ને જોઇ તપાકેરીછે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લલીતછંદ

લખિત જંત્રઆ ધાતુ પાત્રમાં,
ધુપ કરી જુવે; ગર્ભ વિદયમાં;
પછિ સુખી તજે તેપરે સુવે
ગરભ દુઃખથી, તો ન તે રૂવે

પરપ્રિતી મોહક જંત્ર....૧૪

| |
|---|
| ॐब्रह्मणे नमः शांति शांतिः |

મનહર છંદ

શીકલ દેખીને પછી: અકલથી નકલતું,
-હૃદય રસીશ વિશ, વસા વિસવાસનો
પછી મૂખ કાઢી જરા, લાજ તજી ધીર ધરા,
બોલીથી બહીશ ઠીક. સામું ચિત્ત ઠાર તો,
ઝપાટામાં પછી ધરી, લાજ મૂકી તજી પરી;
સામ દામ, ભેદ કરતાં, માં તું વિચાર તો
કહે ભાઇલાલ મહા, જંત્ર મોહ રૂપ જાણ્ય,
વિના *પરિશ્રમ પર, પ્રિતીમાં ભળીશ તો ૧

ભય વિદારણ જંત્ર ૧૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| श्री | क्र | णा | ये | न | मः | दे | वा |
| १ | २ | ३ | ४ | ५ | ६ | ७ | ८ |

* વગર મહેનતથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દોહરો

કાગળમાં આ જંત્રને, લખે પાણિથી જેહ
પછિ બાંધે તે હાથમાં, વહે નીર સંદેહ ૨
તો ભય તેને નહિ રહે, દહે દુઃખના કોઈ,
કહે ભઇશંકર, સદ્ય આ, જત્ર *વિચારી જોઇ ૨

## ધાન્ય વર્ધક જંત્ર ૧૬

| | | | |
|---|---|---|---|
| ॐ | ह्रीं | क्लीं | क्लैं |
| क्लो | क्लां | क्लिं | ह्रैं |
| ए | ऐं | ध्रीं | जं |
| ह्लीं | ह्लें | ह्रां | १४ |

તોટક છંદ

લખિ જંત્રજ વેણુ દલે ઉપલ્યો,
પછિ ધૂપ પરે ઝટ તે ધરિ દ્યો,
તદ ધાન્ય કુઠાર વિષે ધરતાં,
બહુ ધાન્ય વધે સુયસો ભરતાં ૧

## હિંદના શૌર્યમાં સાવધતા

કાવ્ય છંદ

રે વાંચ્યેથી કેમ, આપણો દાડો વળશે,

* આ જંત્ર રાત્રિમાં લખવો તે તેનો ધુપ દેઈ ઉપયોગ કરવો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હુન્નરમાં પશ્ચાત, દેશ ક્રમ આતે ચઢશે;
કળા ફરે તમ પાસ' હોય જયમ ઢોર હરાયું
તોપણ કોથા નહીં, કામ કો દિર્ધે કરાયું ૧
રે, રે, મહા અફશોષ. દોષ મમ સર્વ વિદારી,
કાવ્યકળા, પ્રભુત્ત્વ, કરો પરમેશ વિચારી,
કહે કવી ભઈલાલ, પુર્વનું પુન્ય ઉજાશે,
ત્યરે હિંદ વિશાળ. પુર્વના જેવો થાશે ૨

# धातू तथा उपधातुनी शोधन तथा मारणविधी

## કથીરની સોધન તથા મારણ વિધી

कथीर —પ્રથમતપાવી, ગાળી ગાળી. તેલ, છાસ, કાંજી. ગૌ મુત્ર, ને કળથી ના કાઢામાં ત્રણ ત્રણ વાર ઠારવું, અને એજ રીતે આકડાના દૂધમાં પણ ત્રણ વખત ઠારવું, એટલે કથીર સુદ્ધ થાયછે. આ સુદ્ધ થએલા કથીરને ભસ્મ કરવા માટે એક માટીના વાસણમાં નાંખી. એથી ચોથે હિસ્સે તેમાં આમલી તથા પિંપળાની છાલનું ચુર્ણ નાંખી; બે પ્રહર સુધી બધું સાથે ઘુંટવું તે સર્વ તૈયાર થયા પછી તેના જેટલીજ તેમાં હરતાળ નાંખવી. અને તેને ખરલમાં નાંખી લિંબૂના રસથી ઘુંટવું. પછી સરાવ સંપૂટ કરી ગજપુટ અગ્ની આપવો. વળી પુનઃ—ફરીને તેના દશમા હિસ્સાની હરતાળ નાંખી લિંબૂના રસથી ઘુંટવું, અને ગજપુટ અગ્ની આપવો. એ પ્રમાણે ફરી ફરી હરતાળ મેળવી, લિંબૂના રસથી ઘુંટી દશ અગ્ની પુટ દેવાથી તસ્માત્ કથીર ભસ્મ તૈયાર થાય છે.

* * * * *

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગંધકને સુદ્ધ કરવાની વિધી.

ગંધક—એક લોહ પાત્રમાં ઘૃત નાંખી તેને ગરમ કરવું. અને જેટલું તેમાં ઘૃત રેડ્યું હોય તેટલાજ ગંધકનું ચુર્ણ કરી તેમાં નાંખવું. પછી નાંખેલો ગંધક તમામ ગળી જાય ત્યારે એક દૂધથી ભરેલા પાત્રમાં દૂધમાંજ પડે એવી રીતે વાસણ પર લુગડૂ બાંધી તે ઘી વાળો ગંધક ગાળવો તે ગંધક વસ્ત્રપાર થઇ દૂધમાં પડશે એટલે તે દૂધ કાઢી નાંખી તેમાં પડેલા ગંધકને લેઇ લેઇ ધોઇ સાફ કરી લેવો તેજ ગંધકને સુદ્ધ સમજવો.

* * * * *

## ચણોઠી સુદ્ધ કરવાની વિધી.

ચણોઠી—તેનાં ઉપરનાં ફોતરાં કાઢી નાંખી તેની બન્ને દાળ જુદી કરવી. ને તે વચ્ચેની ઝેરી જીભ કાઢો નાંખવી, ને તે દાળ ઉપિયોગમાં લેવી.

* * * * *

## ચીમેડ સુદ્ધ કરવાની વિધી.

ચીંમેડ—તેનાં ઉપરનાં કાળાં ફોતરાં કાઢી નાંખી અંદરની પિળી મીજ કાઢવી. ને તેને કાંસાના વાસણ પર મુકી વાસણ નિચે જરા અગ્ની રાખો કાંસાની વાટકીથી તે મીજને વાટવી. પછી તે થએલા ચુર્ણમાં મીઠું કે છાસ નાંખી અંજન કરવાથી આંખની તમામ પિડ્યાઓ મટેછે,

* * * * *

## જસતને સુદ્ધ કરવાની વિધી.

જસત—તેને દેવતા પર રાખી રસ કરી, તેને એકવીસ વખત દૂધમાં ઠારવાથી તે સુદ્ધ થાયછે. તે સુદ્ધ થએલા જસ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તને એક માટીના વાસણમાં નાંખી તળે અગ્ની પ્રદિપ્ત કરવો. એટલે તે જસતનો રસ થઇ જશે. તે રસને લિંબડાના લાકડાથી હલાવ્યાથી જસતની સુદ્ધભસ્મ તૈયાર થાયછે. તે ભસ્મને પછીથી કુંવાર, ત્રિફળા, તથા ભાંગરાના રસની ભાવના દેવી, દરેક ભાવના દિધા પછી ગજપૂટ અગ્ની દેવો એમ કરવાથી ઉપિયોગી ભસ્મ તૈયાર થાયછે.

* * * * *

ઝેરકચોલાંની સુદ્ધ કરવાની તથા મારવાની વિધી.

झेरकचोलां—તેને તેર દિવસ સુધી એક માટીના વાસણમાં ગાયના મુત્ર સાથે નાંખી મુકવાં ને દરરોજ નવું નવું ગોમુત્ર દાખલ કરવું ને જુનું કાઢી નાંખતા જવું; પછી મુદત ( તેર દિવસ ) પુરી થએથી ગોમુત્રમાંથી કાઢી લેઇ ધોઇ સુદ્ધ કરી તેને દિવેલમાં બોળી બોળી ભસ્મ કરવી. ને તે ભસ્મ ખાવાની દવાના ઉપિયોગમાં લેવી.

* * * * *

ટંકણખારને સુધ્ધ કરવાની વિધી.

टंकणखार—તેનાં પાટિઆંને ધોઇ દેવતા પર ફુલાવવાં એટલે તે સુદ્ધ થાયછે. ને દરેક વખત તેજ દવાના ઉપિયોગમાં લેવાયછે.

* * * * *

ત્રાંબાને સુદ્ધ કરવાની તથા મારવાની વિધી.

त्रांबु....સુદ્ધ ત્રાંબાનાં પાતળાં કરેલાં પતરાં ને અગ્નીમાં તપાવી તપાવી. તેલ, છાસ, કાંજી, ગૌમુત્રને કળથીના કાઢામાં ત્રણ ત્રણ વખત ઠારવાં એટલે તે સુદ્ધ થાયછે, પછી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ સુદ્ધ કરેલાં ઝીણાં પતરાંને ત્રણ દિવસ સુધી લિંબૂના રસમાં બાફવાં, પછી તેથી ચોથા ભાગનો પારો લઇ ખરલ માં નાખી તેની સાથે ત્રાંબાનાં ઝીણાં પતરાં પણ નાંખી તાજા લિંબુ રસથી ખરલ કરવું. ત્યાર પછી તે પતરાંને એક પહોર સુધી લિંબૂના રસમાં ખરલ કરેલ ગંધકથી લેપન કરવું પછી ચાર પાન વાળી ખારી લુણી અથવા સાટોડીને વાટી લુગદી કરી તેના ઉપર ફરતો બબે આંગળ થર ચઢાવી પછી તેને એક હાંડલીમાં મૂકી. તે પર ઉંધૂ કોડીઉં ઢાંકવું અનેહાંડલીનો ખાલી રહેલ ભાગ રેતીથી ભરવો. પછી તે હાંડલી નુ મોઢું રાખ ને મીઠાને મેળવી કરેલ લુગદીથી બંધ કરવું આ પ્રમાણે તૈયાર કરી. ચુલા પર ચઢાવી અનુક્રમે વધતા વધતા અગ્નિથી ચાર પહોર સુધી સારી રિતે આંચ દેવી. પછી અગ્ની ઠરીજાય નેહાંડલી ટાઢીપડીજાય ત્યારે તેમાંથી ત્રાંબૂ કાઢી લેઇને તે ત્રાંબા ને એક પહોર બુધી સુરણના રસમાં ખરલ કરવુંઅને પછી તેનો ગોળો કરી સુરણના પેટમાં નાંખી તે ઉપર અંગુઠા જેટલો જાડો માટીનો થર ચઢાવી તેને ગજપુટ અગ્ની દેવો એટલે તામ્ર ભસ્મ તૈયાર થાયછે આ ભસ્મ જ ઉપ્યોગી સ્થળે વાપરવી. ત્રાંબાની ભસ્મ સફેત થતીજ નથી. પરંતુ જે જોગી લોકો સફેત કરી બતાવેછે તે આબુહેબ ઢોંગ છે. તેવા ઠગી સાધુથી ઠગાવું નહીં એજ મારી વિજ્ઞાપ્તી છે તેમજ તે લોકો તેવા ઢોંગને મજબૂત સત્ય ઠસવવા તેના ગુણનું અચ્છુ બ્યાન કરેછે પરંતુ આયુર્વેદ શાસ્ત્રના નિયમ પ્રમાણે ત્રાંબુ કાંઇ વિશેષ પુષ્ટીકાર નથી માટે તેવા ઢોંગી લોકની ઢોંગાઇને ઢોંગી દ્રષ્ટાંત સત્ય માનવાં નહીં ને તે શ્રવણ પણ નજ કરવાં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નેપાળો સુધ્ધ કરવાની રીત.

નેપાળો—નેપાળાના બીજની પોટલી બાંધી તે પોટલી ત્રણ દિવસ સુધી ભેંસના છાણમાં રાખી મુકવી એટલે નેપાળો સુદ્ધ થાયછે. પછી તે પોટલી કાઢી તેમાંનાં બીજ ધોઇ તેની ત્વચાને ફોડવી એટલે અંદરથી દાળ નિકળશે તેદાળના મધ્યુ ભાગમાં ઝેરીજીભ રહેલી હોયછે તેજીભ કાઢી નાંખવાથી તેદાળ સર્વ ઓષધો પચારના ઉપ્યોગમાં આવેછે

* * * *

## પરવાળાં નેસુધ્ધ કરવાની તથા મારવાની વિધી

પરવાળાં—સારાં તેજ યુક્ત પરવાળાં લાવી તપાવી તપાવી કળથના કવાથમાં શાન્ત કરવા, એમ ત્રણ વખત કર્યાથી તેને આકડાના દુધમાં મેળવી સરાવ સંપુટ ગજપુટ અગ્ની આપવાથી સુધ્ધ ભસ્મ તૈયાર થાયછે

* * * * *

## પારો મુર્છત કરવાની વિધી

પારો ....તેને થોરિઆના પાનમાં ખરલકરી એક પ્રહરપછી કાઢવો તેપછી એક પ્રહર સુધી જુની ઈંટના ભીકાળામાં મરદનકરવું એરિતેતે પારો સુધ્ધ થાયછે પછી એ શુધ્ધ થએલા પારાને ઓષધોપચારમાં વાપરવા હરકતનથી

* * * *

## પિત્તળને શુધ્ધકરવાની તથા મારવાની વિધી

પિત્તળ ....તેનાં પાતળાં કરેલાં પતરાંને અગ્નીમાંતપાવી તેલ, છાસ; ગૌમુત્ર ને કળથીના કાઢામાં અનુક્રમે ત્રણ ત્રણ વખત ડાગવાં એટલે તે[illegible]ધ થાયછે પછી તે પતરાંના વજન જેટલોજ ગંધક લઈને તેને આકડાના દુધમાં વાટવો પણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેલાં શુધ કરેલાં પતરાંને ખાટારસથી વારંવાર સાફકરવાં અને પછી તેપતરાંને ઉપર પ્રમાણે તયાર કરેલ ગંધકથી લેપ-કરવો. અને તેને કુંડામાં કપડ મટ્ટિકરી ગજપુટ અગ્નીદેવો એ રિતે તેને બે વખત ગજપુટ દેવાથીશુદ્ધ પિત્તળની ભસ્મ તૈયાર થાયછે

* * * * *

ભિલામા શુદ્ધ કરવાની રીત

ભિલામાં····તેને ગાયના છાણની સાથે ઉકાળી પાણીથી ધોઇ સાફ કરી પછી ઓષધોના ઉપયોગમા લેવું, ભિલામા ખાવા આપતાં તેની સાથે ઘણું કરીને ટોપરાંને તલ ખાવાનેજ ભલામણ કરવી;

* * * * *

મનસીળ સુદ્ધ કરવાની રિત્ય

મનશાિલ —ત્રણદિવસ સુધી દોલાયંત્રમાં આયંત્ર શી રીતે કરવોતે પુઠળ ચંત્રજ્ઞાન વિભાગમાં તપાસી લેવું, )તેને બકરાંના મુત્રના સાથે પકાવવો અનેપછી બકરીનાં પીત્તની સાતવાર ભાવનાદેવી એટલે મનસીળ સુદ્ધ થાયછે,

* * * *

રૂપું( ચાંદી ) સુદ્ધ કરવાનીતથા મારવા નીવિધી

રૂપુ ....તેનાં પાતળાં પતરાંને અગ્નિમાં તપાવી, તપાવી. તેલ, છાસ કાંજી, ગોમુત્રઃ અને કળથીના કાઢામાં અનુક્રમે ત્રણત્રણ વખત ઠારવાથી રૂપું સુદ્ધથાછે. પછી એક ભાગ હરતાળને કોઈ ખાટારસથી એક પહોર સુધી ખલમાં મર્દન કરવું ત્યારબાદ હરતાળથી ત્રણગણા વજનનાં રૂપાનાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પતરાંને તે હરતાળથી લેપન કરવું, પછી તેને સંપુટ કરી કપડ મટ્ટિ કરી તેપર ત્રીસ આડાયાં છાણાંનો અગ્ની કરવો તે અગ્ની ટાઢો પડ્યાપછી પુનઃ હરતાળનો લેપકરી ઉપર પ્રમાણે અગ્ની કરવો એવી રીતે ચૌદ પુટદેવાથી રૂપાની સુધ્ધ ભસ્મ તયાર થાયછે

* * * * *

લોહ શુદ્ધ કરનીવા તથા મારવાનીવિધી

લોહુ—ગજવેલનાં પાતળા કરેલાં પતરાં અગ્નીમાં તપાવી પાવી, તેલ, છાસ કાંજી ગ.મુત્રને કળથીના કાઢામાં અનુક્રમે ત્રણ ત્રણ વખત ઠારવાં એટલે તે સુધ્ધથાયછે. તે સુધ્ધ થએલાં પતરાંને ઘસી તેનું ચુર્ણ કરી, તે ચુર્ણથી દશગણો હિંગળોક નાં ાા બેપહોર સુધી તેને કુવારના રસમાં વાટવું અને પછી ગજપુટ દેવો એપ્રમાણે સાતવખત ગજપુટદેવાથી સુધ્ધ લોહભસ્મ તૈયાર થાયછે.

* * * * * *

વછનાગ સુધ્ધ કરવાનીરિત

વછનાગ—તેના કડકા કરી લુગડામ બાંધી એક માટલામાં ગૌમુત્રભરી તેમાં તેને ડુબાવીરાખવા, ને તેમાટલાને ત્રણદીવસ સુધી તડકે રાખી મુકવું ગૌમુત્ર હમેશ નવું નવું નાંખવુ પછી મુદત ( ત્રણદિવસ ) પુરીથએથી, તે કડકા બ્હાર કાઢી સુકાવી ચુર્ણ કરવું તે શુધ્ધ વછનાગ કહેવાયછે-

શિલાજીત સુધ્ધકરવાની રીત

શિલાજીત—તેના ઝીણા કકડા કરી તેને ખૂબ ઉષ્ણ પાણીમાં નાંખી એક પહોર સુધી રહેવા દેવ; પછી પાણીને ખૂબ [illegible]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્ત્રથી ગાળીલેવું. અને એક માટીના વાસણમાં તડકે રાખવું એમ તડકે રાખતાં પાણીની ઉપર જે ઘાટો ભાગઆવે તેને લઈબીજા વાસણમાં નાંખવો, તેને ફરીથી ઉષ્ણ ( ઉના ) પાણીમાંનાંખી એક પહોર સુધી રહેવાદઈ પાણીને ઘોળી ગળી માટીના વાસણમાં તડકે રાખવું, ને ઉપરજે ઘાટો ભાગ તરી રહે તેલઇ લેવો; એપ્રમાણે બે માસસુધી વારં વાર કરતાં છેવટ પાણીપર ઘાટો ભાગ નઆવે અને સઘળો કાળોભાગ વચ્ચે રહેતે સુધ્ધ થએલ શિલાજીત સમજવો

* * * * *

## સિસુ સુધ્ધ કરવાની તથા મારવાનીવિધી

સિસૂ —કથીરમાં બતાવ્યા પ્રમાણે સિસાને સુધ્ધ કરી, પછી થોડો મનસિળ લઇ તેને નાગરવેલના પાનના રસમાં ખૂબ ખરલકરી તેવડે સિસાને લેપ કરવો. અને પછી તેને ગજ પુટ અગ્નિ દેવો એપ્રમાણે બત્રી ગજપુટ દેવાથી સુદ્ધ સિસાની ભસ્મ તૈયાર થાયછે.

* * * *

## સોનાને શુદ્ધ કરવાની તથા મારવાની વિધી

સોન — તેનાં પાતળાં પતરાં કરી અગ્નિમાં તપાવી લાલ કરવાં અને પછી તેલ છાશ, કાંજી, ગૌ મુત્ર. ને કળથીના કવાથમાં અનુક્રમે ત્રણ ત્રણ વખત ઠારવાથી તે શુદ્ધ થાયછે. પછી સોનાના ના તોલથી બમણો પારો લઇ તે પતરાં સાથે તેને ખરલ કરી તેનો ગોળો કરવો. અને તે થએલા ગોળા જેટલો ગંધક લઈ તેનું ચુર્ણ કરી તે ચુર્ણ ગોળાની ચારે બાજૂ લગાવી દેવું. અને ગોળાને રાખવાનાં બે કોડિયાંમાં પણ પાથરી દેવું પછી તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોડિઆમાં પેલો ગોળો મુકી તે સરાવ સંપુટ ને કપરમટી થી બંધ કરી, સુકાવી, ત્રીસ અડાયાં છાણાનો અગ્ની કરવો સઘળાં અડાયાં બળી તેની રાખ થંડી થાય; એટલે તે સરાવ સંપુટને બહાર કાઢી એજ રિતે બીજી વખત ગંધક લેઇ ફરીથી ત્રીસ અડાયાં નો અગ્ની દેવો, એ પ્રમાણે ગંધક લેપન કરી વારે વારે ચોદ વખત અગ્નિ પુટ દેવાથા સુદ્ધ સુવર્ણ ભસ્મ તૈયાર થાય છે.

* * * * *

હરતાળની સુદ્ધ કરવાની તથા મારવાની વિધી

हरताळ....તેનો ભુકો કરી તેને એક પહોર સુધી દોલા યંત્રથી ( આ યંત્ર શીરીતે કરવો તે યંત્ર જ્ઞાનમાં જોવું પુઠે ) કાંજીમાં બાફવો, પછી કુષ્ટમાંડ–કહોળાના રસમાં મીઠા તેલમાં તથા ત્રિફળા–હરડે. બહેડાં ને આમળાંના પાણીમાં એ રિતે ચાર પહોર સુધી બાફવો એટલે હરતાલ શુદ્ધ થાય છે પછી તેને સાઠોડીના રસમાં વાટી સુકાવવો . પછી એક હાંડલીની અંદર અર્ધ ભાગમાં સાટોડીનો ખાર ભરીને તે ઉપર હરતાલનો ગોળો મૂકી ઉપર હાંડલીનું મોઢું બાંધી સાટોડીનો ખાર નાંખવો પછી તે પર બીજી હાંડલી ઉંધી પાડીને તે હાંલડી ને ચુલે ચઢાવી તળે અગ્ની કરવો પછી અનુક્રમે અગ્નિ વધારતા જવો આવિ રીતે પાંચ અહો રાત્રી સુધી અખંડ અગ્નિ દેવાથી હરતાલ મરી જાય છે.

* * * * *

હિંગળો સુદ્ધ કરવાની તથા મારવાની વિધી

हिंगळो....ગાડરના દુધની તથા ખાટા પદાર્થના રસની સાત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવના આપવાથી હિંગળો શુધ્ધ થાય છે. લિંબુના રસથી. અથવા લિંબુના પાનના રસથી એક પહોર સુધી હિંગળો નું મર્દન કરી હિંગળના પારાને ઉંચો ચઢાવવો પછી ઉપ લી હાંડલીમાં લાગી રહેલા તે ઉત્તમ પારાને લઇ લેવો અ ને તેને સુધ્ધ કરી ઉપીયોગમાં લેવો.

* * * * *

## મોતી સુધ્ધ કરવાની તથા મારવાની વિધી

મોતી....તેને જુઇના રસમાં દોલાયંત્રથી ( યંત્ર જ્ઞાનમાં જોવું ) એક પહોર સુધી બાફ દેવાથી તે સુધ્ધ થાયછે. તેમ જ કાંજી, લિંબુનો રસ, ગૌમુત્ર, દુધ, વગેરેમાં પણ સોધાયછે. પછી સુધ્ધ થએલા મોતીની સાથે ગંધક, ને પારો લેઇ તે ત્ર ત્રણ નેહુધની સાથે ખરલ કરી સરાવ સંપુટમાં મુકી, ગજપુટ અગ્નિ દેવાથી સુધ્ધ મોતીની ભસ્મ તૈયાર થાયછે

* * * * *

## હિરો સુધ્ધ કરવાની તથા મારવાની વિધી,

હિરો-તેને ભોંપરિંગણી ( ભોટંગડી ) ના કંદમાં નાંખી દોલા- યંત્રથી, કળથી અને કોદરાના કવાથમાં સાત દિવસ સુધી બાફવાથી તે સુધ્ધ થાયછે, પછી ત્રણ વર્ષની નાગરવેલનાં બીજની લુગદી કરી તેમાં વચ્ચોવચ્ચ હિરની મુકી તેને સં- પુટમાં ઘાલી કપડ મટ્ટિ કરી ગજપુટ દેવો આ પ્રમાણે સાત ગજપુટ આપવાથી સુધ્ધ હિરાની ભસ્મ તૈયાર થાયછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# यंत्रज्ञान

वालुकायंत्र....એક વેંતના ઉંડા વાસણમાં ઓષધની શીશી મુકી તેને બહાર ગળા સુધી ચારે બાજુ રેતી ભરી વાસણનિચે અગની કરી આષધ પકાવવું આ રિતથી કરેલ યંત્રને વાલુકાયંત્ર કહેછે

दोलायंत्र–ઔષધને ભોજપત્રની અંદર દોરાથી બાંધીતે બે જ પત્રપર ત્રેવડું લુગડું બાંધવુ પછીતે પોટલી ને દોરાવતી એક લાકડાના દંડીકાના મધ્યમાં લટકતી બાંધવી અને કાંજી-આદી આથાના પદાર્થોથી ભરેલ હાંડલીનાકાંઠપર વચમાંતે લાકડું બાંધી હાંડલીમાં તે પોટલીને અધવચ લટકતી રાખવી અને હાંડલીની નીચે તેને પ્રયોગના પ્રકરણમાં કહ્યા પ્રમાણે અગ્નીની આંચદેવી આયંત્રને દોલાયંત્ર કરીને કહેછે.

स्वेदनयंत्र ....હાંડલીમાં પાણી; ભરી તેના મોઢાપર લુગડું બાંધવું અને પછીતે લુગડાપર બાફવાનું ઓષધ મુકી તેપર ઢાંકકણું ઢાંકી હાંડલી નિચે અગ્નીકરી તેને બાફવું આયંત્રને સ્વેદનયંત્ર કરીને કહેછે.

भूधरयंत्र ... એક મોટો ખાડોકરી તેની અંદર વચમાં એક નાનો ખાડોકરી તે નાનકડા ખાડામાં રેતી ભરી તેમાં પારો ભરેલી કુલડીકે હાંડલી મુકી ઉપર મોટા ખાડામાં અડાયાં છાણાંનો અગ્ની કરવો આયંત્રને ભુધરયંત્ર કરીને કહેછે

डमरूयंत्र....એક હાંડલીપર બીજી હાંડલી મુકી બન્ને હાંડલીનાં મોઢાંના સાંધાને બંધકરી દેવો આયંત્રને ડમરૂયંત્ર કરીને કહેછે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઔષધોનાં ભિન્ન રૂપ

कल्क—લીલી ઔષધીને એમ ને એમ વાટી અને સુકી ઔષધીને પાણીની સાથે વાટી ચટણી જેવી લુગદી કરવામાં આવે તે કલ્ક કહેવાયછે'

क्वाथ—સારી રિતે કચરેલ ચાર રૂપિઆભાર ઓસડમાં સોળગણું પાણી નાંખી તેને માટીના વાસણમાં ઉકાળવું, આઠમો ભાગ પાણી બાકી રહે ત્યારે ઉતારીલેવું (ચારથી ઉપર) અને સોળરૂપિઆભારની અંદરના ઔષધમા આઠગણું પાણી નાખવું અને સોળથી ઉપર તથા ચોસઠ રૂપિઆભારની અંદરના ઔષધમાં ચારગણું પાણી નાખવું અને તેમાંથી આઠમા ભાગનું પાણી રહે ત્યારે ઉતારવુ આ રિતે પકાવેલ ઔષધ કવાથ કહેવાયછે.

पुटपाक —ઔષધનો કલ્ક કરી તેપર સીવણનાં, વડનાં, કેજાબૂ વગેરેનાં પાન સારી રિતે વિંટી તેપર બે આંગળનો માટીનો થર ચડાવી તેને અગ્નીમાં મુકવો અનેમાટી લાલચોળ થઇજાય ત્યારે તે ગોળાને બહાર કહાડી લેવો અનેપછી તેથર ઉખેડી અંદરના કલ્કને નિચોવી રસ કહાડી લેવો આ કલ્ક પકાવવાની રીતને પુટપાક કહેછે,

फांट —ઔષધના ચાર તોલાના ચુર્ણને માટીના વાસણમાં નાંખી તેમાં સોળતોલા ઉનું પાણીરેડી પછી તેગાળી લેવું એ ગાળેલ ચુર્ણનું પાણી ફાંટ કહેવાયછે

हीम....ચાર તોલા ઔષધને સારી રિતે ખાંડી અથવા વાટી ચોવિશ તોલા પાણીમાં આખી રાત્રિપલાળી પ્રાતઃકાળમાં તેપાણી ગાળી લેવું આ રિતીથી કરેલ ઔષધને હીમકહેછે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# देशी दवानां तोल मापनां कोष्टकां

ચોખાપુરથી ૧ તોલા સુધીનું કોષ્ટક.. ૧

ગુજરાતમાં ચાલતું.

| | | |
|---|---|---|
| ૬....ચોખાભારની | = | ૧....રતિ |
| ૩....રતિ નો | = | ૧...વાલ |
| ૧૬....વાલ નો | = | ૧....ગદિઆણો |
| ૨....ગદિઆણાનો | = | ૧...તોલો |

કોષ્ટક—૨જુ

| | | |
|---|---|---|
| ૨ા...તોલાનો | = | ૧....આંસ |
| ૧....વાલના | = | ૬....ગ્રેન |
| ૧....રતિના | = | ૨....ગ્રેન |

* * * * *

તોલના માપનું કોષ્ટક....૩

॥ श्लोक ॥

दशार्द्ध गुञ्जं प्रवदंति माष ।

माषाह्वयैः शोडश भिश्चकर्षं ।

कर्षाःश्चतुर्भिश्च पलंतुलाज्ञाः ।

कर्षं सुवर्णस्य सुवर्ण सर्ज्ञ ॥ १ ॥

અર્થ...પાંચ ચનોખડીનો એક માસો અને શોળ માસાનો એક કર્ષ. અને ચાર કર્ષનો એક પલ, તથા એક કર્ષ સુવર્ણને સુવર્ણ સંજ્ઞા કહેછે.

* * * * *

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઇંગ્રેજી દવાના તોલ માપનાં કોષ્ટક.

### કોષ્ટક ૧લું

૨૦....ગ્રેનનું = ૧....સ્ક્રુપલ
૩....સ્ક્રુપલનો = ૧....ડ્રામ
૮....ડ્રામનો = ....ઔંસ
૧૨....ઔંસનો = ૧....પૌંડ

### કોષ્ટક....૨

૧....ગ્રેનનો = શુમારે ૧....ઘઉંભાર
૬૦....ગ્રેનનો = ૧..ડ્રામ
૧૬....ઔંસનો = ૧....પૌંડ અથવા ૧ રતલ સુમારે ૩૯ તોલા

* * * * *

## પ્રવાહી પદાર્થ માપવાના તોલનું કોષ્ટક

### કોષ્ટક—૧લું

૧....મીનીમનું = ૧....ટીપું
૬૦....મીનીમનો = ૧....ડ્રામ
૮....ડ્રામનો = ૧....ઔંસ
૧૬....ઔંસનો = ૧....પૌંડ
૨૦....ઔંસનો = ૧....પાઇન્ટ
૮....પાઇન્ટનો = ૧....ગ્યાલન

### કોષ્ટક—૨ જું

૨....પૈંટનો = ૧....કવાર્ટ
૪....કવાર્ટનો = ૧....ગ્યાલન
૪૨....ગ્યાલનનો = ૧....તી[illegible]

For Private and Personal Use Only

| | | |
|---|---|---|
| ૬૩...આલનનો | = | ૧...હાગઝેટ |
| ૮૪...ઉચાલનનો | = | ૧...પંચન |
| ૨...હાગઝેટનો | = | ૧...પૈંપ અ૦ બાટ |
| ૨...પૈંપનો | = | ૧...ટન |

---

**હરામી લોકનાં કુવચન સાંખી પ્રભુ આશ્રયે ગ્રંથ પુરો કર્યો તે વિષે.**

રહેલ દોઢ વર્ષ હું જ * કુસ્થળી પુરી વિષે,
તદા હરામિ દુષ્ટ લોક કાર્ય શું! કહી હિસે,
વદે અરિષ્ટ લોક તોય ટેક ગ્રંથમાં ધર્યો,
અહો કૃપાળુ દેવ તું કૃપા થકી પુરો કર્યો— ૧

---

**આશ્રય લિધેલા ગ્રંથની અનુક્રમાણિકા ને ગ્રંથ પુરો કર્યાની જન્મગાંડ.**

ઘણા ગ્રંથ આશ્રય થકી, રચ્યો ગ્રંથ આ રીત્ય
સુશ્રુત, ભાવ પ્રકાશને, હારિત, પેખિ પવિત્ર... ૧
શારંગ ધરની, સંહિતા, વળી પરાસર પાઠ
ભાળ્યો અગ્નિ વેશને, શીવ શંહિતા ઠાઠ.... ૨
કાશિરાજ્ય ધન્વંતરી. હશરાજ્ય સુખકાર
વૈદામૃત, ને વાગભટ, લિધો સર્વ આધાર— ૩
નિદાન મુહાધવ મ્હાનિધી. બિજા ગ્રંથની બૂજ
કરી કસોટી આ રચ્યો, ગ્રંથ જ્ઞાન [illegible] ગુંજ— ૪

---

* કુકણાં...ઓખાબદ તાલુકાનું ગામ [illegible] નદીને કાંઠે આવેલું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ ઘણા ગ્રંથો અને, ગુરૂ પાસે લઈ જ્ઞાન
વંદ ☆ મિટિગે મિશ્ર થઈ, લખ્યો ગ્રંથ અવસાન— ૫
વળી યોગિ યતિ પાસથી. સુભ સારદ કિધ શોધ
ગુર્જરિ ભાષા દાખવી, થવા બાળને બોધ.... ૬
પૂર્વ ખંડ સરખંડમાં, ભરતખંડ પ્રખ્યાત
વળિ તેમાં પણ શ્રેષ્ટ છે. સર્વ થકો ગુજરાત.... ૭
છે તેના મધ્ય ભાગમાં. કૃષ્ણપુરી સુખધામ
ઝટ સંસાર તરી શકે, લેતાં તેનું નામ— ૭
ત્યાં માળવિ શ્રીગોડમાં, વિદ્યારામ તનૂજ
મોદગલશ્યજ ગોત્રમાં, પેખ્યુ પર્વ ⁝ ત્રિનૂજ ૯
સુભ શાખા માધ્યન્દિની, ભાઈશંકર નિજ નામ;
પરોપકારી પક્ષનું, કરે સર્વથા કામ. ૧૦
કિંકર સહુ કવિજન તણો, મદ મસ્તાને નર્મ;
અમક ઝમક વસુ ભેદનો. તે ન લહે કંઈ મર્મ, ૧૧
સન અરાઢ અઠ્ઠાણુમાં, તારિખ ત્રીસ વિચાર;
સુભ મ્હિને સપ્ટેમ્બરે, શુક્રવાર જ્યાં સાર. ૧૨
ગ્રંથ પુર્ણ તે દિન કર્યો, ધન્ય ઘટી. પળ તેહ.
જય મ્હાલક્ષ્મી માત જય. સોંપિ તુને આ દેહ, ૧૩
કૃપાસિંધુ છો સરસ્વતી, મમમાયા મહારૂપ;
જગત જનેતા ઇશ્વરી, દિવ્ય તેજ તદરૂપ.... ૧૪
પદ દાર્શાંત છો પદ્મણી ચિન્હ પુર્ણ અભિધાન;
-હસ્ત દિવ્ય જાણુ નહીં, માફ બજો અવજ્ઞાન. ૧૫
કરો કૃપા કેશ્વરી. બ્રહ્મ સુતા હર ભ્રાંત;

= સમ્રાજ્યમાં ⁝ ત્રીપર્વ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશ્રય આપી દાસને, કરો માતજી શાંત, ૧૬
અધિક માતશું હું લખું, લબાડમાં લેવાઉં,
કલ્પતરૂ કલ્યાણિ હે; તુજ આશિ ફળ ચાઉં. ૧૭
ઘટિ ઘટિ મા તુજને જપે, સનેહિ હાથ આ દાસ,
તુજ કૃપાથે મા મને, પ્રગટયુ જ્ઞાન પ્રકાશ, ૧૮

इतिश्रि कृष्णपूर निवाशी० विद्याराम तनुजनुषा कवि भाइशंकर पाण्डित विरचिते **आयुर्वेदादित्य** ग्रंथे कालगति विवेचन रोग विनाशक जंत्र, वशीकर्ण जंत्र. दुःखहारक जंत्र, मनुष्य बल वर्धक जंत्र, खेलजीतक जंत्र. भयहरणं जंत्र, विष विडारण जंत्र, प्रसुती करनारो जंत्र. ज्ञानवर्धक जंत्र. त्रतियज्वरहारक जंत्र. पुत्र प्राप्तकर जंत्र; शत्रूविनाशक जंत्र; गर्भापिडा हर जंत्र; पर प्रिती मेलक जंत्र, भय विडारण जंत्र, धान्य वर्धक जंत्र, हिंदमां शौर्य शाव घता, धातू तथा मारणाविधी चंत्रज्ञान, औषधोनां भिन्य रूप, देशी तथा इंग्रेजी दवानां तोल मापनां कोष्टको, ने ग्रंथ अंत सूची आदि वर्णननां नाम चतुर्थ प्रकाश संपुर्ण ॥ तथास्तू ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( મનહર છંદ )

ચણ્યા ગ્રંથ પુર્વે કાળે, પૂરણ કીધેલ છતાં,
વૈદ વિદ્યા સદા કાળ, માનેલી અમાપ છે,
ભિન્ન ભિન્ન ભેદ કળા -હૃદયમાં ધરી માટે,
વેદ પરમેશ રૂપ. અખંડિત આપ છે,
સગાં સહોદર બિજાં, જુઠું રૂપે લહ્યાં તદા,
વૈદ બધા વિશ્વ તણો, જાહેર માબાપ છે;
આઇશાલ ભવિષ્યનું, થવાનું ઉચ્ચારે તેથી'
વૈદ પ્રફૂલિત કળા, સદગૂણ ખાપછે. ૧

સમાપ્ત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# कठण शब्दनो कोष

કપિજીત = વાવંડિંગ
કુંડલી = ગળો
કટ = કડુ
કદલીફળ = કેળાં
કનકબીજ = ધતુરાનાં બીજ
કાકડી = કમળ કાકડી
કોવિદાર = ગરમાળો
કોલક = બોર
કિંસુબીજ = ખાખરાનાં બીજ
કકોટિકા = કંકોડી
કસેરું = કપુરકાચલી
કોસાતકી ફળ = ગલકું
કર્ણિકા = કરેણુ
કલિંગ = ઇંદ્રજવ
કુશ = દાભ
કુષ્ટ = ઉપલેટ
કૂટજ = કમળ
કણા = પિંપર
કટુરોહણી = કડુ
કટુવંદ્રાવન = ઇંદ્રવરણી
કેશુડાં = ખાખરનાંફુલ
કળી = કળીચુનો
કુટત્વક= ઇંદ્રજવના ઝાડની છાલ
કળશી = પુષ્ટિ પર્ણિ
કતૃણ = રોહિષ ઘાસ
ગળજીભી = ભોંયપાથરી
ગોમથી = ગાયનાદૂધનો મઠો
ગુગ્ગુલ = ગુગળ
ગવાદની = ચારોળી
ગંધ = ગંધક
ગુંજા = ચણોઠી
ગંદુપડી = ગોંધારી
ગુદભ્રંશ = આંમણ
ગ્રથિક = ગંઠોડા. પીપરી મૂળ
ગ્રંન્થા = સંખાવળી
ગડૂચી = ગળો
ગજ ચપળા = ગજ પિંપર
ગરમ શિંગ=ગરમાળાની શિંગ
ચપળા = પિંપર
ચવ્ય = ચવક
ચિંચણીત્વક=આંબલીની છાલ
ચતુરમ્લ = અમલ વેદ કોકમ, મોટું લાંબું લિંબુ ને, ગોળ ખાટું લિંબુ
ચિત્રક મૂળ = રાતો ખેર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોગ્રગંન્ધા = વજ

ચતુરૂષણુ=સુંઠ.મરી પિંપરીમૂળ

ચષ્ક = છ સંજ્ઞા

જવરાદિ = જ્વર વીગેરે

જાતિ = જાયફળ

જેઠિ = જેઠિમધ

જાતિફળ = જાયફળ

જળપ્રમેહ=પાણીના જેવો પ્રમેહ

જન્મ = એક સંજ્ઞા

જાઇદલ = જાઈના પાન

જાજ્ય = જીરૂં

( અ ) જમોદક = અજમોદ

તદ્રુદ્રયાઘ્રી = રિંગણી

ત્વક =તજ, છાલી

તમાલ દલ = તમાલ પત્ર

ત્રિવિશ્વા = નસોતર

તુમ્બરૂ = ધાણા

ત્રિક = કટીના છેડાનો ભાગ

લવણુ = સિંધાલુણુ, સંચળ ને બિડલવણુ

ત્રિકટૂ = સુંઠ, પિંપર, ને મરી

ત્રિવૃતા = નસોતર.

ત્ર્યુષણુ = સુંઠ, મરી, ને પિંપર

ત્રીજાત = તજ, એલચી, ને તમાલપત્ર

ત્રિમાસા = ત્રણ માસા

તણ્ડુલપય = ચોખાનું ધોવરામણુ

તક્રપ્રમેહ = છાશ જેવો પ્રમેહ

તુથ્ય = મોર થુથુ

તિથી = પંદર સંજ્ઞા

ત્રિકંટ = ગોખરૂં

દ્રોણ = એક હજાર ચોવીસ તોલાના માપને

દિશા = દશ સંજ્ઞા

દ્વિદારૂ = દેવદારને સરળ દેવદાર

દાર્વિ = દારૂ હળદર

દશમુળ = બીલી, શીવણુ, કાંકચ, અરણી, અરલૂ, શમેરવો, ગંધિ સમરવો, ઉભી રિંગણી; બેઠી રિંગણી ને ગોખરૂ.

દન્તી = દાંતી મૂળ

દધીરસ = છાસ

દૂવા = દરો

દ્રવંતી = ઉંદર કની

દ્વિજીરૂ = જીરૂ ને સ્હાજીરૂં

દ્વિક્ષાર = સાજી ખારને જવખાર

દ્વિખેર = શ્વેતખેરને શ્યામખેર

દિપ્યા = અજમોદ

ધવા = ધાવડો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાતું ક્ષિક = હિરાકશી
ધાત્ર = આમળાં
ધમાસ = ધમાસો
ધના = મોથ
ધાતુકિ = ધાવડીનાં ફુલ
ધન્વ = ધમાસો
ધન્વયાશ = ધમાસો
ધાન્યપંચક = ધાણા મોથ સુંઠ બાળ બિલી, ને વિરણ વાળો
ધાન્ય = ધાણા
દ્વિંયાગ્રયાગ્નિ = બેઉ રિ ગણીને ચિત્રક
નષ્ઠ = નકાર સંજ્ઞા
નિમ્બૂ = લિંબુ
નયન = બે સંજ્ઞા
નાડી = ત્રણ સંજ્ઞા
નિરસહ્યહકવાથે = પાણી સાથે એ કવાથે
નાગફેનવિષ = અફીણનું ઝેર
નેઠ = સત્ય
નવનીત = માંખણ
નિમ્બદલ = લિંબડાનાં પાન
નિવડુંગ = થોર
નિશા = હળદર, રાત્રી

પુષ્કળ મૂળ = એરંડાનું મુળ
પ્લીહા = બરોળ
પુંજ = ઢગલો
પિચુમન્દ પત્ર = લીંબડાનાં પાન
પ્યાજ = ડુંગળી
પત્રદ્ધી = તાલિસ પત્રને તમાલપત્ર
પિલ્લુપર્ણિ = મોરવેલ
પંચજીરક = જીરૂં સ્હાજીરૂં કાળી જીરી. યવાન, ને અજમોદ
પક્ષપ્રકુંચક = એક પાસું સંકોચઇ જવાનો વાયુનો રોગ
પંચલવણ = મીઠું. બિડલવણ ટંકણ ખાર, સિંધાલણ, સંચળ
પ્રૌઢા = કામથી અંધ ભરપુર જુવાની વાળી અને પતીને દબાવનારી જે સ્ત્રી તે પ્રૌઢા કહેવાયછે
પારદ = પારો
પથ્યા = હરડે
પુતના = ચાર આંસ વાળી હરડે
પંચકોલ = પિંપર. પિંપરીમુળ, ચવક, ચિત્રો ને સુંઠ
પંચામ્લ = અમલવેદ કોકમ, મોટું લાંબુ લીંબુ. નાનું ખાટું લીંબુ ને બિજોરૂં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પત્ર = તમાલપત્ર
પાઠા = પાઠ મૂળ
પાટલા = પાડળ
પુયપ્રમેહ = પરૂ જેવો પ્રમેહ
પુષ્કર = પુષ્કળ મૂળ
પિન્સ = છોડ નામનો રોગ
પુનર્નવા = સાટોડી
પિંપરિમુળ = ગંઠોડા
પાદવ્રણ = પગનુંફાટવું, વૈઢ
પર્પટા = ધાસિઓને ખડસલિઓ
પિત્તપાપડો
પર્પટી = પિત્તપાપડો
પંચદળ = ત્રિકટૂનુદલ, અખો
ડદલ ગેલફળનુદલ હરડેદલ. ને
અભેદદળ.
પદ્મ = પદ્મક
પુવાડિઆ = કુવાડિઆ
પ્રિયગૂંના ધાણ
પલાંણ્ડું = ડુંગળી
ફણિધર કેસર = નાગકેસર
બસ્તમુત્ર = બોકડાનુ મુત્ર
બૃહતપંચમુળ = બિલી, સીવ
ણ; કાંકચ; અરણી; ને અરલુ
બીડલખાર = બીડલવણ
બેઉમુશળી = કાળીમુશળી ને
શ્વેતમુશળી
બ્રહ્મલાખ = પિપળાનીલાખ
બલા = બળબીજ, કાંસકી
બેમુળ = પુષ્કળમુળનેબિલી
બાલક = વિરણ વાળો
બિલ્વ = બિલું
બીજપ્રપુરસ્ય = બીજોરૂ
ભક્તિ = નવસંજ્ઞા
ભૃંગરાજ = ભાંગરો
ભ ૦વી = ભઇશંકર વિદ્યારામ
( કવિનુ નામછે )
ભોંયકંદ = ભોંયકહોળુ
ભુમી - એકસંજ્ઞા
ભુજ = બેસંજ્ઞા
ભુવન = ત્રણસંજ્ઞા
ભાર્ગી = ભારંગ
ભાનુ = બારસંજ્ઞા
ભ.ઉ = ભિલામા
ભુનિમ્બ = કરિઆતું
મુત્રગૃહ = પેસાબનો અટકાવ
મધૂ = મદ
મગધજા - પિંપર
મોક્ષકવૃક્ષ - ઘંટા પાતલી
મન્થવૃક્ષ - અરડૂસી
મગધામુળ-પિંપરીમુળ ગંઠોડા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માક્ષિક --હિરાકસી
મુશક લિંડી- ઉંદરની લિંડી
મદ્ય- દારૂ આસવ, સોમવલ્લિરસ
મોચરસ -શેમળાનો ગુંદર
મધૂપુષ્પ - મહુડાં
મુસ્તા - મોથ
મુદગપર્ણિ - જંગલી મગ
માષપર્ણિ - જંગલી અડદ
માગધી - પિંપર
મુની - સાત સંજ્ઞા
મંદા- ઉપલેટ
મંત્રી - ત્રિમત
મરહટ્ટિ - ગજ પિંપર
માષ - અડદ
નિમક - મિઠું
મુર્વા - મોરવેલ
મધુક - જેઠિમધ
મૃદ્રિકા - દ્રાક્ષ
મનઃશીલા - મનશીલ
મેથ = મોથ
મુંડી બોડિઓ કલાર
યકૃત=-હૃદયમાં જે ગુલ્મ થાયછે તે
યવાનિકા-=જવાની અજમો
યક્ષકર્દમ = કેસર, અગર કસ્તુરી ને શ્વેત ચંદન

યૂતા = જાવંત્રી
યૂષ = ચોખાનું ધોવરામણ, કેનરી.
યક્ષ = ચૌદ સંજ્ઞા
રોધ્ર = લોદર
રસ = પારો
ૠતુ = છ સંજ્ઞા
-હૃદય રોગ = છાતીના રોગ
રસોન = લસણ
રૂદ્ર = અગિઆર સંખ્યા
રસાતલ = હડતાલ
રૂણા = મજીઠ
રૂચક = સંચળ
રક્તકરેણી = રાતિ કરણ
લૂતા = કરોળીઆ નામનોરોગ
લઘુ પંચ મુળ = સમેરવો, ગંધિ સમેરવો ઉભી ભોરિંગણી, બેઠી ભોરિંગણી ને ગોખરૂં.
લવણ પ્રમેહ =ખારો પ્રમેહ
લોહકિટ = મંડુર
લવણ = મિઠું
વેતસ = અમ્લ વેતસ
વસુમતિ = ખજુરી
વેણું = વાંસ
વરૂણત્વક = વાયવારનાની છાલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃષરસ = અરડુસોના પંચાંગનો રસ
વાલ કોપરી = વાળો
વન્હી = ત્રણ સંજ્ઞા
વગ = કલ્હઈ
વેદ = ચાર સંજ્ઞા
વિડંગા = વાવડિંગ
વૈદમાતા = અરડુશી
વસ્તકાની = કડાછાલ
વિષ = વછનાગી
વિદારિકા = શિવેણી
વચેન્દ્રા = વજ
વસૂ આઠની સંજ્ઞા
વર્તા = બિજોરાનું મુળ
વિશાલા = ઇંદ્રિ વારૂણી
વ્યોસ = સુંઠ, પિંપર, ને મરી
વેલ્લા = વાવડિંગ
વન્ધ્યા કર્કોટિકા મુળ - વાંઝણી કકોડીનું મુળ
વચા - વજ
વિશર્પ - રતવા નામનો રોગ
વિશાખા - સાટોડી
વટ - વડ
વૃકી - પાઠ મુળ
વિષૂચિકા = મુર્છા ન ામનો રોગ
વર્જ્રચૂર્ણ - લોહ ચુર્ણ

સવાંસકા - અરડુસો
શિરીષ - સરસ વૃક્ષ
શ્રંગી - કાકડશિંગી
ષટપણ - સુંઠ, પિપર, પિંપરી મુળ, ચવક, ચિત્રો, ને મરી.
ક્ષારત્રય - સાજીખાર, જવખાર ને ટંકણ ખાર.
ક્ષારાષ્ટક - ખાખરનો ખાર' થોરનો ખાર, અંઘેડાનો ખાર, આંબલીનોખાર, આકડાનો ખાર. તલનો ખાર' જવ ખાર ને સાજીખાર.
સુવર્ણમાંક્ષિક=ડબડીસોનામુખી
ક્ષિપ = કાચફળ
સોનાકૃતી = સોનાગેરૂ
શશી = એક સંજ્ઞા
સર્કરા = શાકર
સકર = શાકર
સુરભીમંથી= ગાયદુગ્ધની છાસ
શાલ્મલી = શાલી વૃક્ષ
શુલ્વ = હરડે. બેહેડાં, આમળાં
શાલ્મલી મૂળ=શીમળાનું મુળ
સુરસા = તુળશી
શર્કરા પ્રમેહ = રેતી જેવો પ્રમેહ
સુવર્ચલ = સંચાળ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શષ્ટ = છ સંજ્ઞા
શણુગાર = શોળ સજ્ઞાં
શક્કર = શાકર
ષદ = વજ
સખપુષ્પી = સખાવળી
શુર્ય ખાર = સુરોખાર
શિધ્રરસ = સરગુવાનો રસ
શ્રીપર્ણિ = શી વેણુ
સતપુષ્પા = સુવા
સઠી = સડક ચુરો
સર્જ = રાળ
સબરસ = મીંઠુ
ક્ષુદ્રા યુગ = ઉભી રીંગણી બેઠી રિંગણી
સિતા = શ્વેત દુર્વા, શાકર
શીવા = હરડે
સિતાઢય = શાકર
શિલાજતૂ = શિલાજીત
શિલાભેદ = પાષાણુ ભેદ
શુત્કા = ધોળા દિવેલાનુ મુળ
સુઠી સુઠ
શુક્ર પ્રમેહ = વિર્ય જેવો પ્રમેહ
સબિહ્વ બાળક – પિળો વિરણુ વાળો
હંસિકા – રિંગણી

હારિદ્રા = હળદર
હિંગુ = હિંગ
હેમબીજ – ધંતુરાના બીજ
હસપાક = હિંગળોક
હેમરસ – ધતુરાના પાનનો રસ
હૃત્સ્વરાર્તા – હૃદયરોગ, ને સ્વર ભેદ રોગ.
હેમમાંક્ષિકા = સુવર્ણમાંક્ષિકા
હરિચંદન – પિળુ ચંદન
હિસ્રા = જટામાંશી
અર્ધપલ – બે તોલા
અસુમતી – શાલવણ
અશ્ટક વર્ગ = જીવક, રૂષભ, મેદા, મહામેદા, કાકોલી, ઋદ્ધિ ને વૃદ્ધિ.
અષ્ટગંધ = શ્વેત ચંદન, કસ્તુરી ગોરોચન. કેસર, અગર, દેવદાર તગર, કૃષ્ણાગુરૂ
આમલકીશુક=આમળાનાં બીજ
અબ્ધિચુર્ણ = સમુદ્રફીણનુ ચુર્ણ
આર્દ્રરસ = આદાનો રસ
અર્કમુળ = આકડાનુ મુળ
અહિવલ્લી = નાગરવેલ
અષ્ટ = આઠ
અર્જુનવૃક્ષ = સાદડ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશ્વગંધ = આસન

આનુપ = પાણી થાય પ્રદેશ.

અગસ્ત પત્ર રસ - અગથીઆના
પાનનો રસ.

અમગા = રિશામણી, લાજાળુ.

અરલુ = અરડુસો

અરવિંદ = કમળ

એલાદલ = ગળીનાં પાન

એલવાલુક = કપુર કાચલી

આરગ્વધ ફળ ગર્ભ - ગરમાળા
ની શિંગનો ગર્ભ

અગ્નિમંથ - અરણી

અર્કદિદા - સુર્યના તાપથી નહીં

અપસ્માર - ફેફરૂ નામનો રોગ

એકપલ - ચાર તોલા

અર્કપત્રરસ—આકડાનાપાનનોરસ

અક્ષ = બહેડાં

આમ્રબીજ - કેરીની ગોટલી

અશ્વગંધા - આસોંદ

આદમાન—પેટના આંફરાનો રોગ

ઓદુમ્બર - ઉમરડો

અર્કદલ - આકડાનાંપાન

એલા = એલચી

આગુરૂ - અગર

ઇસબ ગોળ - ઓથમીજીરૂં

ઇંદ્રયવા = ઇંદ્રજવ

ઇક્ષુરસ - સેરડીનો રસ

ઇત્યાદી - એ સિવાય

ઇંદ્ર - ઇંદ્રજવ

ઉશીર - કાળો વિગણુ વાળો

ઉદગાર - ઓડકાર

ઉદિચ્ય - વાળો

ઉત્પલ - કમળ

ઉંબર - ઉંમરડો

ટેંટુ - અરલુ

જીવ નિય ગણ - જીવક રૂષભ,
મેદા મહામેદા કાકોલી ક્ષિરકાકો
લી ઋદ્ધિ વૃદ્ધિ, જેઠિમધ, ખર
ખોડી જંગલીમગ જંગલીઅડદ.

જાન્હવ - રસાંજન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આ પુસ્તકના અગાઉથી આશ્રયદાતાઓની અમર નામાવળી.

દોહરો

મહુત કાવ્ય ગણનાકરી, આશ્રયજેણે દીધ,
લેરા સજ્જન સર્વ ને, પ્રગટ પત્રમાં કીધ ૧

---

**કાવીઠા**

૧- રા. રા. જમનાદાસ નાગરદાસ શાહ
૧-રા. રા. રતનચંદ લાધાજી શાહ
૧- રા. રા. ઝવેરચંદ ભગવાનચંદ શાહ
૧- પા ભાઇલાલભાઈ મુળજીભાઇ
૧ - પા, ડાહ્યાભાઇ મથુરભાઇ
૧ - પા. ભાઇલાલભાઇ જેશંગભાઇ મુખી
૧ - પા. ભાઇલાલભાઇ ઇચ્છાભાઇ
૧ - પા. પરભુદાસ જોરાભાઇ
૧ - પા. નાથાભાઇ આતમભાઈ
૧-રા. જોશી ભાઇશંકર રેવાશંકર ઉપાધ્યાય
૧- રા. રા. પા. શંકરભાઈ ભુલાભાઇ માસ્તર
૧- ” પરભુલાલ મયારામ પંડિત
૧- ” ફુલશંકર જયશંકર. ઉપાધ્યાય

**સીસરડા**

૧- ” લલ્લુભાઇ વિશ્વનાથ પંડિત

**આસી**

૧- ” ભાઇશંકર કિરપાશંકર માસ્તર

**સંદેસર**

૧- ” પા. ઝવેરભાઇ કાળિદાસ મુખી

**વહેરા**

૧- રા. રા, ભાઇશંકર વેણિરામ જોશી

**પેટલાદ**

૫-હિંદરત્ન દિ. બા. મણીભાઈ જશભાઈ
માજી દીવાન સાહેબ રાજ્ય વડોદરા
૪- વૈદશાસ્ત્રિ પરભાશંકર આશારામ
૪- રા. રા. પંડિત ગંગાશંકર મયારામ
૨- વૈદશાસ્ત્રિ ચુનિલાલ ગંગાશંકર પંડ્યા

૧- રા. રા, અંબાલાલ વેણિશંકર પંડ્યા
૧- ” અમીનભાઇ જમનાશંકર. આ. મા
૧- ” શા. અંબાલાલ હરગોવિંદદાસ સરાફ
૧- ” જદુનાથ માણેકલાલ શાહ

**લીંબડી**

૧૦- રા. બા, ઝવેરભાઇ નાથાભાઇ અમીન
દિવાન સાહેબ બાહાદૂર

**હૈદરાબાદ**

૫-રા. બા. આનંદશંકર શાંકળેશ્વર. એમ. એ
૩-ખા. બા. નવરોજી ખુરસેદજી એમ.
એ. એલ. એલ. બી
૧...વહોરા વલિભાઇ ઇબ્રાહિમ

**કચ્છ ભુજ**

૧૦-રા. બા. મોતિલાલ લાલભાઇ દિવાનસા.

**છોટાઉદેપુર**

૧૦-મહારાવશ્રી ફતેસિંહજી મોતી સિંહજી

**મુંબાઇ**

૮-રા. શેઠ ગોવરધનદાસ ગોકળદાસ તેજપાળ
૬- ” શેઠ ફીરોજશા જમસેદજી જીજીભાઇ
૧- ” ચંદુભાઇ શ્રીકૃષ્ણ બી. એ,

**પુના**

૧-શેઠ ફરદુનજી મનચેરજી દસ્તુર એમ. એ,

**રાળજ**

૨-શેઠ પેસ્તનજી ખુરસેદજી મોદી ઇનામદાર

**મોઠજાણા**

૩-રાણાશ્રી પ્રતાપસિંહજી બાપજી સ૦ બા૦

**વડોદરા**

૫૦ - શ્રીમંત ભારત માર્તંડ મ્હારાજા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધિરાજ શ્રી સયાજીરાવ મહારાજ
ગાયકવાડ સરકાર બાહાદુર

૪ –ખા. બા, જમસેદજી અરદેસર દલાલ એમ, એ, એલ, એલ, બી, વિદ્યાધિકારી

અમદાવાદ

૫– ,, નવનિધિરાય માધવરાવ. મામલતદાર

ખેડા

૧– રા. રા. ગોર શંકરભાઇ કાળિદાસ
૧– ,, ,, શિવશંકર ડાહ્યાભાઈ પંડ્યા
૧– ,, દામોદરદાસ કાળિદાસ દવે મ્યુ. કા.
૧– ,, ,, નાથાલાલ કાળીદાસ આ મા.
૧– ,, ,, મણીલાલ કેવળરામ પંડિત
૧ ,, ,, કેશવલાલ મુળજીભાઈ આ. મા,

આમરા

૨– વૈષ્ણવ સાધુ ભગવાનદાસ ગુરૂ બાળકદાસજી

[illegible]

૧– રા. રા. પા. કાશિભાઇ શંકરભાઇ મુખી
૧– ” ” મોતિલાલ [illegible] પારેખ
૧– ,, વખતરામ ભુલેશ્વર માસ્તર

રૂદેલ

૧– ,, ,, પરભાશંકર જ્યોતિકારામ દવે

સુણા

૧– ,, ,, પા, મણિભાઇ આશાભાઇ મુખી

બોરસદ

૧– ,, કેશવલાલ અજુભાઇ માતર સ, ઇ.
૧– ” છોટાલાલ કાળિદાસ ચિફ કા. સાહેબ
૧– ,, ડિસાભાઇ આશારામ ચિફ કા.
૧– વૈદશાસ્ત્રી કેશવલાલ કાળિદાસ
૧–,, ઓતમદાસ મથુરભાઇ હેડ-કા-સાહેબ
૧–પા, મુળજીભાઇ નાગરદાસ ચિ કા-કા,
૧– ,, ,, દયાશંકર ધર્મદાસ આ ક ઇ.
૧–મોદ મિયાંસાહેબજી [illegible] [illegible]
૧–સાધુ ગુલાબદાસજી ગુરૂ રાધિકાદાસજી

૧ ,, ,, પંડ્યા પુંજારામ દયારા,, તઃ
૧–લક્ષ્મીદાસ નારાયણદાસ તલાપા. છે

કપડવણજ , પા,

૧– ,, ,, ત્રવાડિ પરશોતમ વ્રજ ,, [illegible]

કણભા ,, પ

૧– ,, ભટ્ટ ભિખાભાઇ ગરબડદાસ

જંત્રાલ

૧– ,, ,, પા' ભાઇલાલભાઇ [illegible]

મહુધા

૧– ,, ગોર મગનલાલ [illegible]ભારામ ,,

બોચાસણ

૧– પા, હાથીભાઈ [illegible]ભાઇ [illegible]
૧– પા. હરિભાઇ વેણિદાસ
૧– ,, ,, જીવનભાઇ હકોચંદ [illegible]
૧– ,, ,, પા' ઝવેરભાઈ રણછો[illegible]
૧– ,, ,, ભક્ત વિશ્રામ [illegible]

નાંદોલ

૧– ,, ,, અંબાલાલ કુબેરજી

કેસરા

૧– ,, ,, નરમેરામ હરજીવનદાસ

વાંઠવાળી

૧– ,, ,, પા. પરસોતમ રણછોડદાસ

પીજ

૧– ,, ,, પા, વલભભાઇ મુરાર

વિરસદ

૧– રા રા પા, વલભભાઈ મહુરભા
૧– ,, ,, પા, મોતિભાઇ ઉમેદભાઇ
૧ ,, ,, ઠક્કર, ઠાકરદાસ ગિરધર
૧ ,, ,, પા. કહાનદાસ [illegible]ભાઇ

નડીઆદ

૨ ખા. બા. કર[illegible] રહેમ ના[illegible] બી. એ.
૧ ,, ,, માણેકલાલ કાળિદાસ ચિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દયાર્, તલાટી, નાથાલાલ બાપુજી
તલાટી. છોટાલાલ ખુશાલદાસ આ. મા.
, પા, લલુભાઈ રણછોડભાઇ માસ્તર
વજા ,, મણીલાલ છોટાલાલ શાહ
,, પા. શિવલાલ કાળિદાસ

**શેરખી**

રવિભાણ સંપ્રદાય ધર્માચાર્ય શ્રીમંત
સ્વામિશ્રી રાધિકાદાસજી રેવાદાસજી

**સરસવણી**

,, આ. મા. જાદવલાલ કાળુભાઇ

**સોનપઢ**

ઠાકર કાનજીભાઈ લવજીભાઇ સર.જેદાર

**ત્રાણુજા**

,, હરજીવન જાદવરામ વ્યાસ

**કઠાણા**

ઠાકોરશ્રી માવસંગજી અજુભાઇ
કુમારશ્રી સરદારસિંહજી મંબિરસિંહજી
કાળજીભાઇ બેચરભાઇ શોલંકી
,, રા, શાહ શંકરભાઇ ત્રિભોવનદાસ

ખાનગી કારભારી

,, ,, શા. લાલદાસ શિવલાલ તલાટી
પા. શિવાભાઇ માનસંગ
, , મોતીલાલ પિતાંમ્બરદાસ લુહાર
, ,, દામોદર શંકરભાઇ સુતાર
, ,, પરભાશંકર માવજી પંડ્યા
, , શા કસ્તુરભાઇ મથુરભાઈ
ઠાકરા અભરામ અલિભાઈ
,, ભાઇલાલ ગિરધરદાસ કલાલ
,, ઠકર ભાઇલાલ દલપત માસ્તર

**ખડોદી**

ગોસ્વાડિ પ્રાણલાલ રણછોડદાસ માસ્તર
,, જગન્નાથ અભેરામ. આ. મા,

**દેહેવાણ**

૧ ઠાકોર શ્રી મહેરામણસિંહજી ફતેસિંહજી
૧ ઠાકોરશ્રી ખુમાનસિંહજી ફતેસિંહજી સા
૧ ,, ,, નગરશેઠ મોતીચંદ ખુશાલચંદ
૧ ,, ,, દયાશંકર દાદાભાઇ કારભારિ સાહેબ
૧ ,, ,, માસ્તર કાળુભાઇ હરિવલ્લભભાઇ
૧ ,, ,, નાથાલાલ મોરારજી ઠકર,
૧ ,, ,, છગનલાલ અભેચંદ શાહ
૧ ,, ,, ઠકર આશારામ મોરારજી

**કનકાપુરા**

૧ ,, ,, અંબાલાલ મોતીરામ ત્રવાડી

**શેરડી**

૧ ઠાકોર શ્રી હરીશંગજી ભુપતસિંહજી

**પંપાળી**

૧ ,, ,, પા, ભાઇલાલ મગનભાઈ

**માણુજ**

૧ ,, ,, પા. ઉમેદભાઈ જુલાભાઇ

**ખંભાત**

૨૫ હિઝ હાઇનેસ પુનિત નેકનામદાર જાફરઅ-
લિખાંન સાહેબ નવાબ સરકાર બહાદુર
૧૦ રા બા, માધવલાલભાઇ હરીનારાયણ
પ્રજા પ્રિય દિવાન સાહેબ બહાદુર
૨ શાસ્ત્રિ ભાઇનારાયણ મગનલાલ
૧ ,, તલાટી હરીલાલ ત્રિભોવન
૧ ,, ,, ઝવેરીલાલમનસુખરામ ...નસ શાહ
૧ ,, વૈદશાસ્ત્રી પ્રાણશંકર ... મેતા
૧ વૈદશાસ્ત્રિ પુંજારામ ... ત્રિભોવનદાસ
૧ ડાક્ટર હિંમતલાલ ...તીરામ

કાળિદાસ

૧ ,, ,, હરજી... કાળુજી
નવંદદાસ બાઇશંકર માસ્તર
૧ ,, **નવાગામ**
માસ્તર દોલતરામ નૃસિંહરામ ભટ્ટ

**ગઢળી**

૧ વૈષ્ણવસાધુ રામપ્રસાદ ગુરૂબળદેવદાસજી

For Private and Personal Use Only

આણંદ
૧ " " મણીલાલ આદિત્યરામ ડોળીઆ
૧ " " પા, કીશોરભાઈ કુબેરભાઈ કૃ. આ
૧ " " ઉમીઆશંકર નારાયણજી
૧ " " રામચંદ્ર ભવાનીશંકર માસ્તર
બેટાશી
૧ " " ત્રીભોવનદાસ માધવદાસ ઠક્કર
૧ " " ઠાકોર શ્રી ઉજાણસીંહજી બાપુજી
નાપા
૧ " " " માસ્તર છબીલદાસ મકનજી
૧ ,, ,, ભોગીલાલ મોહોલાલ શાહ
ભાદરણ
૧ ,' ,, પા, ડાહ્યાભાઈ લાલાજી આ, માસ્તર
૧ ,, બાઈલાલભાઈ મોતીભાઇ આ, મા.
અલારસા
૧ ,, ,, માસ્તર હરિશંકર અમથારામ
પાદરા
૧ ,, છોટાલાલ ખુશાલદાસ ઠક્કર
અજાડ
૧ ,, ,, છગનલાલ વીઠ્ઠલદાસ ઠક્કર
૧ [illegible]શંકર અભેરામ જોશી
[illegible]
૧ " માસ્તર મણીશંકર દુલભરામ ડબાક
મોગરી
૧ ,, ,, નાથાલાલ ગરબડદાસ મેતા
૧ ,, , કેશવલાલ ત્રીભોવનદાસ ઠક્કર
૧ ,, ,, લલુભાઈ ગરબડદાસ ગોર
૧ ,, ,, ડાકર સોમેશ્વર બલુરામ
[illegible]
૧-,, જાની બાળાશંકર રણછોડભાઈ માસ્તર
૧ ,, પરોત કેશવલાલ વજેરામ માસ્તર
સોજીત્રા

૧ ,, પરસોતમ ડુંગરભાઈ બી નારાયણદાસ
૧ ,, નાથાભાઈ ઉમેદભાઈ બી, હાથીભાઈ
ગાજણા
૧ ,, ઠાકોરશ્રી હીમતસીંહજી રાયસીંહજી
૧ ,, પો. પ. દામોદરદાસ માવજીભાઈ ઠક્કર
સ્ટેટના પબ્લિક કારભારી સાહેબ
તારાપુર
૧ ', ,, નંદરામ વીઘારામ પંડયા
૧ ', ,, ગણપતરામ કેશવરામ પંડયા
મીતાણ
૪ જાડેજાશ્રી અમરસીંહજી રામાભાઈ સા.
ઉતેળીઆ
૧ કુમારશ્રી સુરસીંહજી સા, બાહાદુર
કોઠ
૫ ઠાકોરશ્રી અમરસંગજી અંદરસંગજી સા,
૫ ઠાકોરશ્રી ગમાનસંગજી બાધરસંગજી સા.
૨ ,, જીવાભાઈ હરિભાઈ કારભારી સાહેબ
૧ ,, સંપતરામ હિંમતરામ કારભારી સાહેબ
ગુંજી
૧ કુમાર શ્રી હિમતસિંહજી સા બાહાદુર
દસાડા
૧ કુમાર શ્રી જીમખાનજી સા, બાહાદુર
સિસવા
૧ ,, ', પા પરશોતમભાઇ શંકરભાઇ મા
માતર
૧ રા. સા, તનમણિશંકર રતનશંકર ત્રિવેદી
બિ. ગ્રે. મામલતદાર સાહેબ
વસો
૧ ,, ,, હરીશંકર રણછોડ મેતા ના. મા
બાડાશિનોર
૭-- નેક નામદાર નવાબ સરકાર બાહાદુર
૧ ,, [illegible] કારભારી સાહેબ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only